www.jayswaminarayan.org
www.bhujmandir.org



# શ્રી વ્યાસમુનિ વિરચિતઃ
# શ્રીમદ્ભાગવત મહાપુરાણ
## -ઃ દશમ સ્કંધ પૂર્વાર્ધ ઃ-
## અધ્યાય ૨૪
### શ્રીકૃષ્ણ ભગવાને કરાવેલો ગોવર્ધન મહોત્સવ.

॥ श्रीशुकउवाच ॥

भगवानपि तत्रैव बलदेवेन संयुतः । अपश्यन्निवसन् गोपानिंद्रयागकृतोद्यमान् ॥१॥

શુકદેવજી કહે છે- પછી બલરામની સાથે વ્રજમાં રહેતા ભગવાને એક દિવસ ગોવાળોને ઈંદ્રનો યજ્ઞ કરવાનો ઉદ્યમ કરતા જોયા.[૧] સર્વના આત્મા અને સર્વજ્ઞ ભગવાન પોતે જાણતા હતા તોપણ તેમણે નંદાદિક વૃદ્ધ ગોવાળોને નમ્રતાથી પૂછ્યું કે- હે પિતા ! આ તમો શું કરો છો ? તે મને કહો. આ કોઈ યજ્ઞને માટે ધામધૂમ હોય તો તેનું શું ફળ છે ? તેના દેવતા કોણ છે ? અને કયા સાધનથી તે યજ્ઞ થાય છે ? હે પિતા ! હું સાંભળવાને ઈચ્છુ છું, તો મને આ વાત કહો. તમને કોઈ મોટો મનોરથ દેખાય છે ? (નંદરાય કાંઈ બોલ્યા નહિ તોપણ ભગવાન કહે છે)સર્વ પદાર્થમાં આત્મદૃષ્ટિ રાખનાર સાધુ પુરૂષોને કાંઈ પણ ગુપ્ત રાખવા યોગ્ય હોતું નથી.[૨-૪] સાધુઓને મિત્ર, ઉદાસીન કે શત્રુ હોતો નથી. તેથી તેને પોતાનો કે પારકો એવી દૃષ્ટિ હોય જ નહીં. કદાચ ભેદ દૃષ્ટિ હોય તોપણ ઉદાસીનતાને શત્રુની પેઠે છોડી દેવી જોઈએ, પરંતુ જે મિત્ર હોય તેતો પોતા તુલ્ય જ છે, તેથી તેને વિચારમાં સાથે લેવો જ જોઈએ.[૫] માણસો સમજીને અને સમજ્યા વગર પણ કર્મ કરે છે. તેઓમાં સમજીને કર્મ કરનારને જેવી સિદ્ધિ થાય છે તેવી ગાડરીયા પ્રવાહની પેઠે સમજ્યા વિના કરનારને થતી નથી.[૬] પ્રથમ તો તમે આ જે ક્રિયા કરવાનું ધારો છો તે શાસ્ત્ર રીતિ પ્રમાણે છે, કે લોકની રીત પ્રમાણે છે ? આ વાત જે મેં પૂછી તેનો ઉત્તર તમો મને આપવાને યોગ્ય છો.[૭]

નંદરાય કહે છે- ઈંદ્ર મહારાજ મેઘરૂપ છે, કેમકે મેઘ તેમની પ્રિય મૂર્તિઓ છે, એ મેઘ પ્રાણીઓને તૃપ્તિ અને જીવન આપનાર જળને વરસાવે છે, માટે તે મેઘોના સ્વામી અને મહાસમર્થ ઈંદ્ર મહારાજનું અમે તથા બીજાં માણસો પણ ઈન્દ્રે વરસાવેલા જળ વડે તૈયાર થયેલા પદાર્થો વડે કરેલા યજ્ઞમાં પૂજન કરીએ છીએ, અને પૂજન કરતાં જે વધે છે તેથી ધર્મ, અર્થ અને કામની સિદ્ધિને માટે પોતાની આજીવિકા કલ્પીએ છીએ, એકલા ખેતી આદિ પુરૂષાર્થથી કાંઈ થતું નથી, મેઘ જ પુરૂષાર્થનું ફળ આપનાર છે.[૮-૧૦] આ ધર્મ જુની વૃદ્ધ પરંપરાથી ચાલ્યો આવે છે. તેને કામથી, લોભથી, ભયથી કે દ્વેષથી જે માણસ છોડી દે તેનું કલ્યાણ થાય નહિ.[૧૧] શુકદેવજી કહે છે- આ પ્રમાણે નંદરાયનું અને બીજા ગોવાળોનું વચન સાંભળી, શ્રીકૃષ્ણે માત્ર ઈંદ્રને ક્રોધ ચઢાવી તેનો ગર્વ ઉતારવા સારૂ નંદરાયને આ પ્રમાણે કહ્યું.[૧૨]

ભગવાન કહે છે- જીવ પોતાના કર્મથી જ જન્મે છે, મરે છે અને સુખ દુઃખ, ભય તથા કલ્યાણને પણ કર્મથી જ પામે છે. માટે દેવતાઓ કર્મના ફળ આપે છે એમ માનવું યોગ્ય નથી.[૧૩] પૂર્વ મીમાંસાની રીતી પ્રમાણે કર્મજ સીધે સીધું ફળ આપે છે, આવો નિશ્ચય છે, તેમાં વચ્ચે દેવોને લેવાની કોઈ જરૂર નથી. પણ કેટલાકના માનવા પ્રમાણે કોઈ દેવ, જીવોએ કરેલાં કર્મનાં ફળ આપે છે એમ ઘડી ભર સ્વીકારીએ, તોપણ દેવ કર્મોને પરતંત્ર થયા; કેમકે કર્મ કરનાર જેવું કર્મ કર્યું હશે તેવું ફળ તે આપી શકશે, પણ કર્મ નહિ કરે તેને તે કાંઈ પણ આપી શકવાના નથી.[૧૪] આ ઉપરથી આપોઆપ સિદ્ધ થાય છે કે ફળની સિદ્ધિતો કર્મથી જ છે, માટે દેવ કર્મને પરતંત્ર રહેવાને લીધે બકરીના ગળાના આંચળ જેવા વ્યર્થ છે, એમાં દેવનું કાંઈ કામ નથી. અહીં જે ઈંદ્ર પોતપોતાના કર્મોને અનુસરનારા પ્રાણીઓનાં પૂર્વજન્મના સંસ્કારે જ કરાવેલાં કર્મને ફેરવી નાખવાને અસમર્થ છે, એવા ઈન્દ્રનું શું કામ છે?[૧૫] લોકો પોતાના પૂર્વ સંસ્કારને આધિન હોવાથી તેને જ અનુસરે છે. અને દેવ, અસુર તથા મનુષ્યો સહિત આ સઘળું જગત્ પૂર્વસંસ્કારમાંજ રહેલું છે, માટે દેવો પણ પૂર્વ સંસ્કારને આધિન છે. કર્મની પ્રવૃત્તિ પણ સંસ્કારાધિન છે, તો તે પ્રવૃત્તિમાં અંતરયામી ઈશ્વરની પણ કોઈ અપેક્ષા નથી.[૧૬] પૂર્વસંસ્કારે થતું કર્મ જ સર્વેનું કારણ છે માટે કર્મને જ પૂજવું જોઈએ. જીવ કર્મથી જ ઉંચા નીચા દેહ પામીને પાછા કર્મથી જ તેઓને છોડી દે છે. ઈશ્વર છે એ પણ સર્વસ્વ કર્મ જ છે. પ્રથમ શત્રુ હોય અને પાછળથી મિત્ર જોયામાં આવે છે, અને પ્રથમ મિત્ર હોય અને પાછળથી ઉદાસીન જોયામાં આવે છે, એ પણ કર્મથી જ થાય છે. ઈશ્વર સર્વસ્વ કર્મ છે. માટે પૂર્વસંસ્કારને આધિન રહીને કર્મ કરનારાએ પોતાના કર્મનું જ પૂજન કરવું જોઈએ. દેવતાઓને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ કરવો. એ જ કર્મ છે. માટે દેવતાઓ વિના કર્મની સિદ્ધિ કેમ થશે ? એમ તમારા મનમાં હોય તોપણ તે દેવતાઓ કર્મના અંગભૂત ઠરે છે, પણ મુખ્ય તો કોઈ રીતે ઠરતા નથી. ઈશ્વરને કર્મનાં ફળ આપનાર સમજવામાં પણ ઉપર પ્રમાણે તેને કર્મમાં અંગપણું આવે છે. વાસ્તવિક વિચાર કરો

www.jayswaminarayan.org
www.bhujmandir.org

તો જેથી જેની આજીવિકા અનાયાસે ચાલે તે જ તેનો દેવતા કહેવાય.[૧૭-૧૮] જેમ વ્યભિચારી સ્ત્રી જાર પુરૂષને સેવવાથી કલ્યાણને પામે નહીં, તેમ જે માણસ એકે આપેલી આજીવિકા છોડી, બીજાનું સેવન કરે તે માણસ પણ તેને સેવવાથી સુખ પામેજ નહીં.[૧૯] બ્રાહ્મણે વેદાધ્યયનાદિકથી , ક્ષત્રિયે પૃથ્વીની રક્ષાથી, વૈશ્ય વાર્તાથી અને શુદ્રે દ્વિજ લોકોની સેવાથી વર્તવું જોઇએ.[૨૦] ઉપર જે વાર્તા નામની આજીવિકા કહી તેના ખેતી, વેપાર, ગાયોનું રક્ષણ અને વ્યાજ લેવું, આ ચાર પ્રકાર છે. તેઓમાં આપણી આજીવિકાતો ગાયોના રક્ષણથી નિરંતર ચાલે છે.[૨૧] પણ ગાયોની આજીવિકા ઈંદ્રને આધીન છે, એમ સમજવું નહીં, કેમકે સત્વ, રજ અને તમ એ ત્રણગુણ જગતની સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયના કારણરૂપ છે. અનેક પ્રકારવાળું જગત રજોગુણથી થયેલ સ્ત્રીપુરૂષના સંયોગથી ઉત્પન્ન થાય છે.[૨૨] વાદળાં રજોગુણની પ્રેરણાથી જ સર્વ સ્થળમાં પાણી વરસાવે છે. જો ઈંદ્ર વરસાવતો હોય તો સમુદ્ર શીલા અને ખારી ધરતી આદિમાં તે સમજુના હાથે મફતની વૃષ્ટિ ન થવી જોઇએ. આથી સિદ્ધ થાય છે કે સઘળી પ્રજા મેઘથી જ જીવે છે, તેમાં ઈંદ્રનું કશું કામ નથી.[૨૩] આપણને યોગક્ષેમને માટે પણ ઈંદ્રાદિક દેવતાઓની અપેક્ષા નથી, કેમકે આપણને દેશ, નગર, ગામડાં કે ઘર કાંઇ પણ નથી. આપણે તો વગડાઉ માણસ છીએ, અને નિરંતર વન તથા પર્વતોમાં જ રહીએ છીએ, માટે આપણું યોગક્ષેમ કરનારા દેવ તો વન અને પર્વતો જ છે. એટલા માટે ગાયો, બ્રાહ્મણો અને પર્વતોનો યજ્ઞ આરંભો. ઈંદ્રના યજ્ઞને માટે જે સામગ્રી ભેળી કરી છે, તે સામગ્રીથી આ યજ્ઞને સિદ્ધ કરો.[૨૪-૨૫] અનેક પ્રકારની રસોઇ કરાવો, લાપશી, માલપુવા, જલેબી, દૂધ, દહીં, દૂધપાક, દાળ આદિ સર્વે પદાર્થોને એકત્રિત કરો. અને વેદીઆ બ્રાહ્મણો પાસે અગ્નિઓમાં સારી રીતે હોમ કરાવો, અને તે બ્રાહ્મણોને ઘણા પ્રકારનું અન્ન, ગાયો તથા દક્ષિણા આપો.[૨૭] કૂતરાં, ચંડાળ અને પતિત પર્યંત બીજાં પ્રાણીઓને પણ યથાયોગ્ય રીતે અન્ન આપો, ગાયોને ઘાસ, પર્વતોને બલીદાન આપો.[૨૮] ત્યાર પછી શણગારેલી જમીનમાં ચંદનાદિકનાં લેપન કરી તથા સારાં સારાં વસ્ત્ર પહેરી, ગાયો, બ્રાહ્મણો, અગ્નિઓ અને પર્વતને પ્રદક્ષિણા કરો.[૨૯] હે પિતા ! આ પ્રમાણે મારો મત છે, તે જો તમને રૂચે તો કરો. ગાયો, બ્રાહ્મણો અને આ પર્વતોનો યજ્ઞ મને ઠીક લાગે છે.[૩૦] (આપ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને પિતા નંદરાયને કહ્યું.)

શુકદેવજી કહે છે- ઈંદ્રના ગર્વને નાશ કરવા ઈચ્છતા કાળરૂપ ભગવાનનું તે વચન સાંભળીને, નંદ આદિ ગોવાળોએ સારૂં સારૂં, એમ કહી તેનો સ્વીકાર કર્યો.[૩૧] જે પ્રમાણે ભગવાને કહ્યું તે પ્રમાણે સર્વે કર્યું, સ્વસ્તિવાચન કરાવી, ઈંદ્રના યજ્ઞના પદાર્થોથી પર્વત અને બ્રાહ્મણોને બલીદાન આપી, ગાયોને ઘાસ ખવરાવી તથા ગાયોના ધણને આગળ કરી, સર્વેલોકો ગોવર્ધન પર્વતને પ્રદક્ષિણા કરી.[૩૨-૩૩] ભગવાનના પરાક્રમોનું ગાયન કરતી ગોપીઓ અને ગોવાળો બળદગાડાંઓ ઉપર બેસીને પ્રદક્ષિણા કરી અને બ્રાહ્મણોના આશીર્વાદ લીધા.[૩૪] ગોવાળોને વિશ્વાસ આવે તેમાટે બીજું મોટું રૂપ ધરી 'હું પર્વત છું' એમ બોલતા ભગવાન ઘણું બલીદાન જમી ગયા.[૩૫] વ્રજના લોકો સાથે શ્રીકૃષ્ણ ભગવાન પણ અહો ! જુઓ ! આ પર્વતે મૂર્તિમાન થઈને આપણા પર અનુગ્રહ કર્યો. આ પર્વત પોતાનું અપમાન કરનાર વનવાસીઓને યથેષ્ટરૂપ ધરી મારી નાખે છે માટે આપણા અને ગાયોના કલ્યાણને અર્થે આને પણ આપણે પ્રણામ કરીએ એમ કહીને તે સર્વે મૂર્તિમાન શ્રીકૃષ્ણના બીજા સ્વરૂપને ગોવર્ધન માનીને પગે લાગ્યા.[૩૬-૩૭] ભગવાને પ્રેરેલા તે ગોવાળો આ પ્રમાણે પર્વત, ગાયો અને બ્રાહ્મણોના યજ્ઞને યથાર્થ રીતે સંપૂર્ણ કરી શ્રીકૃષ્ણની સાથે વ્રજમાં ગયા.[૩૮]

इत्यद्रिगोद्विजमखं वासुदेवप्रणोदिताः ॥ यथा विधाय ते गोपाः सहकृष्णा व्रजम् ययुः ॥३८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચોવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૫

## ગોકુળની રક્ષા માટે ગોવર્ધન પર્વતને ઉપાડતા ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

इंद्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप । गोपेभ्यः कृष्णनाथेभ्यो नंदादिभ्यश्चुकोप सः ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! તે સમયે ઈંદ્ર પોતાની પૂજાનો ભંગ થયો જાણી, નંદાદિક ગોવાળો કે જેઓના સ્વામી શ્રીકૃષ્ણ જ છે તેમના ઉપર કોપ કર્યો.[૧] ક્રોધે ભરાએલા ઈંદ્રે પ્રલય કરનારા મેઘના સાંવર્તક નામના ગણને વ્રજ ઉપર વરસવાની આજ્ઞા કરી, અને હું જ ઈશ્વર છું એવા ગર્વથી કહ્યું કે- "અહો ! વગડામાં રહેનારા ગોવાળો, કે જે મરી જનારા કૃષ્ણનો આશ્રય લઇ દેવોનું અપમાન કર્યું. તેને લક્ષ્મીનું કેવું અભિમાન આવ્યું છે એ તો જુઓ! ! ![૨-૩] જેમ યાજ્ઞિકો બ્રહ્મવિદ્યાનો ત્યાગ કરી નામ માત્રથી જ નૌકાની સમાન અને કેવળ ક્રિયામય એવા યજ્ઞનો આશ્રય કરી સંસારસાગરને તરવાની ઈચ્છા કરે છે. એ મૂઢ છે. તેમ બહુ બકનાર, પોતાને પંડિત માનનાર, બાળક, નમ્રતા વગરનો ઉદ્ધત ગોવાળીયો, જે શ્રીકૃષ્ણ મનુષ્ય છે તેનો આશ્રય લઈને, સુખી થવા ઈચ્છતા એવા મૂઢ ગોવાળો મારૂં અપ્રિય કર્યું છે.[૪-૫] લક્ષ્મીથી છકેલા અને કૃષ્ણે ચડાવેલા એ ગોવાળોની લક્ષ્મીના મદથી થયેલી અકડાઇને તોડી નાખો, અને પશુઓનો ક્ષય કરી નાખો.[૬] હું પણ ઐરાવત હાથી ઉપર બેસી, ભારે બળવાળા દેવતાઓના સૈન્યની સાથે તમારી પછવાડે જ વ્રજમાં આવું છું.[૭] આ પ્રમાણે ઈંદ્રે આજ્ઞા કરતાં બંધનમાંથી છુટેલા મેઘ ભારે જોરથી નંદરાયના ગોકુળને

www.jayswaminarayan.org www.bhujmandir.org

પીડવા લાગ્યા.[૮] વીજળી ઝબકવા લાગી, કડાકા અને ગર્જનાઓ થવા લાગી, તીવ્ર પવનોના ઝપાટાથી કરા પડવા લાગ્યા.[૯] વાદળાં સખ્ખત મુશળ જેવી ધારોઓથી વરસવા લાગ્યાં, તેથી જળથી ઢંકાવા માંડેલી પૃથ્વી ઉંચી કે નીચી દેખાતી ન હતી.[૧૦] અત્યંત વરસાદ અને પવનથી ધ્રુજતાં અને ટાઢથી પીડા પામતાં પશુ, ગોવાળો અને ગોપીઓ ભગવાનને શરણે ગયાં.[૧૧] વરસાદથી પીડાએલા અને ધ્રુજતા લોકો પોતાના નાના છોકરાંઓને શરીરથી ઢાંકીને ભગવાનના ચરણની પાસે આવ્યા અને કહ્યું કે- હે કૃષ્ણ ! હે ભક્તવત્સલ ! આપ કોપ પામેલા ઈંદ્રથી અમારૂં રક્ષણ કરો.[૧૨-૧૩] ભગવાન પણ પોતાના ગોકુળને વરસાદથી પીડા પામતું અને મૃતપ્રાય થયેલું જોઈને, આ કામ ઈંદ્રે જ કરેલું છે એમ જાણી ગયા.[૧૪] અમે યજ્ઞનો ભંગ કર્યો તેથી અમારો નાશ કરવા માટે ઋતુ વિના ઘણા પવનવાળી કરાની વૃષ્ટિ કરે છે, તો આ પ્રસંગમાં મારા યોગબળથી હું સારી રીતે રક્ષાનો ઉપાય કરીશ, અને મૂઢપણાથી લોકપાળપણાનું અભિમાન રાખનારા દેવતાઓના લક્ષ્મીના મદરૂપી અંધારાને હરી લઈશ.[૧૫-૧૬] સત્વગુણવાળા દેવતાઓને સમર્થપણાનું અભિમાન ન થવું જોઈએ, પણ થયું છે માટે તે દુષ્ટોનું માનભંગ કરીશ, એજ મારો તેના ઉપર અનુગ્રહ ગણાશે.[૧૭] એટલા માટે ગોકુળ કે જેનો સ્વામી હું જ છું, મેં ગ્રહણ કરેલું છે અને મારે જ શરણે છે તેથી શરણાગતનું રક્ષણ કરવું એ મારૂં બીરૂદ છે, તેથી કોઈ પણ ઉપાયે યોગબળથી તેનું રક્ષણ કરીશ.[૧૮] એમ કહી બાળક જેમ બિલાડીના ટોપને ઉખેડે તેમ, ભગવાને લીલા માત્રથી એક હાથવડે ગોવર્ધન પર્વતને ધરી લીધો.[૧૯] પછી ભગવાને કહ્યું કે- "હે માતા ! હે પિતા ! હે વ્રજવાસીઓ ! તમે ગાયોનાં ધણ સહિત આ પર્વતના તળીયામાં સુખેથી પ્રવેશ કરો.[૨૦] અહીં મારા હાથમાંથી પર્વત પડવાની બીક રાખશો નહીં, પવન અને વરસાદની બીક દૂર થઈ સમજો. મેં આ તમારા સારૂં રક્ષણ કર્યું છે"[૨૧] આ પ્રમાણે ભગવાને આશ્વાસન આપવાથી ધીરજવાળા થયેલા વ્રજવાસીઓ, ગાયો, ગાડાં અને અનુચરો સહિત સર્વે પર્વતના તળીયામાં પેઠાં.[૨૨] ભુખ તરસની પીડા તથા સુખની અપેક્ષા છોડી દઈને ગોવાળો જેમની સામું જોયા કરતા હતા, એવા ભગવાન સાત દિવસ સુધી પર્વત ધરી રહ્યા.[૨૩] આવું ભગવાનનું યોગબળ જોઈને બહુ જ વિસ્મય પામેલા, ગર્વ રહિત થયેલા અને જેનો સંકલ્પ ભાંગી ગયો છે એવા ઈંદ્રે પોતાના મેઘને વાર્યા.[૨૪] ગીરધારી ભગવાન આકાશને વાદળાં વિનાનું, સૂર્યના પ્રકાશવાળું જોઈને તેમજ ભયંકર વાયુ તથા વૃષ્ટિને શાંત થયેલી જોઈને કહેવા લાગ્યા કે- હે ગોવાળો ! હે ગોપીઓ ! ધણ અને બાળકો સહિત બહાર નીકળો. વાયુ અને વરસાદ શાંત થઈ ગયાં છે. અને નદીનાં જળ પણ ઘણાખરાં ઉતરી ગયાં છે.[૨૫-૨૬] પછી ગોવાળો, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો પોતપોતાની ગાયોનાં ધણ લઈને તથા સામાન ગાડાંઓમાં ભરીને બહાર નીકળ્યા.[૨૭] પછી શ્રીકૃષ્ણ ભગવાને સર્વ પ્રાણીઓના દેખતાં જ એ પર્વતને પ્રથમની પેઠે પૃથ્વી ઉપર સ્થિર કર્યો.[૨૮] પ્રેમના વેગથી ભરાયેલા વ્રજવાસીઓ યથાયોગ્ય ભગવાનને મળ્યા, અને ગોપીઓ સ્નેહ સહિત આનંદથી ભગવાનની દહીં, દુધાદિ ઉપચારો વડે પૂજા કરી તથા આશીર્વાદ આપ્યા.[૨૯] યશોદા, રોહિણી, નંદરાય અને બળદેવ તેઓ સ્નેહથી પરવશ થઈને ભગવાનનું આલિંગન કરી આશીર્વાદ આપ્યા.[૩૦] હે રાજા ! આકાશમાં દેવતાઓના ગણ, સાધ્ય, સિદ્ધ, ગંધર્વ અને ચારણો રાજી થઈને સ્તુતિ તથા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.[૩૧] સ્વર્ગમાં દેવોની આજ્ઞાથી શંખ અને દુંદુભિ વાગવા લાગ્યાં. તુંબરૂ આદિ ગંધર્વો ગાયન કરવા લાગ્યા.[૩૨] હે રાજા ! પછી સ્નેહવાળા ગોવાળોથી વીંટાએલા ભગવાન શ્રીકૃષ્ણ બળરામની સાથે પોતાના વ્રજમાં પધાર્યા. હૃદયમાં વસી ગયેલા ભગવાનના તેવા કર્મોનું ગાયન કરતી અને રાજી થતી ગોપીઓ પણ વ્રજમાં ગઈ.[૩૩]

ततोऽनुरक्तैः पशुपैः परिश्रितो राजन् स गोष्टं सबलो ऽव्रजद्धरिः । तथाविधान्यस्य कृतानि गोपिका गायंत्य ईयुर्मुदिता हृदिस्पृशः ॥३३॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પચીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૬

### ભગવાનનાં અદ્‌ભુત કર્મોથી વિસ્મય પામેલા ગોવાળો પ્રત્યે ગર્ગાચાર્યની ઉક્તિનું વર્ણન કરતા નંદરાય.

॥ श्रीशुकउवाच ॥

एवंविधानि कर्माणि गोपाः कृष्णस्य वीक्ष्य ते । अतद्वीर्यविदःप्रोचुःसमभ्येत्य सुविस्मिताः ॥१

શુકદેવજી કહે છે- હે રાજા ! શ્રીકૃષ્ણનાં આવાં પરાક્રમ જોઈને વિસ્મય પામેલા ગોવાળો, ભગવાનની પરમ શક્તિ નહિ જાણવાથી નંદરાયને કહેવા લાગ્યા કે- બાળકનું આ કર્તવ્ય અતિ અદ્‌ભૂત છે, માટે આપણા જેવા ગામડિયાને મધ્યે એ બાળકને ન ઘટે એવો જન્મ કેમ થયો હશે.[૧-૨] હાથી જેમ કમળને ધરી લે, તેમ સાત વર્ષની બાલ્યાવસ્થામાં આ બાળકે એકહાથવડે લીલા માત્રથી મોટો પર્વત કેમ ઉપાડ્યો હશે ?[૩] શરીરની યુવાનીને જેમ કાળ ગળી જાય, તેમ સૂતેલો આ બાળક મોટા બળવાળી પૂતનાના સ્તનપાનની સાથે તેના પ્રાણને પણ ગળી ગયો. ! !.[૪] ત્રણ મહિનાનો અને ગાડાં નીચે સૂતેલો આ બાળક રોઈને પોતાના પગ ઉંચા કરતાં ગાડું ઉંધું પાડ્યું ![૫] એક વર્ષની અવસ્થામાં આ બાળક બેઠેલ હતો ત્યાં તેને તૃણાવર્ત દૈત્ય આકાશ માર્ગે લઈ જતાં એ દૈત્યને ગળું પકડવાથી પરવશ કરીને આ બાળકે શી રીતે માર્યો હશે ?[૬] વળી કોઈ સમયે માખણની ચોરી કરતાં માતાએ ખાંડણીઆમાં બાંધેલા એવા આ કૃષ્ણ, બે ઝાડની વચ્ચે નીકળતાં પોતાના બે હાથવતે આ ઝાડને કેવી રીતે પાડી નાખ્યાં હશે ?[૭] વાછરડાંઓને

www.jayswaminarayan.org www.bhujmandir.org

ચારતા, વનમાં બાળકોથી વીંટાએલા અને બળરામ સહિત આ બાળકને, મારવા આવેલ શત્રુ બકાસુરનું મોઢું પકડીને તેને મારી નાખ્યો હતો ! ![૮] મારવાની ઈચ્છાથી વાછરડાના રૂપથી તેની સાથે રહેલા દૈત્યને મારી, તેનું શબ પછાડવાથી લીલા માત્રમાં કોઠનાં ઝાડ પાડી નાંખ્યાં હતાં.[૯] બળદેવ સહિત આ બાળકે ગધેડાના રૂપવાળા ધેનુકાસુર સહિત તેના બંધુઓને મારી નાખી, પાકાં ફળવાળું તાડવન સર્વને ઉપયોગમાં આવે તેવું કરી દીધું હતું.[૧૦] બળરામની પાસે પ્રલંબાસુરને મરાવી નાખતા આ બાળકે વ્રજના પશુઓને અને ગોવાળોને દાવાનળથી છોડાવ્યા હતા.[૧૧] અતિશય ઝેરી એવા મોટા નાગનું દમન કરી, મદ રહિત કરી, તેને બળાત્કારથી કાઢીને યમુનાને ઝેર રહિત કરી હતી.[૧૨] હે નંદરાય ! અમો સર્વે વ્રજવાસીઓ તમારા પુત્ર ઉપરથી સ્નેહ કેમે કરીને છોડી શકીયે તેમ નથી, અને તમારો પુત્ર પણ અમારી ઉપરથી સ્નેહ છોડે તેમ નથી. આવી રીતે પરસ્પર સ્વભાવિક કેવી રીતે સ્નેહ થયો છે ?[૧૩] હે વ્રજના સ્વામી ! સાત વર્ષનો બાળક ક્યાં ? અને મોટા પર્વતનું ધારણ કરવું ક્યાં ? તેથી તમારા પુત્ર ઉપર અમને શંકા થાય છે, કે રખેને એ સર્વનો આત્મા હોય.[૧૪]

નંદરાય કહે છે- હે ગોવાળો ! આ કુમારના ઉદ્દેશથી ગર્ગાચાર્યે મને જે કહ્યું હતું, તે મારી પાસેથી સાંભળો, કે જેથી તમારી શંકા દૂર થાય. "પ્રત્યેક યુગમાં અવતાર ધરતા આ બાળકના ધોળો, રાતો અને શ્યામ એવા ત્રણ વર્ણ થયા હતા. તેમાં સત્યયુગને વિષે શ્વેત વર્ણવાળા થયા હતા. ત્રેતાયુગમાં રક્ત વર્ણવાળા થયા હતા. દ્વાપર યુગમાં શ્યામ વર્ણવાળા થયા હતા. અને અત્યારે કળીયુગમાં પણ શ્યામ વર્ણવાળા થયા છે.[૧૫-૧૬] પૂર્વે કોઈ સમયમાં આ તમારો પુત્ર વસુદેવનો થયો હતો. તેથી સમજુ લોકો આને "વાસુદેવ" કહે છે.[૧૭] આ તમારા પુત્રના ગુણ અને કર્મ ઉપરથી થયેલાં નામ અને રૂપ ઘણાં છે. તે સર્વેને આપણે કોઈ જાણતા નથી.[૧૮] ગોવાળો અને ગોકુળને રાજી કરનાર આ પુત્ર તમ લોકોનું કલ્યાણ કરશે અને આના પ્રભાવથી તમો સર્વે કષ્ટોને અનાયાસે તરી જશો.[૧૯] હે નંદજી ! પૂર્વે કોઈ રાજા ન હતો તે સમયમાં દુર્જનોથી પીડાયેલા સાધુ લોકોની આ તમારા પુત્રે રક્ષા અને વૃદ્ધિ કરતાં તે સાધુઓ ચોરની સમાન દુર્જનોને જીત્યા હતા.[૨૦] જે માણસો આના ઉપર પ્રીતિ કરે છે તે ખરેખર મહાભાગ્યશાળી છે, તેઓનો દૈત્યો જેમ વિષ્ણુના પક્ષવાળાઓનો પરાભવ કરી શકતા નથી તેમ કોઈ શત્રુઓ આનો પરાભવ કરી શકે તેમ નથી.[૨૧] માટે હે નંદ ! આ તમારો પુત્ર ગુણ, લક્ષ્મી, કીર્તિ અને પ્રભાવથી નારાયણ સમાન છે." આ પ્રમાણે ગર્ગાચાર્ય મને કહ્યું હતું, માટે આ બાળકના કર્તવ્યમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.[૨૨] મને આજ્ઞા કર્યા પછી ગર્ગાચાર્ય પોતાને ઘેર ગયા, ત્યારથી હું આ મોટા કામ કરનારા કૃષ્ણને સાક્ષાત્ નારાયણ માનું છું.[૨૩]

શુકદેવજી કહે છે- આપ્રમાણે નંદરાયના મુખથી ગર્ગાચાર્યનાં વચન સાંભળી, જે ગોવાળો અપાર તેજવાળા શ્રીકૃષ્ણના પરાક્રમ જોયાં અને સાંભળ્યાં હતાં, તે ગોવાળો તો વિસ્મય રહિત થઈ તથા રાજી થઈ નંદરાય અને કૃષ્ણનો ભારે સત્કાર કરવા લાગ્યા.[૨૪] યજ્ઞનો ભંગ કરવાથી કોપેલા ઈંદ્રે વૃષ્ટિ કરતાં કરા અને કઠણ પવનથી જે ગોવાળો, પશુઓ, અને સ્ત્રીઓ પીડાતાં હતાં, એવા ગોકુળને પોતાની શરણે આવેલું જોઈ પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરતા તે દયાળુ ભગવાને ગોવર્ધન પર્વતને એક હાથથી ધારણ કરી, ગોકુળની રક્ષા કરી અને ઈંદ્રનું અભિમાન ઉતાર્યું. તે ગાયોના પાલક શ્રીકૃષ્ણ ભગવાન અમારી ઉપર પ્રસન્ન થજો.[૨૫]

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मपर्षानिलैः सीदत्पालपशुस्त्रियात्मशरणं दष्ट्वाऽनुकंप्युत्स्मयन् उत्पाट्यैककरेण शैलमबलो लीलोच्छिलीन्ध्रं यथा विभ्रद् गोष्ठमपान्महेंद्रमदभित्प्रीयान्न इंद्रो गवाम् ॥२५॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો છવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૭

## કામધેનુ અને ઇન્દ્રે શ્રીકૃષ્ણ ભગવાનનો અભિષેક કર્યો.

॥ श्रीशुकउवाच ॥

गोवर्धने धृते शैल आसाराद्रक्षिते व्रजे । गोलोकादाव्रजत्कृष्णं सुरभिः शक्रएवच ॥१॥

શુકદેવજી કહે છે- ભગવાને ગોવર્ધન પર્વતનું ધારણ કરતાં ઈંદ્ર ભયને લીધે સ્વર્ગમાંથી ભગવાનની પાસે આવ્યો, અને ભગવાને વરસાદથી વ્રજની રક્ષા કરતાં કામધેનુ હર્ષને લીધે ગોલોકમાંથી ભગવાનની પાસે આવી.[૧] અપરાધથી લજા પામેલા ઈંદ્રે એકાંતમાં મળીને પોતાના તેજસ્વી મુગટથી ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો.[૨] અપાર તેજવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ નજરે જોવાથી અને સાંભળવાથી જેને ત્રૈલોક્યના સ્વામી પણાનું અભિમાન ટળી ગયું, એવો ઈંદ્ર હાથ જોડીને સ્તુતિ કરી.[૩]

ઈંદ્ર સ્તુતિ કરે છે- હે કૃષ્ણ ! તમારૂં ધામ સત્વ, રજ, અને તમ આ ત્રણ માયાના ગુણોથી પરાભવ પામેલું નથી. માટે વિશુદ્ધ સત્વમય કહેલું છે. એટલા જ માટે રાગ દ્વેષાદિ દોષોથી રહિત છે, અને એ ધામ તમારી ઉપાસનારૂપી તપથી પામવા યોગ્ય છે. અને વળી તમારો જે આ માયામય સંસાર તથા સંસારનું મૂળકારણ કર્માનુબન્ધ જે તમારા ધામમાં નથી. તો પછી શરીરગ્રહણના સંબન્ધેપ્રાપ્ત થતા અને ફરીવાર શરીરસંબન્ધને આપનારા, તથા અજ્ઞાનપણાને સૂચવનારા લોભાદિક દોષો તમારા સ્વરૂપમાં હોય

www.jayswaminarayan.org www.bhujmandir.org

જ ક્યાંથી ? ન જ હોય. તોપણ તમે ધર્મના રક્ષણને માટે અને ખળપુરૂષોના નિગ્રહને માટે દંડનું ધારણ કરો છો.[૪-૫] જગતના પિતા, ગુરૂ, ઈશ્વર અને પ્રબળકાળરૂપ આપ જગતના ઈશ્વરપણાનું અભિમાન ધરાવનારા અમારા જેવાના માનનો ભંગ કરી, હિત કરવાને માટે દંડનું ગ્રહણ કરી, પોતાની ઈચ્છા પ્રમાણે ધરેલા અવતારોથી લીલા કરો છો.[૬] જગતના ઈશ્વરપણાનું અભિમાન ધરાવનારા મારા જેવા મૂર્ખ લોકો ભયના સમયમાં પણ નિર્ભય એવા આપને જોઈ, તરત જ તે અભિમાનને છોડી દેતાં ગર્વ રહિત થઈને ઉત્તમ માર્ગ પકડે છે, માટે આપની જે લીલા છે તે જ ખળ પુરૂષોને દંડરૂપ છે.[૭] હે પ્રભુ ! એટલા જ માટે હું ઐશ્વર્યના મદથી ઘેરાએલો તમારો અપરાધી, તમારા પ્રભાવને નહીં જાણનાર અને મૂઢ બુદ્ધિવાળો છું, તેથી મારા ઉપર આપે ક્ષમા કરવી જોઈએ, અને માગું છું કે ફરીવાર મારી આવી દુષ્ટબુદ્ધિ ન થાય.[૮] હે દેવ ! હે મહારાજ ! પોતે ભારરૂપ રાજાઓ અને વધારે ભારને ઉત્પન્ન કરનારા સેનાપતિઓના નાશને માટે અને તમારા ચરણની સેવા કરનારાઓના કલ્યાણને માટે આ પૃથ્વીમાં તમારો અવતાર થયો છે.[૯] સર્વના અંતર્યામી, પરિચ્છેદ રહિત, સર્વના નિવાસરૂપ અને યાદવોના પતિ આપ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરૂં છું.[૧૦] ભક્તોની ઈચ્છા પ્રમાણે અવતાર ધરનાર, વિશુદ્ધ અને સંકોચ વિકાસથી રહિત જ્ઞાન ગુણથી યુક્ત છે મૂર્તિ જેમની, સર્વના કારણરૂપ અને સર્વ પદાર્થોના આત્મા આપને નમન કરૂં છું.[૧૧] હે ભગવાન ! યજ્ઞનો ભંગ થતાં તીવ્ર અભિમાન અને ક્રોધને લીધે વરસાદ અને વાયુથી વ્રજનો નાશ કરવાને માટે આ કૃત્ય મેં કર્યું હતું.[૧૨] હે ઈશ્વર ! તમે મારા ઉદ્યમને વ્યર્થ કરી ગર્વનો નાશ કર્યો એ મારા ઉપર અનુગ્રહ કર્યો છે, હવે હું ઈશ્વર, ગુરૂ અને પરમાત્મા આપના શરણે આવેલો છું.[૧૩]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ઈંદ્રે સ્તુતિ કરી એટલે શ્રીકૃષ્ણ ભગવાને હસીને મેઘનાદ સરખી ગંભીર વાણીથી તેને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૪]

ભગવાન કહે છે- હે ઈંદ્ર ! તું ઈન્દ્ર પદવીના વૈભવોથી બહુ જ ઉન્મત્ત થઈ ગયો હતો, તેથી તને નિરંતર મારૂં સ્મરણ રહે એ માટે મેં અનુગ્રહ કરીને તારા યજ્ઞનો ભંગ કર્યો છે.[૧૫] દંડ ધારણ કરનારો એવો જે હું, તે મને ઐશ્વર્ય અને લક્ષ્મીના મદથી આંધળો થયેલો પુરૂષ દેખતો નથી, માટે હું જેના ઉપર અનુગ્રહ કરવા ધારૂં છું તેને સંપત્તિઓથી ભ્રષ્ટ કરૂં છું.[૧૬] હે ઈંદ્ર ! જાઓ, તમારૂં સારૂં થશે. હવે સાવધાન અને ગર્વ રહિત થઈને તમારા પોત પોતાના અધિકારમાં રહીને મારી આજ્ઞા પ્રમાણે ચાલજો.[૧૭]

શુકદેવજી કહે છે- પછી પોતાના સંતાન સહિત ઉદાર મનવાળી કામધેનુએ ગોવાળના રૂપને ધારણ કરનારા શ્રીકૃષ્ણને પ્રણામ કરી તથા હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એમ સંબોધન આપીને આ પ્રમાણે કહ્યું.[૧૮] કામધેનું કહે છે- હે કૃષ્ણ ! હે મોટાયોગી ! હે જગતના આત્મા ! હે જગતને ઉત્પન્ન કરનારા ! હે અચ્યુત ! ઈંદ્રે તો અમને મારી નાખ્યાં હતાં, પણ જગતના નાથ આપે અમારી રક્ષા કરી.[૧૯] અમારા ઈષ્ટદેવ તમે છો, માટે હે જગતના પતિ ! ગાયો, બ્રાહ્મણો અને સાધુલોકોના કલ્યાણને માટે આજથી તમે જ ઈંદ્ર થાઓ.[૨૦] બ્રહ્માની પ્રેરણાથી અમે તમને જ ઈન્દ્ર પદવીનો અભિષેક કરીશું, હવે ઈંદ્રનું અમારે કાંઈ કામ નથી, હે જગતના આત્મા ! તમે પૃથ્વીનો ભાર ઉતારવા માટે અવતર્યા છો.[૨૧]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાનની આજ્ઞા લઈ કામધેનુએ પોતાના દૂધથી ભગવાનનો અભિષેક કર્યો, અને દેવતાઓ તથા ઋષિઓ સહિત ઈંદ્રે પણ દેવમાતાઓની પ્રેરણાથી ઐરાવત હાથીની સૂંઢવતે લાવેલા આકાશ ગંગાના જળોથી ભગવાનનો અભિષેક કર્યો અને ગોવિંદ એવું નામ રાખ્યું.[૨૨-૨૩] તે સમયે ત્યાં આવેલા ગાંધર્વ, વિદ્યાધર, સિદ્ધ, ચારણો, તુંબરૂ અને નારદાદિક મુનિઓ સાંભળનારા જનોના પાપને દૂર કરનારી ભગવાનની કીર્તિનું ગાયન કરવા લાગ્યા અને અપ્સરાઓએ આનંદથી નૃત્ય કર્યું.[૨૪] મુખ્ય દેવતાઓએ તેમની સ્તુતિ કરી અને અદ્‌ભુત પુષ્પની વૃષ્ટિઓથી વધાવ્યા, ત્રણેલોક પરમ સુખ પામ્યા, ગાયોએ પૃથ્વીને દૂધથી ભીની કરી નાખી.[૨૫] નદીઓમાં દૂધ આદિ રસો ચાલવા લાગ્યા, વૃક્ષોમાંથી મધની ધારાઓ ઝરવા લાગી, અન્ન ખેડ્યા વગર પાકી ગયાં અને પર્વતોમાં છુપાઈ રહેલા મણિઓ સ્વયં બહાર આવવા લાગ્યા.[૨૬] હે રાજા ! જે પ્રાણીઓ સ્વભાવથી જ ક્રુર હતા તેઓ પણ ભગવાનનો અભિષેક થતાં વૈર મૂકી દીધાં.[૨૭] આ પ્રમાણે ગાયો અને ગોકુળના પતિ ભગવાનનો અભિષેક કરી, તેમની આજ્ઞા લઈ દેવાદિકની સાથે ઈંદ્ર સ્વર્ગમાં ગયો.[૨૮]

इति गोगोकुलपतिं गोविंदमभिषिच्य सः । अनुज्ञातो ययौ शक्रो वृतोदेवादिभिर्दिर्वम् ॥२८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સત્યાવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૮

## શ્રીકૃષ્ણ ભગવાન વરૂણ લોકમાંથી નંદરાયને પાછા લાવ્યા અને ગોવાળોને વૈકુંઠ દેખાડ્યું.

॥ श्रीशुकउवाच ॥

एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम् । स्नातुं नंदस्तुकालिंद्या द्वादश्यां जलमाविशत् ॥१॥

શુકદેવજી કહે છે- એકાદશીને દિવસે નારાયણનું પૂજન કરી જેણે ઉપવાસ કર્યો હતો, એવા નંદરાય બારસને દિવસે સ્નાન

www.jayswaminarayan.org
www.bhujmandir.org

કરવાને માટે યમુનાજીના જળમાં ડૂબકી મારી.[૧] બારસના વહેલું પારણું કરવા સારૂં આસુરીવેળાને નહિ જાણીને, રાતના પાણીમાં પ્રવેશેલા તે નંદરાયને પકડીને વરૂણનો અનુચર એક દૈત્ય વરૂણદેવની પાસે લઇ ગયો.[૨] ત્યાર પછી પ્રભાતે ગોવાળો નંદરાયને નહીં દેખવાથી, હે કૃષ્ણ ! એક તમે જ તમારા પિતાને લાવી શકો છો, હે બળરામ ! અમને એક તમારો જ ભરોસો છે. આ પ્રમાણે ઉંચેથી કહેવા લાગ્યા. ભક્તોને અભય આપનાર શ્રીકૃષ્ણ ભગવાન ગોવાળોનો આર્તનાદ સાંભળી, વરૂણદેવે પકડી લઇ ગયેલા જાણી પોતે વરૂણદેવની પાસે ગયા.[૩] ભગવાનને આવેલા જોઇ, તેમનાં દર્શનથી મોટો આનંદ પામેલા લોકપાળ વરૂણદેવે મોટી પૂજાથી તેમનું પૂજન કરીને આ પ્રમાણે કહ્યું.[૪]

વરૂણદેવ કહે છે- આજ મારો જન્મ સફળ થયો. હે પ્રભુ ! આજ મને સર્વોત્તમ લાભ મળ્યો. આજે મારો સંસાર પણ મટી ગયો, કેમકે આપના ચરણારવિંદનું ભજન કરનારા ઘણા પુરૂષો મોક્ષ પામી ગયા છે.[૫] હે પ્રભુ ! જેના સ્વરૂપમાં જીવના જ્ઞાનને સંકોચ પમાડનારી એવી માયા સાંભળવામાં પણ આવતી નથી, એવા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન તમોને પ્રણામ કરૂં છું.[૬] શાસ્ત્રમર્યાદાને તથા કર્તવ્યને નહિ જાણનારા મારા મૂઢ અનુચરે આ તમારા પિતાને અહીં લાવેલા છે, તો તે અપરાધ આપ ક્ષમા કરવાને યોગ્ય છો.[૭] અમો અપરાધી છીએ તોપણ તમારી પ્રજા છીએ. માટે અમો તમારા અનુગ્રહને યોગ્ય છીએ. હે ગોવિંદ ! આ તમારા પિતાને લઇ જાઓ.[૮]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે વરૂણદેવે પ્રસન્ન કરેલા અને ઈશ્વરના ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાન પોતાના પિતાને લઇ આવ્યા, અને સંબંધીઓને આનંદ આપ્યો.[૯] કોઇ દિવસે નહીં જોએલું વરૂણદેવનું ઐશ્વર્ય જોઇને અને તે દેવો સર્વે શ્રીકૃષ્ણને નમ્યા તે જોઇને વિસ્મય પામેલા નંદરાયે તે વાત સંબંધીઓને કહી દેખાડી.[૧૦] હે રાજા ! ગોવાળો શ્રીકૃષ્ણને ઈશ્વર માની મોટા ઉત્સાહથી સંકલ્પ કરવા લાગ્યા કે- ઈશ્વર અમોને પોતાનું સ્થાન અને સૂક્ષ્મ સ્વરૂપ દેખાડશે ?[૧૧] સર્વજ્ઞ ભગવાન, આ પ્રમાણે સંબંધીઓનો સંકલ્પ જાણી લઇને, તેનો સંકલ્પ સિદ્ધ કરવા સારૂં દયાથી વિચાર કર્યો કે દેહાદિકમાં અહંબુદ્ધિ અને તેથી થયેલી વિષયોમાં તૃષ્ણાથી થયેલાં કર્મો અને કર્મોથી ઉંચા નીચા જન્મોમાં ભટકતો માણસ, આલોકમાં પોતાની ગતિને જાણતો નથી.[૧૨-૧૩] આ પ્રમાણે વિચાર કરીને મહાદયાળુ શ્રીકૃષ્ણ ભગવાન ગોવાળોને પ્રકૃતિથી પર પોતાનું બ્રહ્મસ્વરૂપ દેખાડ્યું અને પછી વૈકુંઠલોક પણ દેખાડ્યો.[૧૪] સત્ય, જ્ઞાનરૂપ, અનંત, સ્વયં પ્રકાશ, અને નિરંતર સિદ્ધ પોતાનું બ્રહ્મસ્વરૂપ કે જેને ત્રણે ગુણથી રહિત થયેલા સમાધિનિષ્ઠ પુરુષો દેખે છે, આવું પોતાનું સ્વરૂપ પ્રથમ દેખાડ્યું.[૧૫] પરબ્રહ્મરૂપી ધરામાં લઇ જઇને શ્રીકૃષ્ણ ભગવાને તેમાંથી પાછા કાઢેલા તે ગોવાળોએ વૈકુંઠલોક દીઠો, કે જેમાં પૂર્વે અક્રુર ગયા છે.[૧૬] એ વૈકુંઠલોકને જોઇને તથા તેમાં વેદ જેમની સ્તુતિ કરતા હતા, એવા ભગવાનને જોઇને નંદાદિક ગોવાળો બહુજ આનંદ પામ્યા, અને વિસ્મય પામ્યા.[૧૭]

नंदादयस्तु तद्दृष्ट्वा परमानंदनिर्वृताः । कृष्णं च तत्रछंदोभिः स्तूयमानं सुविस्मिताः ॥१७॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો અઠ્યાવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૯

## રાસલીલાના સમારંભમાં શ્રીકૃષ્ણભગવાનનું અંતર્ધાન થવું.

॥ श्रीशुकउवाच ॥

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः । वीक्ष्य रंतुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥१॥

શુકદેવજી કહે છે- શરદઋતુથી જેમાં મલ્લિકા ફુલી રહી છે અને જેમાં રમવાની પોતે પ્રતિજ્ઞા કરી હતી એવી રાત્રીઓને જોઇ, યોગમાયાને ધારણ કરી ભગવાને રાસલીલા કરવાનો વિચાર કર્યો.[૧] જ્યારે ભગવાને રમવાની ઇચ્છા કરી તે જ સમયે ઘણા કાળે પ્રાપ્ત થયેલ પતિ જે પોતાની પ્યારીના મુખને જેમ કેસર લગાવે, તેમ પૂર્વ દિશારૂપી સ્ત્રીના મુખને, પોતાની સુખકારી કીરણોની રતાશથી લેપન કરતો અને લોકોના તાપને મટાડતો ચંદ્રમા, ભગવાનને પ્રસન્ન કરવાને માટે ઉદયને પ્રાપ્ત થયો.[૨] તે દિવસે પૂર્ણિમા હોવાથી ચંદ્ર અખંડ અને ગોળાકાર હતો, લક્ષ્મીના મુખની સમાન શોભાયમાન હતો, નવીન કુંકુમની સમાન લાલ વર્ણવાળો હતો, આવા ચંદ્રમાને ઉદય પામેલો જોઇને અને તેના કોમળ કીરણોથી રંજીત વનને જોઇને, ભગવાને કામિની સ્ત્રીઓના મનને હરણ કરનારો વેણુનાદ કર્યો.[૩] જે કામદેવને વધારનાર તે ગીતને વ્રજવાસી સ્ત્રીઓએ સાંભળ્યું, તેથી તેઓનું ચિત્ત શ્રીકૃષ્ણમાં આસક્ત થયું, એક બીજાને પોતાના જવાની ખબર ન પડે એ રીતે પ્યારા શ્રીકૃષ્ણની પાસે પહોંચી ગઇ. તે સમયે ચાલવાના વેગથી કુંડળો ડોલી રહેલાં હતાં.[૪] કેટલીક ગોપીઓ ગાયને દોહતી હતી તે ગાયોનું દોહવું છોડીને ચાલી, બીજી ચૂલા ઉપર મૂકેલાં દૂધને વગર ઉતારે ચાલી, કેટલીક કંસાર ચૂલા ઉપર મૂકીને વગર ઉતારે ચાલી.[૫] કેટલીક પીરસતી હતી તે મૂકીને ચાલી, કેટલીક નાનાં બાળકોને ધવરાવતી હતી તે નાનાં બાળકોને મૂકીને, કેટલીક પતિની સેવા કરતી હતી, કેટલીક ભોજન કરતી હતી તે સર્વે અધુરૂં મૂકીને શ્રીકૃષ્ણ પાસે આવી.[૬] કેટલીક લીપલીં હતી, કેટલીક અંગોને સ્વચ્છ કરતી હતી, કેટલીક આંખ્યો આંજતી હતી તે સર્વે મૂકી દઇને

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ભગવાન પાસે આવી. કેટલીક તો ઉતાવળને લીધે વસ્ત્રો પણ અવળાં સવળાં પહેરીને આવી.૭ મોહ પામેલી તે સ્ત્રીઓને પોતાના પતિ, મા-બાપ ભાઇઓ અને બંધુઓ વારવા છતાં પણ ભગવાનમાં જ જેનાં ચિત્ત ખેંચાવાને લીધે પાછી વળી નહિં.૮ કેટલીક ગોપીઓથી કોઇ રીતે નીકળી શકાયું નહીં એવી ગોપીઓ પરમભાવવાળી હોવાને લીધે ઘરની અંદર જ આંખ્યો મીંચીને શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા લાગી.૯ એ ધ્યાન કરનારી ગોપીઓ શ્રીકૃષ્ણમાં કામભાવે આસક્ત થઇ હતી તોપણ, જેમ અમૃતને બીજું કાંઇ સમજીને પીધા છતાં પણ પીનારને મરણનો ભય મટે છે, તેમ તે ત્રણ ગુણનું બંધન ટળી જતાં નિર્ગુણ પણાને પામી. પ્રારબ્ધ કર્મનું બંધન હોય ત્યાં સુધી દેહ રહિત થવાય નહિ એવો સિદ્ધાંત છે, તો તે પ્રમાણે તેનું પુણ્ય પાપાત્મક પ્રારબ્ધ પણ તુરત જ મટી ગયું; કેમકે શ્રીકૃષ્ણના સહન ન થાય એવા વિરહના તીવ્ર તાપનું દુઃખ ભોગવવાથી તેઓનાં પાપ બળી ગયાં, અને ધ્યાનથી મળેલા શ્રીકૃષ્ણના આલિંગનથી પ્રાપ્ત થયેલા પરમ સુખના ભોગથી તેઓનાં પુણ્ય પણ બળી ગયાં. પ્રથમ વિરહનું દુઃખ પણ અત્યંત થયું, પછી આલિંગન સુખ પણ અત્યંત થયું, તેથી સર્વે પાપ અને પુણ્યનો એક સામટો ક્ષય થવાથી પ્રારબ્ધકર્મ તૂટી જતાં દેહ પડી ગયો અને ભગવત્પ્રાપ્તિ થઇ.૧૦-૧૧

પરીક્ષિત રાજા પૂછે છે- હે શુકદેવજી ! આ ગોપીઓ શ્રીકૃષ્ણને કેવળ કામના કરવા યોગ્ય જાણતી હતી, અર્થાત્ પરં પતિ તરીકે જાણતી હતી, પણ ''પરબ્રહ્મ'' તરીકે જાણતી ન હોતી, તો પણ વિષયમાં લંપટ બુદ્ધિવાળી તે ગોપીઓને ગુણના પ્રવાહરૂપ સંસાર કેમ નિવૃત્ત થયો ? અર્થાત્ મોક્ષ કેમ થયો ?૧૨

શુકદેવજી કહે છે- આ વાત તમને આગળ કહી છે, કે શિશુપાળ ભગવાનનો દ્વેષ કરવા છતાં પણ મુક્તિ પામ્યો, ત્યારે ભગવાન ઉપર પ્રેમ રાખનારની મુક્તિ થાય તેમાં શું કહેવું ?૧૩ હે રાજા ! અવિનાશી, અપ્રમેય એવા ભગવાન પોતે ગુણોના નિયંતા છતાં પણ નિર્ગુણ છે. તેમનો અવતાર મનુષ્યોના કલ્યાણને માટે જ છે. (માટે શ્રીકૃષ્ણ ભગવાનને જીવ તુલ્ય કહેવા એ સંભવતું નથી.)૧૪ ભગવાનમાં જેઓ નિરંતર કામ, ક્રોધ, ભય, સ્નેહ, સંબંધ કે ભક્તિભાવ રાખે છે તેઓ ભગવાનમયપણું પામે છે. અર્થાત્ નિર્ગુણપણાને પામે છે.૧૫ અજન્મા અને યોગેશ્વરોના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન કે જેથી સ્થાવરાદિકને પણ મુક્તિ મળે છે, માટે તેમના વિષયમાં તમારે જરા પણ વિસ્મય પામવું જોઇએ નહિ.૧૬ નિપુણ વાદિઓને મધ્યે પણ શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ તે ગોપીઓને સમીપમાં આવેલી જોઇ, વાણીના વિલાસથી તેમને મોહિત કરતા આ પ્રમાણે બોલ્યા.૧૭ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે- હે મહા ભાગ્યશાળી ગોપીઓ ! તમો ભલે આવી હું તમારૂં શું પ્રિય કામ કરૂં ? (સર્વને ઉતાવળી આવેલી જોઇને કહ્યું,) વ્રજમાં સર્વે કુશળ તો છે ને ?તમારા આવવાનું કારણ કહો.૧૮ (ગોપીઓને મંદ હાસ્ય કરતી જોઇને કહ્યું,) આ રાત્રિ ભયંકર પ્રાણીઓએ સેવેલી છે અને પોતે પણ ભયંકરરૂપવાળી છે, માટે વ્રજમાં પાછી જાઓ. હે સુંદરીઓ ! રાત્રીને વિષે સ્ત્રીઓએ અહીં ઉભાં ન રહેવું જોઇએ.૧૯ તમારા મા-બાપ, દીકરા, ભાઇઓ અને પતિઓ તમને ઘરમાં નહી જોઇને શોધતા હશે, માટે સંબંધીઓને ત્રાસ ન આપો.૨૦ વિકસિત ફુલવાળું, પૂર્ણચંદ્રથી રંગાએલું અને યમુનાના પવનથી શોભી રહેલું આ વન તમોએ જોઇ લીધું, તો હવે તરત વ્રજમાં જાઓ અને તમારા પતિની સેવા કરો, હે સતીઓ ! તમારાં વાછરડાં અને છોકરાં રડતાં હશે. માટે તેઓને ધવરાવો.૨૧-૨૨ (ક્રોધથી ક્ષોભ પામેલાં નેત્રવાળી ગોપીઓને જોઇને ભગવાને કહ્યું.) અથવા તમો મારા ઉપર સ્નેહના બંધનથી ખેંચાઇને અહીં આવેલી હો તો એ તમોને યોગ્ય છે, કારણ કે મારા ઉપર સર્વ લોકો પ્રીતિ રાખે જ છે.૨૩ હે ભલી સ્ત્રીઓ ! નિષ્કપટપણાથી પતિનું તથા પતિના સંબંધીઓનું સેવન કરવું, અને છોકરાંઓનું પોષણ કરવું એ સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ છે.૨૪ પતિ દુષ્ટ સ્વભાવનો, દુર્ભાગી, વૃદ્ધ, જડ, રોગી કે નિર્ધન ગમે તેવો હોય તોપણ એ મહાપાપી ન થયો હોય, ત્યાં સુધી પોતાનું શુભ ઇચ્છનારી સ્ત્રીઓએ તેનો ત્યાગ ન કરવો.૨૫ સારાં કુળની સ્ત્રીને જાર પુરૂષનું સુખ સ્વર્ગની હાની કરનાર, કીર્તિને તોડનાર, તુચ્છ, કષ્ટરૂપ અને નિંદિત છે.૨૬ સાંભળવાથી, દર્શનથી, ધ્યાનથી અને કીર્તનથી જેવો મારામાં ભાવ રહે છે તેવો અંગસંગ કરવાથી રહેતો નથી, માટે ઘેર જાઓ.૨૭

શુકદેવજી કહે છે- આપ્રમાણે શ્રીકૃષ્ણનું અપ્રિય વચન સાંભળીને ખેદ પામેલી અને જેઓનો સંકલ્પ ભાંગી ગયો છે, એવી ગોપીઓ બહુ ચિંતામાં પડી.૨૮ શોકના નિઃસાસાથી જેઓના લાલ હોઠ સૂકાતા હતા, એવાં પોતાનાં મોઢાં નીચાં કરી પગના અંગુઠાથી ધરતી ખોતરતી, આંખનાં આંસુઓથી સ્તન ઉપરના કેસરને ધોતી અને બહુજ દુઃખથી દબાએલી ગોપીઓ ઉભી થકી કાંઇ પણ બોલી નહીં.૨૯ સ્નેહ પામેલી અને ભગવાનની પ્રાપ્તિને માટે જ સંસારનાં સર્વે સુખનો ત્યાગ કર્યો છે, એવી ગોપીઓની રોઇ રોઇને આંખો પણ સુજી ગઇ હતી. જે શ્રીકૃષ્ણ ગોપીઓને અતિ પ્યારા હતા છતાં પણ શત્રુની પેઠે બોલતા હતા, તેમને જોઇને ગોપીઓ કાંઇક ક્રોધના આવેગથી ગદ્‌ગદ્ કંઠે આ પ્રમાણે કહેવા લાગી.૩૦

ગોપીઓ કહે છે- હે પ્રભુ ! આપને આવું કુર વચન ન બોલવું જોઇએ. હે સ્વતંત્ર ! અમે સર્વે વિષયોનો ત્યાગ કરી આપના ચરણારવિંદને સેવનારી છીએ, આવી અમોને, જેમ નારાયણ મુમુક્ષુઓને ભજે છે તેવી રીતે ભજો, અર્થાત્ અમોને અનુકૂળ થાવ અને અમારી કામનાઓ પૂર્ણ કરો. પરંતુ અમારો ત્યાગ કરો મા.૩૧ હે કૃષ્ણ ! ધર્મને જાણનારા આપે કહ્યું કે- પતિ, સંતાન અને સંબંધીઓને અનુસરવું એજ સ્ત્રીનો સ્વધર્મ છે, તો તે સર્વે સ્વધર્મ આપના સેવનથી જ સિદ્ધ થશે, કેમ કે સર્વે ઉપદેશનાં વાક્યો ઇશ્વરની સેવાને જ લાગુ પડે છે, અને આપ જ સર્વ પ્રાણીઓના અંતરાત્મા હોવાથી ઇશ્વર, પ્રિય અને બંધુ છો. અથવા તમે જો

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ધર્મના ઉપદેશક હો અને અમે જો ધર્મને જાણવાને ઈચ્છતી હોઈએ, તો ધર્મને જાણનારા તમોએ જે કહ્યું તે યોગ્ય ગણાય, પરંતુ તમે ધર્મના ઉપદેશક નથી પણ સર્વના અંતરાત્મા છો, અને અમે ધર્મ જાણવાને ઈચ્છતી નથી, પણ ધર્મના ફળરૂપ આપની સેવાને જ ઈચ્છીએ છીએ, માટે આપનું કહેવું યોગ્ય નથી, અથવા પતિ આદિની સેવા કરવી એ ધર્મ છે એમ જે આપે કહ્યું તે આપની સેવાથી અમને સિદ્ધ થશે.[૩૨] શાસ્ત્રમાં નિપુણ પુરૂષો પોતાના આત્મારૂપ આપનામાં જ પ્રીતિ રાખે છે. પીડા આપનારા પતિ અને પુત્રાદિકમાં પ્રીતિ રાખવાનું શું પ્રયોજન છે ? એટલા માટે હે પરમેશ્વર ! અમારા ઉપર કૃપા કરો. હે કમળ સરખાં નેત્રવાળા ! ઘણા કાળથી આપમાં ધરેલી આશાને તોડી નાખો નહિ.[૩૩] આપ અમોને પાછું જવાનું કહ્યું પણ તે અમારાથી થઈ શકે તેમ નથી, કેમ કે જે અમારૂં ચિત્ત આજ દિવસ સુધી સુખેથી ઘરમાં લાગતું હતું તે આપે હરી લીધું છે, અને જે હાથ ઘરના કામકાજમાં લાગતા હતા તે પણ આપે હરી લીધા છે. અમારા પગ તમારા ચરણારવિંદ પાસેથી પગલું પણ ખસતા નથી; માટે વ્રજમાં શી રીતે જઈએ અને શું કરીએ ?[૩૪] હે શ્રીકૃષ્ણ ! તમારા હાસ્ય સહિત જોવાથી અને સુંદર ગાયનથી ઉત્પન્ન થયેલા અમારા કામાગ્નિને તમારા અધરામૃતની પીચકારીથી ઠારી નાખો, અને નહીં ઠારો તો એક કામાગ્નિ અને બીજો વિરહાગ્નિ આ બન્ને અગ્નિથી બળી જઈને યોગીઓની પેઠે ધ્યાન કરીને પણ તમારા ચરણારવિંદને પામીશું. અર્થાત્ મરી જઈને પણ અમે આપને છોડીશું નહિ.[૩૫] હે કમળ નેત્ર ! વનમાં રહેનારા મુનિ લોકો ઉપર પ્રેમ ધરાવનારા આપનું ચરણારવિંદ કે જેની સેવા કરવાનો અવકાશ લક્ષ્મીજીને પણ કોઈ સમયે જ મળે છે, એ ચરણનો જ્યારથી અમોએ સ્પર્શ કર્યો છે અને તે સ્પર્શ કરવાનો આપે આનંદ આપ્યો છે, ત્યારથી અમો બીજાની પાસે ઉભી રહી પણ સક્તી નથી. (અમારા તુચ્છ પતિઓ અમને ગમતા નથી.)[૩૬] જે લક્ષ્મીજીની દૃષ્ટિ પોતા ઉપર પડે તેને માટે બીજા દેવતાઓ પ્રયાસ જ કરે છે, તે લક્ષ્મીજી પોતે તમારા વક્ષઃસ્થળમાં આગવું સ્થાન પામ્યા છતાં પણ, આપના ચરણારવિંદની જે રજમાં તુલસી શોક્યની પેઠે ભાગ પડાવનાર છે, અને વળી જે રજ સર્વ દાસોએ સેવેલી છે, તે રજને લક્ષ્મીજી પણ ઈચ્છે છે, તો તે લક્ષ્મીજીની પેઠે અમે પણ તે જ રજને પ્રાપ્ત થએલી છીએ.[૩૭] એટલા માટે હે દુઃખોને મટાડનારા ! અમે યોગીઓની પેઠે તમારી સેવાની આશાથી ઘરબાર છોડી દઈને આવેલી છીએ, માટે અમારા ઉપર કૃપા કરો. હે પુરૂષોત્તમ ! તમારા સુંદર મંદ હાસ્ય સહિત જોવાને લીધે ઉત્પન્ન થયેલા તીવ્ર કામદેવથી તપી ગયેલી અમોને દાસીપણું આપો.[૩૮] કેશથી વીંટાએલું, ગંડસ્થળમાં કુંડળની શોભાવાળું અને અધર ઓષ્ઠમાં સુધાથી ભરેલું તમારૂં મુખારવિંદ જોઈને, અભય આપનારા તમારા બે ભુજદંડને જોઈને, અને લક્ષ્મીજીને એક ક્રીડાના સ્થાનકરૂપ તમારા વક્ષઃસ્થળને જોઈને, અમો તમારી દાસી થવા જ માગીએ છીએ.[૩૯] હે કૃષ્ણ ! આપે વ્યભિચારને નિંદિત કહ્યો, પણ તમારા સુંદર પદવાળાં વેણુગીતથી અને ત્રૈલોક્યમાં સર્વોત્તમ સુંદરતાવાળું આ તમારૂં રૂપ જોવાથી મોહ પામેલી કઈ સ્ત્રી પોતાના ઉત્તમ પતિવ્રતાપણાના ધર્મથી ભ્રષ્ટ ન થાય ? જે ગીત સાંભળીને તથા રૂપ જોઈને ગાયો, પક્ષીઓ, ઝાડ અને મૃગનાં પણ રૂંવાડાં ઉભાં થઈ જાય છે.[૪૦] જેમ આદિપુરૂષ નારાયણ દેવલોકની પીડાને હરે છે તેમ તમે અવશ્ય વ્રજના ભય અને પીડાને હરવા સારૂં જન્મ્યા છો.એટલા માટે હે દીનબંધુ ! અમો દાસીઓનાં કામદેવથી તપી ગયેલાં સ્તન ઉપર અને મસ્તક ઉપર આપનું હસ્તકમળ ધરો.[૪૧]

શુકદેવજી કહે- આ પ્રમાણે તે વ્રજાંગનાઓના કાલાવાલા સાંભળીને યોગેશ્વર ભગવાને હસીને પોતે આત્મારામ છતાં પણ દયાથી તે ગોપીઓને રમાડી.[૪૨] મળેલી અને પ્રિયના દર્શનથી પ્રફુલ્લિત મુખોવાળી તે ગોપીઓથી વીંટાએલા, ઉદાર લીલાવાળા, અને સુંદર હાસ્યમાં તથા દાંતોમાં મોગરાના ફુલ સરખી શોભાવાળા ભગવાન નક્ષત્રોથી વીંટાએલા ચંદ્રમાની પેઠે શોભવા લાગ્યા.[૪૩] અનેક સ્ત્રીઓના યુથના અધિપતિ, સ્ત્રીઓને ગવરાવતા, અને પોતે ગાતા, વૈજયંતી માળાને ધારણ કરતા અને વનને શોભાવતા ભગવાન તે વનમાં ફરતા હતા.[૪૪] પછી ભગવાન યમુનાનદીના તરંગોથી આનંદને પામતાં ચંદ્રવિકાસી કમળોની સુગંધવાળા વાયુથી સેવાયેલો, શીતળ રેતીવાળો, એવો યમુના નદીનો કાંઠો, તેના ઉપર જઈને ગોપીઓની સાથે હાથ લાંબા કરવાથી, આલિંગનથી, હાથ, કેશ, સાથળ, નાડી અને સ્તનના સ્પર્શથી, હાસ્યનાં વચનથી, નખની અણીઓવડે ચિહ્નો કરવાથી, ક્રીડાથી, જોવાથી અને હાસ્યથી વ્રજાંગનાઓના કામદેવને બહુ જ વૃદ્ધિ આપતા શ્રીકૃષ્ણ ભગવાન તે ગોપીઓને રમાડવા લાગ્યા.[૪૫-૪૬] આ પ્રમાણે મહાત્મા અને જ્ઞાની શ્રીકૃષ્ણથી જેઓને માન મળેલું છે, એવી ગોપીઓ પૃથ્વીની સર્વે સ્ત્રીઓના આત્માથી પોતાના આત્માને શ્રેષ્ઠ માનવા લાગી.[૪૭] બ્રહ્માને અને રૂદ્રને પણ વશ કરનાર ભગવાન, તે ગોપીઓને સૌંદર્યપણાના અભિમાનથી ઉત્પન્ન થયેલો મદ તથા અભિમાનને જોઈ તેને દૂર કરવા અને પછી પ્રસન્ન થવાને માટે ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.[૪૮]

तासां तत्सौभगमदं वीक्ष्य मानं च केशवः । प्रशमाय प्रसादाय तत्रैवांतरधीयत ॥४८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ઓગણત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૦

## વિરહથી તપેલી ગોપીઓ ભગવાનને વનમાં શોધે છે.

॥ श्रीशुकउवाच ॥

अंतर्हिते भगवति सहसैव व्रजांगनाः । अतप्यंस्तमचक्षाणाः करिण्यः एव युथपम् ॥१॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુકદેવજી કહે છે- ભગવાન તરત જ અંતર્ધાન થઇ જતાં જેમ હાથણીઓ હાથીને નહિ દેખવાથી પરિતાપ પામે, તેમ ગોપીઓ ભગવાનને નહીં દેખવાથી પરિતાપ પામવા લાગી.[૧] ભગવાનની ગતિ, સ્નેહ, લીલા સહિત જોવું, સુંદર ભાષણ, ક્રીડા અને બીજા પણ વિલાસોથી જેઓનાં મન ખેંચાઇ ગયાં હતાં એવી અને તેથી ભગવદ્રુપ થયેલી વ્રજાંગનાઓ ભગવાનની તે તે લીલા સરખી લીલા કરવા લાગી.[૨] પ્યારા શ્રીકૃષ્ણનું ચાલવું, મંદહાસ્ય, જોવું અને ભાષણ ઇત્યાદિક લીલાઓમાં જેઓનાં શરીર તન્મય થઇ ગયાં હતાં એવી અને તેને લીધે ભગવાનની પેઠે જ ક્રીડા અને વિલાસને કરતી ભગવદ્રુપ ગોપીઓ 'હું જ કૃષ્ણ છું' એમ પરસ્પર જણાવવા લાગી.[૩] પરસ્પર ભેગી મળીને ઉંચા સ્વરથી ભગવાનનું જ ગાયન કરતી ગોપીઓ ઉન્મત્તની પેઠે એક વનથી બીજા વનમાં શોધવા લાગી, અને ભગવાન કે જે સર્વ પદાર્થોમાં બહાર અને અંદર વ્યાપક છે તેમના સમાચાર વૃક્ષોને પૂછવા લાગી.[૪] આ વૃક્ષો ઉંચાં છે તેથી કદાચ શ્રીકૃષ્ણને જોતાં હશે એમ માની ગોપીઓ વૃક્ષાદિકને પૂછે છે- હે પીપળા ! હે વડ ! હે પીપળ ! પ્રેમ સહિત હાસ્ય અને અવલોકનથી અમારા મનની ચોરી કરીને ભગવાન ગયા છે તે તમારા જોવામાં આવ્યા ?[૫] આ વૃક્ષો મોટાં છે અને પુષ્પો વગેરેથી ઘણાનો ઉપકાર કરનારાં છે. તેથી તેઓ ઉત્તર આપશે એમ માની ગોપીઓ પુછે છે કે- હે બપોરિયા ! હે આસોપાલવ ! હે નાગ ! હે પુન્નાગ ! હે ચંપક ! માનવતી સ્ત્રીઓના માનને હરનાર મંદહાસ્યવાળા શ્રીકૃષ્ણ, અહીં તમારી પાસે થઇને નીકળ્યા હતા ?[૬] હે તુલસી ! ભ્રમરોની સાથે તારૂં ધારણ કરનાર અને તને અત્યંત પ્યારા શ્રીકૃષ્ણ તારા જોવામાં આવ્યા છે ?[૭] હે માલતી ! હે મલ્લિકા ! હે જાતિ ! હે જુઇ ! તમોએ ભગવાનને દીઠા છે ? હાથના સ્પર્શથી તમોને રાજી કરતા અહીંથી ગયા છે?[૮] હે આંબા ! હે રાયણ ! હે પનસ ! હે અસન ! હે કોવિદાર ! હે જાંબુ ! હે આકડા ! હે બોલસરી ! હે આમ્ર ! હે કદમ ! હે નીપ ! અને હે બીજાં પણ વૃક્ષો ! તમારો જન્મ પરોપકારને માટે છે અને વળી તમો યમુનાજીને કાંઠે રહેનારાં હોવાથી તીર્થવાસી છો, માટે શૂન્યચિત્તવાળી અમોને શ્રીકૃષ્ણનો માર્ગ કહો.[૯] હે પૃથ્વી તેં કહ્યું તપ કર્યું છે ? કેમ કે ભગવાનના ચરણનો સ્પર્શ મળવાથી તને આનંદ થયો છે, અને તેથી તારાં રૂવાડાં ઉભાં થયેલાં જણાય છે. આ આનંદ તને હમણાં જ ભગવાનના ચરણનો સ્પર્શ મળવાથી થયો છે, કે વામનાવતારમાં ભગવાનના ચરણથી તું મપાએલી છે તેથી મળ્યો છે ? અથવા વરાહ અવતારમાં ભગવાનના શરીરનું આલિંગન મળ્યું છે તેથી થયો છે ?[૧૦] હે મૃગલી સખી ! પોતાના અવયવોથી તમારી દૃષ્ટિને આનંદ આપતા ભગવાન પ્યારીની સાથે અહીં તમારી પાસે આવ્યા હતા ? કેમકે શ્રીકૃષ્ણે પહેરેલી મોગરાના પુષ્પની માળા કે જે પ્યારીને અંગસંગ કરવાના સમયમાં તેના સ્તન ઉપરના કેસરથી રંગાએલી હશે તેનો સુગંધ અહીં આવે છે.[૧૧] હે વૃક્ષો ! એક હાથ પ્યારીના ખભા ઉપર ધરી અને બીજા હાથમાં કમળ લઇ અહીં ફરતા અને જેમની પાછળ મદથી મદોન્મત્ત બનેલા ભ્રમરો ઉડ્યા કરે છે, એવા ભગવાન સ્નેહ પૂર્વક જોઇને તમારા પ્રણામનો સ્વીકાર કરે છે કે શું ?[૧૨] હે સખીઓ ! આ લતાઓ અવશ્ય શ્રીકૃષ્ણને મળેલી હોવી જોઇએ; કેમકે પોતાના પતિ (વૃક્ષ) ના બાહુને આલિંગન કરી રહેલી છતાં પણ પોતાનાં મોટાં ભાગ્યને લીધે ભગવાનના નખનો સ્પર્શ મળવાથી રોમાંચિત થઇ રહેલી છે, માટે આ લતાઓને પૂછો.[૧૩] શુકદેવજી કહે છે- આ પ્રમાણે ઉન્મત્તના જેવાં વચન બોલતી ભગવાનને શોધવાથી વિવ્હળ થયેલી અને ભગવાનમાં જ જેનાં ચિત્ત લાગી રહ્યાં છે, એવી ગોપીઓ ભગવાનની તે તે લીલાઓનું અનુકરણ કરવા લાગી.[૧૪] ભગવાનના જેવી લીલા કરતી કોઇ ગોપીએ, પૂતનારૂપ થયેલી બીજી ગોપીનું સ્તનપાન કર્યું. બાળક થઇને રોતી એક ગોપીએ શકટાસુરનું અનુકરણ કરી, ગાડાંરૂપ થયેલી બીજી ગોપીને લાત મારી.[૧૫] એક ગોપી તૃણાવર્ત દૈત્યરૂપ થઇને, શ્રીકૃષ્ણના બાળકપણાની ભાવના કરનારી બીજી ગોપીને હરી ગઇ. એક ગોપી શ્રીકૃષ્ણરૂપ થઇને ઘુઘરીઓના ઘમકાર સહિત પગને ઘસડતી ભાંખડીયાભેર ચાલવા લાગી.[૧૬] બે ગોપીઓ બલરામ અને કૃષ્ણરૂપ થઇ અને બીજી કેટલીક ગોવાળોરૂપ થઇ. એક ગોપી વત્સાસુરનું અનુકરણ કરીને વાછડા જેવી થઇ, કૃષ્ણરૂપે થયેલી અને ગોવાળોરૂપે થયેલી બીજી ગોપીને પ્રહાર કર્યો. અને એકે બગલારૂપ થયેલીને પ્રહાર કર્યો.[૧૭] એક છેટે ગએલી ગાયોને જેમ શ્રીકૃષ્ણ બોલાવતા હતા, તેમ બોલાવીને તેનું અનુકરણ કરતી હતી, વેણુ વગાડતી હતી અને ક્રીડા કરતી હતી, તેને બીજી ગોપીઓ વાહ વાહ કહેતી હતી.[૧૮] એક ગોપીના ઉપર હાથ મૂકીને ચાલતી અને ભગવાનમાં જ જેનું મન લાગ્યું હતું, એવી બીજી ગોપી બોલી કે- હું કૃષ્ણ છું. મારી સુંદર ચાલ જુઓ.[૧૯] એક ગોપીએ વાયુ તથા વરસાદથી બીશો નહીં; તેથી રક્ષણનો ઉપાય હું કરૂં છું, એમ કહી યત્ન કરીને પોતાનું વસ્ત્ર ઉંચું ઉપાડ્યું.[૨૦] એક ગોપી બીજી ગોપી ઉપર ચઢી તેના માથાને પગથી દબાવીને બોલી કે- હે દુષ્ટ સર્પ ! જતો રહે. ખળ લોકોને શિક્ષા કરવા સારૂં હું અવતર્યો છું.[૨૧] ત્યાં એક ગોપી બોલી કે- હે ગોવાળો ! આ ભયંકર દાવાનળને જુઓ. તરત આંખ્યો મીંચી જાઓ, હું તમારૂં રક્ષણ જોતજોતામાં કરીશ.[૨૨] તેમાં યશોદા બનેલી એક ગોપીએ, માળાથી ખાંડણીઆ સાથે બાંધેલી ગોપીને જોઇ, બીજી સારી આંખ્યોવાળી અને પાતળી ગોપી પોતાનું મોઢું ઢાંકીને ભયનું અનુકરણ કરવા લાગી.[૨૩] આ પ્રમાણે વૃંદાવનની લતાઓ અને વૃક્ષોને ભગવાનના સમાચાર પૂછતી અને ભગવાનની લીલાનું અનુકરણ કરતી ગોપીએ વનના પ્રદેશમાં ભગવાનનાં પગલાં દીઠાં, એને જોઇને વિચાર્યું કે- ધ્વજ, કમળ, વજ, અંકુશ અને યવ આદિ રેખાનાં ચિન્હો ઉપરથી અવશ્ય આ મહાત્મા શ્રીકૃષ્ણનાં પગલાં જણાય છે.[૨૪-૨૫] પછી તે તે પગલાં ઉપરથી ભગવાનના માર્ગને શોધતી તે સ્ત્રીઓ આગળ જતાં એક સ્ત્રીનાં પગલાંથી મળેલાં ભગવાનનાં પગલાં જોઇ, ખેદ પામીને બોલી કે- હાથીની સાથે જેમ હાથણી જાય

www.jayswaminarayan.org
www.bhujmandir.org

તેમ ભગવાનની સાથે ગયેલી અને ભગવાનના ખભા ઉપર પોતાનું કાંડું મૂકનારી આ કઇ ગોપીનાં પગલાં છે.[૨૬-૨૭] આ ગોપીએ અવશ્ય પ્રભુની આરાધના કરેલી હોવી જોઇએ; કેમકે આપણને છોડી દઇને તેના પર રાજી થયેલા શ્રીકૃષ્ણ તેને એકાંતમાં લઇ ગયા.[૨૮] હે સખીઓ! અહો ! આ ભગવાનના ચરણકમળની રજ અત્યંત પવિત્ર છે કે જે રજને બ્રહ્મા, સદાશિવ અને લક્ષ્મીજી પણ પાપ દૂર કરવા સારૂ પોતાના મસ્તક ઉપર ધરે છે.[૨૯] બીજી ગોપીઓ બોલી કે- શ્રીકૃષ્ણની સાથે ગયેલી સ્ત્રીના પગલાં જ આપણને અદેખાઇનું મોટું દુઃખ ઉત્પન્ન કરે છે. કારણ કે સર્વે ગોપીઓને ચુંબન કરવા યોગ્ય શ્રીકૃષ્ણના અધરામૃતનું હરણ કરીને પોતે એકલી જ એકાંત સ્થળમાં જઇને ભોગવે છે.[૩૦] આ ઠેકાણે એ સ્ત્રીના પગલાં દેખાતાં નથી, પણ તેનું કારણ અવશ્ય એ હોવું જોઇએ, કે ખડના અંકુરથી તેના કોમળ પગ પીડાતા હશે તેથી તે પ્યારીને પ્યારા ભગવાને પોતાના ખભા પર તેડી લીધી હશે.[૩૧] આ ઠેકાણે તે પ્યારીને માટે પ્યારા ભગવાને વૃક્ષો ઉપરથી ફુલ વીણેલાં જણાય છે. જુઓ, કે પેનીઓ ઉંચી કરેલી હોવાને કારણે ધરતી પર પગના આગલા ભાગનું જ દબાણ આવવાથી અધુરાં પગલાં છપાયાં છે.[૩૨] આ ઠેકાણે તે કામી ભગવાને કામિનીના કેશ ગુંથેલા છે; કેમકે તેના ચોટલામાં ફુલ ગુંથતાં અવશ્ય શ્રીકૃષ્ણ આ સ્થળમાં બેઠેલા હોવા જોઇએ.[૩૩]

શુકદેવજી કહે છે- શ્રીકૃષ્ણ ભગવાન પોતાથી જ સંતુષ્ઠ, આત્મારામ અને સ્ત્રીઓના વિલાસમાં નહીં લલચાએલા છતાંપણ, સ્ત્રીઓની ભૂંડાઇ અને કામી પુરૂષોની દીનતા દેખાડવા સારૂ તે સ્ત્રીની સાથે રમતા હતા.[૩૪] જે ગોપીને શ્રીકૃષ્ણ લઇ ગયા હતા, તે સિવાય બીજી ગોપીઓ આ પ્રમાણે પરસ્પર બતાવતી અને વિવ્હળ થઇ વનમાં ફરતી હતી.[૩૫] કામનાવાળી બીજી ગોપીઓને મૂકી દઇને, આ પ્યારા શ્રીકૃષ્ણ મને ભજે છે, માટે સર્વે સ્ત્રીઓમાં હું જ શ્રેષ્ઠ છું. આમ શ્રીકૃષ્ણ જે સ્ત્રીને લઇ ગયા હતા તે સ્ત્રી માનવા લાગી.[૩૬] પછી વનના એક પ્રદેશમાં જઇને ગર્વ પામેલી તે સ્ત્રીએ ભગવાનને કહ્યું કે- હું ચાલી શકતી નથી, માટે જ્યાં તમારે જવાની ઇચ્છા હોય ત્યાં મને ઉપાડીને લઇ જાઓ.[૩૭] કામી પુરુષો સ્ત્રી આગળ કેવા દીન થઇને રહે છે એ અહીં દર્શાવે છે. આ પ્રમાણે તે સ્ત્રી બોલતાં ભગવાને કહ્યું કે- તો પછી મારી કાંધ ઉપર બેસ, પછી તે સ્ત્રી કાંધ ઉપર બેસવાને સજ્જ થતાં ભગવાન અંતર્ધાન થઇ ગયા. એમ થતાં એ સ્ત્રી પસ્તાઇને બોલવા લાગી કે- હે નાથ ! હે સુંદર ! હે પ્યારા ! હાય હાય ક્યાં છો ? ક્યાં છો ? હે સખા ! હું તમારી કંગાલ દાસી છું, તેને દર્શન દો.[૩૮-૩૯] એટલામાં ભગવાનના માર્ગને શોધતી શોધતી ચાલી આવતી પેલી સર્વે ગોપીઓ, પોતાના સમીપમાં પ્યારાના વિયોગથી મોહ પામેલી અને દુઃખ પામેલી તે પોતાની સખીને દીઠી.[૪૦] ભગવાને પ્રથમ માન આપ્યું અને પછી ભૂંડાઇ જોઇને અપમાન કર્યું, એ સર્વે વાત તેના મોઢાંથી સાંભળીને સર્વે ગોપીઓ મહા વિસ્મય પામી.[૪૧] પછી જ્યાં સુધી ચંદ્રમાનું અજવાળું દેખાયું ત્યાં સુધી તેઓ સખીને સાથે લઇ, વનમાં ભગવાનને શોધવા આગળ આગળ જ ચાલી ગઇ. પછી અંધારૂં આવ્યું જોઇને તે સ્ત્રીઓ પાછી વળી.[૪૨] એ ગોપીઓ કે જેનાં મન ભગવાનમાં જ લાગ્યાં હતાં, ભાષણ ભગવાન સંબંધી જ હતું, ભગવાનનાં અનુકરણની લીલા કરતી ભગવદ્રૂપ થઇ ગઇ હતી, તે ગોપીઓને પોતાના ઘરનું સ્મરણ જ આવ્યું નહીં.[૪૩] ભગવાનનું જ ધ્યાન કરતી તે ગોપીઓ પાછી યમુનાજીને કાંઠે આવીને ભગવાનના પાછા પધારવાની આશા રાખી, ભેળી થઇને ભગવાનનું ગાયન કરવા લાગી.[૪૪]

पुनः पुलिनमागत्य कालिंद्याः कृष्णभावनाः । समवेता जगुः कृष्णं तदागमनकांक्षिताः ॥४४

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૧

## ભગવાનના અંતર્ધાનથી નિરાશ થયેલી અને કેવળ ભગવાનનાજ ગુણોનું ગાયન કરતી ગોપીઓ.

## (ગોપી ગીત)

॥ गोप्य उचुः ॥

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इंदिरा शश्वदत्र हि । दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥१॥

ગોપીઓ ગાય છે- હે પ્યારા ! તમારા જન્મથી વ્રજનો વધારે ઉત્કર્ષ થયો છે, અને તમારે લીધે જ લક્ષ્મીજી નિરંતર વ્રજને શોભા આપે છે. આ પ્રમાણે સઘળું વ્રજ આનંદ પામ્યા કરે છે, તેમાં તમારી દાસી ગોપીઓ જ કે જેઓ તમારે માટે જ પ્રાણ રાખેલાં છે, તેઓ તમને ચારેકોર શોધવામાં દુઃખી થાય છે માટે દર્શન આપો.[૧] હે સંભોગના પતિ ! હે મનોરથ પૂરનાર ! તમારી જે દૃષ્ટિ શરદઋતુના તળાવમાં સારી રીતે ઉત્પન્ન થયેલા પ્રફુલ્લિત કમળના ગર્ભની શોભાને હરી લેનાર છે, તે દૃષ્ટિથી અમો વગર મહેનતાણાંની દાસીઓને તમે મારો છો, તે શું તમે વધ કરતા નથી ? શસ્ત્રથી જે વધ થાય એ જ શું વધ કહેવાય ? માટે દૃષ્ટિથી હરી લીધેલા અમારા પ્રાણને પાછાં આપવા સારૂં તમે દર્શન આપો.[૨] ઝેરી જળથી થયેલ નાશથી, અઘાસુરથી, વરસાદ પવન અને વીંજળીના પડવાથી, અરિષ્ટાસુરથી, વ્યોમાસુરથી અને બીજા પણ સર્વે પ્રકારના ભયથી તમે અમારી વારંવાર રક્ષા કરી છે, તો હમણાં કેમ ઉપેક્ષા કરો છો ? કૃપા કરી ઘણા પ્રકારના મૃત્યુથી રક્ષા કરીને હમણાં દૃષ્ટિથી કામદેવને મોકલી અમને શા માટે મારી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

નાખો છો ?[૩] હે મિત્ર ! તમે કાંઇ યશોદાના પુત્ર નથી, પણ સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષી ઈશ્વર છો. જગતના રક્ષણને માટે બ્રહ્માએ પ્રાર્થના કરવાથી યાદવોના કુળમાં અવતર્યા છો. જગતના પાલનને માટે અવતરેલા આપ ભક્તજનની ઉપેક્ષા કરો એ અત્યંત અયોગ્ય છે.[૪] હે યાદવોમાં ઉત્તમ ! હે કાંત ! આપનું હસ્તકમળ સંસારના ભયથી શરણે આવેલાને અભય આપનાર, મનોરથોને પૂરનાર અને લક્ષ્મીજીનો હાથ ઝાલનાર છે, તે અમારા મસ્તક ઉપર ધારણ કરો.[૫] હે વ્રજવાસીઓનાં દુ:ખને હરનાર ! હે વીર ! હે મંદહાસ્યોથી ભક્તોના ગર્વને હરનાર ! હે મિત્ર ! અમો તમારી દાસીઓ છીએ, તેથી અમોને તમે ભજો; અને પ્રથમ તો અમો સ્ત્રી લોકોને તમારૂં કમળ સરખું મુખ દેખાડો.[૬] તમારૂં ચરણારવિંદ તમને નમસ્કાર કરનાર પ્રાણીઓના પાપને હરનાર, કૃપાને લીધે પશુઓની પાછળ વનોવન શિલા તૃણ એ આદિકને વિષે ભ્રમણ કરનાર, સૌભાગ્યને લીધે લક્ષ્મીજીના સ્થાનકરૂપ, અને પરાક્રમને લીધે કાલીયનાગની ફણો ઉપર નાચેલું હતું, તે ચરણારવિંદને અમારા સ્તન ઉપર ધરો અને કામજ્વરને મટાડો.[૭] હે કમળ સરખાં નેત્રવાળા ! હે વીર ! સુંદર વચનવાળી અને સમજુઓના મનને ગમે એવી તમારી મધુર વાણીથી મોહ પામતી અમો દાસીઓને અધરામૃત પાઈને જીવાડો.[૮]

તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ । શ્રવણમઙ્ગલં શ્રીમદાततं ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥

તમારા વિરહથી અમને મોત આવ્યું જ હતું, પરંતુ ભાગ્યશાળી લોકોએ અમને તમારી કથારૂપ અમૃત પાઈને તે મોતને કાઢી મેલ્યું છે. તમારી કથા જ વાસ્તવિક રીતે અમૃત છે, કેમકે તે તાપ પામેલાઓને જીવાડનાર છે. બ્રહ્મવેત્તાઓ પણ એજ અમૃતના વખાણ કરે છે, અને દેવતાઓને પીવાના અમૃતને તો તુચ્છ ગણે છે. કથારૂપી અમૃત કામ અને કર્મને મટાડનાર છે અને દેવતાઓનું અમૃત તો કામ અને કર્મને વધારનાર છે. કથારૂપી અમૃત સાંભળવા માત્રથી જ કલ્યાણ આપે છે, અને દેવતાઓનું અમૃત તો યજ્ઞાદિક કરીએ ત્યારે મળે છે. કથારૂપી અમૃત તો શાંત છે, અને દેવતાઓનું અમૃત તો માદક છે. તમારી કથારૂપી આવા અમૃતનું ભૂલોકમાં જેઓ વિસ્તારથી નિરૂપણ કરે છે, તેને અમો જીવન આપનારા ગણીએ છીએ. આ પ્રમાણે જ્યારે તમારી કથા પણ અમૃતથી અધિક છે ત્યારે તમારૂં દર્શન તો સર્વોત્તમ હોય તેમાં શું કહેવું ? માટે માગીએ છીએ કે દર્શન દો.[૯] હે પ્રિય ! હે કપટી ! તમારૂં હસવું, પ્રેમથી જોવું, ધ્યાનમાં સુખ આપનાર વિહાર અને હૃદયમાં લાગી રહેલી એકાંતની વાતો અમારા મનને ક્ષોભ પમાડે છે, માટે જો કે તમારી કથાનું શ્રવણ જ સુખદાયી છે, તોપણ તેમાં અમારૂં મન શાંતિ પામતું નથી, માટે દર્શન દો.[૧૦] હે નાથ ! હે કાંત ! જ્યારે પશુઓને ચારવા માટે વ્રજથી તમે પધારો છો ત્યારે, કમળ જેવાં તમારાં ચરણ કાંકરીઓ, ઘાસ અને અંકુરોથી કલેશ પામતાં હશે, એમ જાણી અમારૂં મન અસ્વસ્થ થઇ જાય છે, તો આવી રીતે અમો તમારા ઉપર બહુ જ પ્રેમ રાખીએ છીએ, છતાં તમો અમારી સાથે શા માટે કપટથી રમો છો ?[૧૧] હે વીર ! સાયંકાળે શ્યામ કેશથી વીંટાવાને લીધે અને ગાયોની રજ ઉડવાને લીધે ભ્રમરોથી વીંટાએલું અને ગાયોના પગથી ઉડેલી પુષ્કળ રજથી ભરાયેલું તથા એ રજને પરાગ જાણીને ભમરોથી ઘેરાએલું આવું કમળ સરખું મુખ ધારણ કરીને આવતા આપ, તે મુખ વારંવાર દેખાડીને કેવળ અમારા મનમાં કામદેવ ઉત્પન્ન કરો છો, પણ સંગ આપતા નથી માટે તમે કપટી છો.[૧૨] હે મનની પીડાને મટાડનાર ! હે પ્રિય ! એટલા માટે હવે કપટ મૂકી દઇને આપનું ચરણારવિંદ કે જે બ્રહ્માએ પૂજેલું છે, પૃથ્વીના શણગારરૂપ, કષ્ટના સમયમાં ધ્યાન કરવાથી જ કષ્ટ મટાડનાર અને સેવાના સમયમાં પણ પરમ સુખરૂપ છે, તેને અમારા કામજ્વરની શાંતિને માટે અમારા સ્તનો ઉપર ધારણ કરો.[૧૩] હે વીર ! તમારૂં અધરામૃત કે જે સંભોગને વધારનાર છે, શોકનો નાશ કરનાર છે, સ્વરવાળા વેણુએ સારી રીતે ચૂસેલ અને મનુષ્યોને બીજાં સર્વ સુખોની ઈચ્છાને ભૂલાવનાર છે, તે અધરામૃત અમને આપો.[૧૪] જ્યારે તમે દિવસે વનમાં ફરો છો ત્યારે તમને નહિ દેખવાથી અમને અલ્પકાળ પણ યુગ જેવડો થઇ પડે છે, અને સાયંકાળે પાછું વાંકા કેશવાળું તમારૂં શ્રીમુખ જ્યારે જોઇએ છીએ ત્યારે, અમારા નેત્રોનાં પાંપણો આડાં આવીને દર્શનમાં પ્રતિબંધ કરે છે. તેને સહન ન કરી શકવાથી તે પાંપણોને બનાવનાર બ્રહ્મા ઉપર અમને દ્વેષ આવે છે. એટલા માટે ક્ષણ માત્ર પણ તમારૂં દર્શન નહીં મળતાં દુ:ખ, અને મળતાં સુખ થાય છે, આવી પરિસ્થિતિ હોવાથી સર્વ સંગનો ત્યાગ કરી, સંન્યાસીનીઓની પેઠે અમો તમારી પાસે આવેલી છીએ, તે છતાં તમો અમારો ત્યાગ કરવાનું મન કેમ કરો છો ?[૧૫] હે પ્રભુ ! હે કપટી ! અમે સર્વે પતિ, પુત્ર, સંબંધીઓ, ભાઇઓ અને બાંધવોને નહીં ગણકારીને, અમારા આવવાના કારણને જાણનારા આપની પાસે, આપના ગાયનથી મોહ પામીને પોતાની મેળે ચાલી આવેલી સ્ત્રીઓ છીએ, તે સ્ત્રીઓનો રાત્રીના સમયમાં તમારા વિના બીજો કોણ ત્યાગ કરે.[૧૬] તમારૂં હસતું મુખારવિંદ, પ્રેમપૂર્વક જોવું, લક્ષ્મીના સ્થાનકરૂપ મોટું વક્ષ:સ્થળ, એકાંતના સંકેત તેને જોઇને અમારા મનમાં કામદેવનો ઉદય થયેલો છે, તેથી આપની ઝંખના કરતું અમારૂં મન વારંવાર મુંઝાય છે.[૧૭] હે શ્રીકૃષ્ણ ! આપનું પ્રાકટ્ય વન અને વ્રજમાં રહેનારાઓના દુ:ખને મટાડનાર છે, અને જગતના અત્યંત મંગળરૂપ છે, માટે અમારાં મન તમારી કામનાથી વ્યાપ્ત છે, તેઓને પોતાના ભક્તજનોના હૃદયના રોગનો નાશ કરનાર જે અત્યંત ગુપ્ત ઔષધ છે, તે થોડુંક પણ આપો. એ ઔષધને તમે જાણો છો.[૧૮] (અત્યંત પ્રેમથી વ્યાકુળ થઇ રોતી રોતી બોલે છે) હે પ્રિય ! તમારા જે સુકોમળ ચરણારવિંદને અમે અમારા કઠણ સ્તન ઉપર બીતી બીતી ધરીએ છીએ, તે ચરણારવિંદથી તમે તો વનમાં ફરો છો, તો એ ચરણારવિંદ ઝીણી કાંકરીઓ આદિથી વ્યથા નહીં પામતું હોય ? આવો વિચાર કરીને તો તમોને જ આધીન જેમનું જીવન છે, એવી જે અમો તે

www.jayswaminarayan.org www.bhujmandir.org

અમારી બુદ્ધિ મુંઝાઇ જાય છે, અમારી બુદ્ધિને ચક્કર આવી જાય છે.[૧૯]

यत्ते सुजातचरणांबुरुहं स्तनेषु भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ।
तेनाटवीमटसि तद्व्यथते न किंचित् कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો એકત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૨

## ગોપીઓના વિરહથી પીગળેલા શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થઇ, માન આપી, ગોપીઓને શાંત કરી.

॥ श्रीशुकउवाच ॥

इति गोप्यः प्रगायंत्यः प्रलपंत्यश्च चित्रधा । रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે ગાતી અને વિચિત્ર પ્રકારે પ્રલાપ કરતી ગોપીઓ ભગવાનનાં દર્શનની ઇચ્છાથી ઉંચે સ્વરે રોવા લાગી.[૧] તે સમયે પીતાંબર તથા માળાને ધરનાર, સાક્ષાત્ કામદેવને પણ મોહ પમાડનાર અને જેમનું મુખારવિંદ હસતું હતું એવા ભગવાન તે ગોપીઓની વચમાં પ્રકટ થયા.[૨] તે પ્રિય શ્રીકૃષ્ણને આવ્યા જોઇ જેની દૃષ્ટિઓ પ્રીતિથી પ્રફુલ્લિત થઇ ગઇ છે. એવી સર્વે સ્ત્રીઓ જેમ પ્રાણ આવવાથી ઇન્દ્રિયો ઉઠે તેમ એક સામટી ઉભી થઇ.[૩] કોઇ ગોપીએ પ્રેમથી ભગવાનનું હસ્તકમળ પોતાની અંજલીમાં લીધું, કોઇએ ચંદનથી શોભી રહેલા ભગવાનના હાથને પોતાના ખભાપર ધર્યો.[૪] કોઇએ ભગવાનનું ચાવેલું પાનબીડું પોતાના હાથમાં લીધું, કામજ્વરથી તપી રહેલી કોઇ ગોપી ભગવાનનું ચરણ કમળ પોતાના સ્તન ઉપર ધર્યું.[૫] સ્નેહના કોપથી પરવશ થયેલી કોઇ ગોપી હોઠ ડંસીને તથા ભ્રમર ચઢાવીને કટાક્ષ નાખવાથી જાણે પ્રહાર કરતી હોય તેમ જોવા લાગી.[૬] નહીં મીંચેલી આંખોથી ભગવાનના મુખારવિંદને જોયા છતાં પણ વારંવાર જોયા કરતી કોઇ ગોપી જેમ ભગવાનના ચરણને સેવવાથી સત્પુરૂષો તૃપ્તિ ન પામે તેમ તૃપ્તિ ન પામી.[૭] નેત્રરૂપ દ્વારથી ભગવાનને હૃદયમાં લઇ, આંખ્યો મીંચી જઇ, જેનાં રૂવાડાં ઉભાં થઇ ગયાં હતાં એવી કોઇ ગોપી યોગીની પેઠે ભગવાનનું આલિંગન કરીને આનંદમાં જ ડૂબી ગઇ.[૮] ભગવાનના દર્શનના પરમ આનંદથી સુખ પામેલી તે સર્વે ગોપીઓએ જેમ ઇશ્વરને પામી મુમુક્ષુ લોકો તાપ છોડી દે, જેમ બ્રહ્મવેત્તાને પામી સંસારી લોકો તાપ છોડી દે, અને જેમ સુષુપ્તિના સાક્ષીને પામી વિશ્વ અને તૈજસ જીવ તાપ છોડી દે, તેમ વિરહનો તાપ છોડી દીધો.[૯] હે રાજા ! તે સમયે શોક રહિત થયેલી તે વ્રજાંગનાઓથી વીંટાએલા શ્રીકૃષ્ણ, જેમ સત્વાદિક શક્તિઓથી ઇશ્વર શોભે, ઉપાસક પુરૂષ જેમ જ્ઞાનાદિક શક્તિથી શોભે, અને જીવ જેમ ચોવીસ તત્ત્વાત્મક શક્તિઓથી શોભે તેમ અત્યંત શોભવા લાગ્યા.[૧૦] તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન તે સ્ત્રીઓને લઇ યમુનાના કાંઠા ઉપર પધાર્યા. એ સુખકારી કાંઠામાં ખીલી રહેલાં કુંદ અને મંદારના પુષ્પોની સુગંધીવાળા પવનને લીધે ભ્રમરો ઉડતા હતા.[૧૧] શરદઋતુના ચંદ્રમાનાં કિરણોના સમૂહથી રાત્રીનું અંધારૂં મટી ગયું હતું, યમુનાજીએ પોતાના તરંગોથી કોમળ રેતી પાથરી દીધી હતી.[૧૨] જેમ કર્મકાંડમાં પરમાત્મા નહીં દેખાવાને લીધે તે તે કામનાઓથી અપૂર્ણ જેવી જણાતી શ્રુતિઓ, જ્ઞાનકાંડમાં પરમાત્માને દેખી તેના આનંદથી પૂર્ણ થવાને લીધે સર્વે કામનાને છોડી દે છે, તેમ પ્રથમ ભગવાનનાં દર્શનથી આતુર થયેલી ગોપીઓએ ભગવાનનાં દર્શનના આનંદથી પૂર્ણકામ થઇને હૃદયના સર્વે સંતાપ છોડી દીધા. (ગીત પૂર્ણ) આવી રીતે પૂર્ણકામ થયા છતાં પણ પ્રેમને લીધે તે ગોપીઓ અંતર્યામી એવા શ્રીકૃષ્ણને માટે સ્તન ઉપરના કેસરોથી રંગાયેલાં પોતાનાં ઉત્તરીય વસ્ત્રોથી આસન કરી આપ્યું.[૧૩] ગોપીઓએ માન આપેલા, ગોપીઓની સભામાં બેઠેલા, ત્રૈલોક્યની શોભાના એક સ્થાનકરૂપ શરીરને ધારણ કરતા અને યોગેશ્વરોના અંતઃકરણમાં આસન કરનારા ભગવાન, તે ગોપીઓએ આપેલા આસન પર બેસીને શોભવા લાગ્યા.[૧૪] ભગવાનના ચરણ અને હસ્તને પોતાના ખોળામાં લઇ ચાંપતી એવી ગોપીઓ હાસ્ય તથા લીલા સહિત જોવાથી શોભતી એવી ભ્રકુટીના વિલાસથી, કામદેવને વધારનાર ભગવાનનો સત્કાર કરી, બીજી વાતોનો પ્રસંગ લાવીને કાંઇક રીસને લીધે ગોપીઓ આપ્રમાણે ભગવાનને પૂછ્યું.[૧૫]

ગોપીઓ પૂછેછે- હે કૃષ્ણ ! કેટલાક પુરૂષો પોતાને ભજનારાને પોતાના ભજનના પ્રમાણમાં ભજે છે, કેટલાક તેના ભજનની અપેક્ષા નહીં રાખતાં નહીં ભજનારાઓને પણ ભજે છે અને કેટલાએક ભજનારાઓને પણ ભજતા નથી. આ વિષયનું અમારી પાસે સારી રીતે વિવેચન કરી કહો.[૧૬]

શ્રી ભગવાન કહે છે- હે સખીઓ ! જેઓ પરસ્પરને ભજે છે એટલે ભજનારાઓને ભજે છે, તેઓ બીજાને ભજતા નથી પણ પોતાને જ ભજે છે, કેમકે એ લોકોનું ભજન કેવળ પોતાનો સ્વાર્થ મેળવવાના ઉદ્યમરૂપ હોય છે, એ ભજન વાસ્તવિક રીતે ગાય, ભેંસની ચાકરી કર્યા જેવું સ્વાર્થરૂપ હોય છે, માટે તેવા ભજનમાં સાચો સ્નેહ નહીં રહેવાને લીધે સુખ નથી અને દેખીતા ફળનો ઉદ્દેશ હોવાને લીધે ધર્મ પણ નથી.[૧૭] હે સુંદરીઓ ! નહિ ભજનારાઓને પણ ભજનારા બે પ્રકારના છે. એક તો દયાળુ લોકો અને બીજા માતા-પિતા જેવા સ્નેહી લોકો. તેમાં સંસૃતિના દુઃખને પામેલા જનોને જોઇને સ્વાર્થથી રહિત કેવળ દયાળુ સાધુપુરુષો પોતાને નહિ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ભજનારા એવા જનોને પણ ભગવાનના જ્ઞાનનો ઉપદેશ આપીને સંસાર થકી તારે છે. માટે દયાળુ થઇને ભજવામાં નિર્દોષ ધર્મ રહ્યો છે. અને માતા પિતા પોતાને નહિ ભજનારા એવા પણ પુત્રોનું પોષણ કરે છે. તેમાં સાચો પ્રેમ રહ્યો છે.[૧૮] હવે ત્રીજા પ્રશ્ન વિષે કહું છું. જેઓ ભજનારાઓને પણ ભજતા નથી, ત્યારે નહીં ભજનારાઓને તો ક્યાંથી ભજે ? એવા હોય છે તેઓ ચોર પ્રકારમાં સમાય છે. એક તો આત્મારામ, બીજા પ્રિય પદાર્થ દેખવામાં આવતાં પણ પોતે પૂર્ણકામ હોવાને લીધે ભોગની ઈચ્છા વગરના અર્થાત્ જેઓને સર્વે સંપૂર્ણ હોવાથી કોઇ પદાર્થની અપેક્ષા નથી તેઓ. ત્રીજા અકૃતજ્ઞ (ઉપકારને નહીં જાણનારા) ચોથા ગુરૂદ્રોહી. છેલ્લા પ્રશ્નમાં શ્રીકૃષ્ણ આવી જાય છે એમ માની ગોપીઓ સામ સામા આંખના ઈશારા કરી એકબીજાને જણાવવા લાગી અને છાનું માનું હસવા લાગી તે જોઇને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા.[૧૯] હે સખીઓ ! હું તેમાંથી કોઇ પણ પ્રકારનો નથી, પણ પરમ દયાળુ અને પરમ સ્નેહી છું; કેમકે ભજનારાઓનું મારામાં નિરંતર ધ્યાન રહે તેને માટે, હું ભજતો હોય તેને પણ ભજતો નથી. જેમ નિર્ધન માણસ પોતાને મળેલું ધન જતું રહેતાં તેની ચિંતાથી એવો વ્યાપ્ત થઇ જાય છે કે તેને બીજું ભૂખ તરસ આદિનું પણ જ્ઞાન રહેતું નથી, અર્થાત્ તેનું ધ્યાન નિરંતર ધનમાં જ રહે. એજ રીતે તમો યોગ્ય અયોગ્ય નહીં જોવાથી લોકનો, ધર્મ અધર્મ નહીં જોવાથી વેદનો, અને સ્નેહ છોડી દેવાથી સંબંધીઓનો પણ મારે માટે ત્યાગ કર્યો છે, તમારૂં ધ્યાન મારામાં જ નિરંતર રહે તેને માટે હું અંતર્ધાન થઇ ગયો હતો, અને એવી રીતે અદૃષ્ય રહીને પણ તમારાં પ્રેમનાં વચન સાંભળતો હતો. માટે, હે પ્યારી સ્ત્રીઓ ! તમે મને ન જુઓ એ રીતે હું તમોને ભજતો હતો, અને તમારા પ્રેમના આલાપ સાંભળતો હતો, તેથી પ્રિયતમ એવો જે હું તે મારા ઉપર દોષારોપણ કરવાને તમે યોગ્ય નથી.[૨૦-૨૧] આ વાત પડતી મૂકીને હવે વાસ્તવિક વાત કહું છું તે સાંભળો. જે તમો મારી સાથે નિર્દોષ રીતે જોડાએલી છો, તેથી દેવતાઓ જેટલી આયુષ્યથી પણ હું તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી. કારણ કે તોડી ન શકાય એવી ઘરરૂપી સાંકળોને તોડી નાખીને તમોએ મારૂં સેવન કર્યું છે, માટે એ તમારા ઉપકારનું ઋણ તમારી સુશીલતાથી જ મારા ઉપરથી ઉતરવું જોઇએ, પણ મેં કરેલા પ્રત્યુપકારથી ઉતરે એમ નથી.[૨૨]

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः । या माऽभजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥२२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો બત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૩

## ગોપીઓની સાથે રાસલીલા તથા જળલીલા કરતા ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः । जहुर्विरहजं तापं तदंगोपचिताशिषः ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે ભગવાનનાં અત્યંત કોમળ વચન સાંભળીને જેના મનોરથો પૂર્ણ થયા છે, એવી ગોપીઓનો વિરહથી થએલો તાપ મટી ગયો.[૧] પછી ત્યાં ભગવાને પોતાને અનુસરનારી, રાજી થયેલી અને પરસ્પરના હાથની સાથે હાથ ગુંથી લઇને ઉભેલી એ ઉત્તમ વ્રજાંગનાઓની સાથે રાસક્રીડા કરવાનો પ્રારંભ કર્યો.[૨] સર્વે ગોપીઓ મંડલાકારથી ઉભી રહી, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતાની શક્તિથી બે બે ગોપીઓની વચમાં એક એક રૂપથી પ્રવેશ કર્યો અને તેમણે પોતાના બન્ને પડખાની ગોપીઓના કંઠોમાં હાથ મૂક્યા. પ્રત્યેક ગોપી એમ માનવા લાગી કે- ભગવાન મારી પાસે જ છે અને મારૂં જ આલિંગન કર્યું છે. આવી રીતે રાસોત્સવ ચાલુ થયો, તેટલી વારમાં ઉત્સાહથી ચિત્ત ખેંચાયાને લીધે પોતપોતાની સ્ત્રી સહિત દેવતાઓ આકાશ માર્ગે જોવા આવ્યા, તેથી સેંકડો વિમાનોની આકાશમાં ભીડ જામી.[૩-૪] પછી દુંદુભી વાગવા લાગ્યાં. ફુલની વૃષ્ટિઓ પડવા લાગી, સ્ત્રીઓ સહિત મોટા મોટા ગંધર્વો ભગવાનના નિર્મળ યશને ગાવા લાગ્યા.[૫] રાસમંડળમાં શ્રીકૃષ્ણ સહિત ગોપીઓના કંકણ, ઝાંઝર અને ઘુઘરીઓનો તુમુલ શબ્દ થયો.[૬] જેમ બબે સોનાના મણીઓની વચમાં નીલમણી શોભે તેમ સોના જેવા વર્ણવાળી તે બબ્બે ગોપીઓની વચમાં દેવકીના પુત્ર નીલવર્ણવાળા શ્રીકૃષ્ણ શોભવા લાગ્યા.[૭] પગ માંડવા, હાથ હલાવવા, મંદ હાસ્ય સહિત ભ્રકુટીના વિલાસ, જાણે કટકા થઇ જતી હોય તેમ વળતી કટિઓ, હાલતાં સ્તન, હાલતાં વસ્ત્ર, ગંડસ્થળમાં હાલતાં કુંડળ અને પસીનાવાળાં મોઢાંઓથી શોભતી ભગવાનનું ગાયન કરતી અને જેઓના કેશ તથા કટીમેખળાઓની ગાંઠો ઢીલી પડી જતી હતી, એવી ગોપીઓ મેઘના સમૂહમાં વિજળીઓની પેઠે શોભતી હતી.[૮] નાચતી, જાતજાતના સ્વરોથી મધુર કંઠવાળી, રતિમાં પ્રીતિવાળી અને ભગવાનના સ્પર્શથી રાજી થયેલી ગોપીઓ ઉંચાસ્વરેથી ગાવા લાગી, તે ગાયનથી સર્વે જગત શબ્દથી ભરપૂર થઇ ગયું.[૯] કોઇ ગોપીએ ભગવાનના સ્વરની સાથે પોતાના સ્વરનો આલાપ ન મળતો હોવાને કારણે તે સમયે જ ધ્રુવ તાલ કરીને પોતાનો સ્વર ઉંચો કર્યો, તેથી ભગવાને રાજી થઇને તેને વાહ વાહ કહી સત્કાર કર્યો અને માન આપ્યું.[૧૦] રાસથી થાકેલી અને જેનાં કંકણ તથા મલ્લિકાનાં ફુલ શિથિલ થઇ જતાં હતાં એવી કોઇ ગોપી પોતાના હાથથી પડખામાં રહેલા ભગવાનનો ખભો પકડીને ઉભી રહેતી હતી.[૧૧] કોઇ ગોપી કમળ સરખી સુગંધવાળા ચંદનથી લીંપાએલા અને પોતાના ખભા ઉપર રહેલા શ્રીકૃષ્ણના હાથને સુંઘી રૂવાડાં ઉભાં થઇ જતાં ચુંબન કરવા

www.jayswaminarayan.org
www.bhujmandir.org

લાગી જતી હતી.[૧૨] કોઇ ગોપી નૃત્યને ચાલતાં કુંડળોની કાંતિથી શોભી રહેલા ગાલને જ્યારે શ્રીકૃષ્ણના ગાલ સાથે જોડી દેતી હતી, ત્યારે ભગવાન તેને ચાવેલું પાન આપતા હતા.[૧૩] નાચતી, ગાતી અને જેનાં ઝાંઝર તથા કટીમેખળા શબ્દ કરતા હતા એવી કોઇ ગોપી થાકી જવાને લીધે પડખામાં ઉભેલા શ્રીકૃષ્ણનો હસ્ત પોતાના સ્તન ઉપર ધારણ કરતી હતી.[૧૪] લક્ષ્મીજીના પરમ પ્રિય ભગવાનનો પતિરૂપે સમાગમ પામી, તેમનું ગાયન કરતી અને શ્રીકૃષ્ણના હાથ જેના ગળામાં લાગ્યા હતા એવી ગોપીઓ ભગવાનની સાથે વિહાર કરતી હતી.[૧૫] ત્યાં સ્ત્રીઓ સહિત ગાંધર્વો અને કિન્નરાદિક વાજાં વગાડતા હતા અને ગવૈયા બન્યા હતા, છતાં તેઓ સર્વે રાસના આવેશથી મોહ પામતાં અને નાચવા લાગી જતાં કંકણ અને ઝાંઝર જ જેમાં વાજાંનું કામ કરતાં હતાં, અને આવી તે રાસમંડળીમાં ગોપીઓ ભગવાનની સાથે નાચતી હતી, કાન ઉપરનાં પુષ્પના ગુચ્છોથી, કેશથી શોભી રહેલા ગાલથી અને પસીનાથી તેઓનાં મોઢાં શોભી રહ્યાં હતાં. નાચ કરતાં કેશમાંથી ફુલની માળાઓ ખરી પડતી હતી તેથી એવું જણાતું હતું કે તાલની ગતિથી રાજી થયેલા કેશ જાણે માથાં હલાવીને પગ ઉપર ફુલની વૃષ્ટિ કરતા હોય.[૧૬] ગોપીઓ જેમ ભગવાનની સાથે નાના પ્રકારના વિલાસોથી રમતી હતી તેમ ભગવાન પણ આલિંગન, હાથના સ્પર્શ, સ્નેહથી જોવું, ઉત્તમ વિલાસ અને હાસ્યથી તે ગોપીઓની સાથે રમતા હતા. બાળક જેમ પોતાની સમાન બીજાં બોળકોની સાથે ક્રીડા કરે તેમ પોતાના સાધર્મ્યપણાને પામેલી ગોપીઓ સાથે ભગવાન ક્રીડા કરતા હતા.[૧૭] હે રાજા ! ભગવાનનો અંગસંગ મળવાની પ્રીતિથી પરવશ થયેલી અને જેનાં માળા તથા આભરણ ખસી જતાં હતાં એવી ગોપીઓના કેશ, સાડીઓ કે સ્તન ઉપરની ડગલીઓ શિથિલ થઇ જતી હતી. તેઓની સંભાળ રાખવાને પણ સમર્થ રહી ન હતી.[૧૮] ભગવાનની રાસક્રીડા જોવાથી દેવતાની સ્ત્રીઓ પણ કામાતુર થઇને મોહ પામી ગઇ અને ચંદ્રમા પણ ગ્રહનક્ષત્રાદિકના મંડળ સહિત વિસ્મય પામી ગયો હતો.[૧૯] જેટલી ગોપીઓ હતી તેટલાં જ પોતાનાં શરીર ધારણ કરીને પોતે આત્મારામ હોવા છતાં પણ ગોપીઓની સાથે રમ્યા.[૨૦] હે રાજા ! દયાળુ ભગવાન અત્યંત વિહારથી થાકી ગયેલી એ ગોપીઓનાં મોઢાં પોતાના પરમ સુખદાયી હાથથી સાફ કરતા હતા.[૨૧] ચળકતાં સોનાનાં કુંડળ અને કેશની કાંતિથી થયેલી ગાલ ઉપરની શોભાવડે અને અમૃત સમાન મંદ હાસ્ય સહિત જોવાથી ભગવાનને માન આપતી અને ભગવાનના નખના સ્પર્શથી પરમ સુખ પામતી વ્રજાંગનાઓ ભગવાનના પવિત્ર કર્મોનું ગાયન કરતી હતી.[૨૨] થાકી રહેલા અને જેને લોક તથા મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું એવા ભગવાન, જેમ હાથી હાથણીઓની સાથે જળમાં પ્રવેશ કરે તેમ ગોપીઓની સાથે થાક ઉતારવા માટે જળમાં પ્રવેશ કર્યો અને તે સમયમાં અંગસંગથી મર્દન પામેલી અને સ્તનનાં કેસરોથી રંગાએલી માળાના ભ્રમરાઓ પણ ગાંધર્વોની પેઠે ગાયન કરતા તેમની પછવાડે ગયા.[૨૩] હે રાજા ! જળની અંદર ખડખડાટ હસતી યુવાન ગોપીઓ ચોતરફથી ભગવાન ઉપર પાણી ઉડાડતી પ્રેમ પૂર્વક જોતી હતી. બીજી તરફ વિમાનમાં બેઠેલા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરી ભગવાનની સ્તુતિ કરતા હતા, આવા ભગવાન પોતે આત્મારામ છતાં પણ મોટા હાથીના જેવી લીલાથી જળમાં રમ્યા.[૨૪] પછી ભ્રમરો અને સ્ત્રીઓના ટોળાંથી વીંટાએલા ભગવાન, જેમ મદ ઝરતો હાથી હાથણીઓની સાથે ફરે તેમ જળ અને સ્થળનાં પુષ્પોની સુગંધીવાળા પવનથી જેની દિશાઓ અને સ્થળ વ્યાપ્ત હતાં, એવા યમુનાજીના ઉપવનમાં ફર્યા.[૨૫] આ પ્રમાણે સત્ય સંકલ્પવાળા, સ્નેહ ભરેલી સ્ત્રીઓના સમૂહમાં રહેલા અને જેને પોતાના વીર્યને સ્ખલિત થવા દીધું નથી, એવા ભગવાને ચંદ્રમાના કિરણોથી શોભી રહેલી શરદઋતુની રાત્રીઓમાં, શરદઋતુમાં કરવાની જે જે લીલાઓ સાહિત્યના ગ્રંથોમાં લખેલી છે તે સર્વે કરી.[૨૬]

પરીક્ષિત રાજા પૂછે છે- હે મહારાજ ! ધર્મનું સ્થાપન કરવાને માટે અને અધર્મનો નાશ કરવાને માટે જગતના ઈશ્વર ભગવાન પોતે બલરામની સાથે અવતર્યા છે, તો ધર્મની મર્યાદાઓને કહેનારા, કરનારા અને રક્ષણ કરનારા તે ભગવાને માત્ર અધર્મરૂપ અને મહાસાહસરૂપ પરસ્ત્રીઓનો સંગ કેમ કર્યો ?[૨૭-૨૮] હે મુને ! ભગવાન પૂર્ણકામ હોવાને લીધે તેમણે કરેલું આ કામ અધર્મરૂપ ન કહેવાય, એમ આપ ધારતા હો તો કાંઇ પણ કામના નહીં હોવા છતાં, આવું નિંદિત કામ શા અભિપ્રાયથી કર્યું ? એ વિષયનો અમારો સંશય દૂર કરો.[૨૯]

શુકદેવજી કહે છે- બ્રહ્મા, ઈંદ્ર, ચંદ્રમા અને વિશ્વામિત્ર આદિ મહાત્મા પુરૂષોએ ધર્મનું ઉલ્લંઘન અને સાહસ પણ કરેલા છે, પરંતુ અગ્નિને જેમ સર્વ પદાર્થનું ભક્ષણ કરવાથી દોષ લાગતો નથી, તેમ તેજસ્વી પુરૂષોને ધર્મનું ઉલ્લંઘન કરવાનો કે સાહસ કર્મ કરવાનો દોષ લાગતો નથી.[૩૦] આ ઉપરથી એમ સમજવું નહીં કે મોટાઓનું જોઇને બીજા પુરૂષો પણ એ પ્રમાણે કરશે. કેમકે દેહાદિકના અભિમાનવાળા જીવકોટિના પુરૂષે તો મનથી પણ કદી આવું કામ કરવું યોગ્ય નથી. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું ઝેર સદાશિવ પી ગયા હતા, પણ તેને જોઇને બીજો કોઇ ઝેર પીએ તો જેમ મરણ પામ્યા વિના રહે જ નહીં, તેમ મૂર્ખપણાથી બીજો કોઇ આવું કામ કરે તો તેનું અકલ્યાણ થયા વિના રહે જ નહીં.[૩૧] આ ઉપરથી સદાચારનું પ્રમાણપણું મટી જાય છે એમ પણ સમજવું નહીં, કેમકે મોટાપુરૂષોનું વચન પ્રમાણરૂપ હોય છે, પણ તેઓનું આચરણ તો કોઇ સમયે પ્રમાણરૂપ ગણાય નહીં. એટલા માટે પોતાના વચનથી વિરૂદ્ધ નહીં જતું, એવું જે જે મહાપુરુષોનું આચરણ હોય તે પ્રમાણે જ બુદ્ધિમાને ચાલવું જોઇએ.[૩૨] હે રાજા ! દેહાભિમાન વગરના એ મહાત્મા પુરૂષોને સત્કર્મ કરવાથી કશો લાભ થતો નથી અને દુષ્કર્મ કરવાથી કશો અનર્થ થતો નથી.

www.jayswaminarayan.org
www.bhujmandir.org

અર્થાત્ પ્રારબ્ધકર્મનો ક્ષય કરવો એજ મહાત્મા પુરૂષોને કરવાનું હોય છે. બીજું કોઇ પ્રયોજન હોતું નથી.[૩૩] આ પ્રમાણે જ્યારે બીજા મહાત્મા પુરૂષોને પણ પાપપુણ્યનો સંબંધ નથી, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કે જે પશુ, પક્ષી, મનુષ્ય અને દેવતા આદિ પોતાના નિયમ તળે રહેનારાં સર્વ પ્રાણીઓના નિયામક છે, તેમને તો પાપ કે પુણ્યનો સંબંધ કેમ જ હોય ?[૩૪] જેના ચરણારવિંદની રજના સેવનથી તૃપ્તિ પામેલા અને યોગના પ્રભાવથી જ સઘળાં કર્મ બંધનોને તોડી નાખનારા મુનિઓ પણ બંધન નહીં પામતાં યથેષ્ટ આચરણ કરે છે, તો પોતાની ઈચ્છાથી અવતાર ધરનાર તે ભગવાનને તો ક્યાંથી જ બંધન થાય ? આ સમાધાન ગોપીઓનું પરસ્ત્રીપણું સ્વીકારીને થાય છે, પણ વાસ્તવિક વિચારીએ તો ભગવાનને કોઇ પરસ્ત્રી જ નથી, કેમકે ગોપીઓના, તેઓના પતિઓના અને સર્વે પ્રાણીઓના અંતર્યામી અને બુદ્ધિઆદિના જે સાક્ષી છે, તે જ ઈશ્વરલીલાથી અહીં દેહધારી થયા હતા. આપણા જેવા ન હતા કે જેથી એને દોષ લાગે.[૩૫-૩૬] પોતે પૂર્ણકામ છતાં એવા કામમાં પ્રવૃત્તિ કરી તેનું કારણ એ છે કે પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાને માટે તેમણે મનુષ્યદેહ ધર્યો હતો. તે દેહ ધરીને એવી ક્રીડા કરી કે જે ક્રીડાઓને સાંભળનારાઓનું મન તેમનામાં જ લાગે. શૃંગાર રસમાં જેનું મન લાગી રહ્યું હોય એવા અત્યંત બહીર્મુખ લોકોને પણ પોતામાં રૂચિ કરાવવા સારૂં આવું કામ કર્યું હતું.[૩૭] ભગવાનની માયાથી મોહ પામેલા અને તેથી પોતાની સ્ત્રીઓ ભગવાનની પાસે ગઇ છતાં પણ તેઓને પોતપોતાના પડખામાં જ સૂતેલી માનતા ગોવાળોને ભગવાનની ઉપર કાંઇ પણ દ્વેષ આવ્યો નહીં. .[૩૮] ભગવાન ઉપર પ્રેમ ધરાવનારી ગોપીઓ જો કે પોતાને ત્યાંથી જવાની ઈચ્છા ન હતી તોપણ પાછલી બે ઘડી રાત રહી તે સમયે ભગવાનની આજ્ઞાથી પોતાને ઘેર ગઇ.[૩૯] ગોપીઓની સાથે શ્રીકૃષ્ણે વિહાર કર્યાની આ કથાને જે માણસ શ્રદ્ધાથી સાંભળે છે, અથવા વર્ણન કરે છે, તે માણસ ભગવાનમાં પરમ ભક્તિ મળવાથી થોડા કાળમાં ધીર થઈને તુરત હૃદયના રોગરૂપ કામદેવનો ત્યાગ કરે છે.[૪૦]

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥४०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો તેત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૪

## અજગરનો મોક્ષ તથા શંખચુડનો વધ કરતા શ્રીકૃષ્ણ ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः । अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेंबिकावनम् ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! એક દિવસે ગોવાળો પોતાના દેવની યાત્રા કરવાનો ઉત્સાહ થવાથી બળદગાડાં જોડી અંબિકા વનમાં ગયા હતા. (અંબિકાવન એ મથુરાથી પશ્ચિમમાં આવેલું એક તીર્થ છે.)[૧] હે રાજા ! ત્યાં સરસ્વતી નદીમાં સ્નાન કરી, પશુપતિ સદાશિવની અને દેવી અંબિકાની પૂજનના પદાર્થોથી પૂજા કરી.[૨] ''અમારા ઉપર દેવ પ્રસન્ન થજો'' એમ બોલી સર્વે ગોવાળો આદરભાવથી બ્રાહ્મણોને ગાયો, સુવર્ણ, વસ્ત્ર, મધ અને અન્નનાં દાન આપ્યાં.[૩] વ્રત કરનારા નંદ અને સુનંદ આદિ ભાગ્યશાળી ગોવાળો કેવળ પાણી પીને ઉપવાસ કરેલો હતો, તે રાત્રી સરસ્વતીને કાંઠે રહ્યા હતા.[૪] તે વનમાં બહુ જ ભૂખ્યો થયેલો કોઇ મોટો અજગર અણધાર્યો આવીને સૂતેલા નંદરાયને ગળવા લાગ્યો.[૫] સર્પ ગળવા માંડેલા તે નંદરાય ઉંચે સાદે કહેવા લાગ્યા કે- હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! આ મોટો સર્પ મને ગળી જાય છે. માટે હે બાપ ! શરણાગત એવો હું તે મને છોડાવો.[૬] નંદરાયની ચીસો સાંભળી તરત ઉઠેલા ગોવાળો નંદરાયને ગળેલા જોઇ સળગતાં લાકડાંથી અજગરને મારવા લાગ્યા.[૭] લાકડાં વાગવા છતાં પણ સર્પે નંદરાયને છોડ્યા નહીં, ત્યારે યાદવોના પતિ ભગવાને આવીને અજગરને પોતાનો પગ અડાડ્યો.[૮] ભગવાનના ચરણોના સ્પર્શથી જેનું પાપ ટળી ગયું છે, એવા અજગરનું શરીર છુટી જતાં વિદ્યાધરોએ પૂજેલું સ્વરૂપ પામ્યો.[૯] સોનાની માળાવાળા, દીપતા શરીરવાળા અને માથુ નમાવીને ઉભેલા એ પુરૂષને ભગવાને પૂછ્યું કે- તું કોણ છે ? અને કેવી રીતે પરવશ થઈને અજગરની નીચ યોનિને પામ્યો હતો.[૧૦-૧૧]

સર્પ કહે છે- હું લક્ષ્મી અને રૂપની સંપત્તિથી પ્રખ્યાત સુદર્શન નામનો કોઇ વિદ્યાધર હતો, તે વિમાનમાં બેસી દિશાઓમાં ફરતો હતો.[૧૨] એક સમયે રૂપના અભિમાનને લીધે મેં અંગિરાકુળના ઋષિઓ કે જે કુરૂપા હતા તેની હાંસી કરી, તેથી તેઓએ મારા પાપને યોગ્ય જ મને આ નીચ અવતાર આપ્યો હતો.[૧૩] હું ધારૂં છું કે એ દયાળુ બ્રાહ્મણોએ મારા ઉપર અનુગ્રહ કરવા સારૂં જ શાપ આપ્યો હતો, કેમકે આપ પરમેશ્વરના ચરણનો મને સ્પર્શ મળતાં મારાં પાપો નાશ પામી ગયાં છે.[૧૪] હે દુઃખનો નાશ કરનાર ! હું સાપયોનિથી છુટેલો છું. હવે હું પોતાના લોકમાં જવાને માટે, સંસારથી ભય પામેલા શરણાગતોના ભયને મટાડનારા આપની આજ્ઞા માગું છું.[૧૫] હે મોટા યોગી ! હે મહાપુરૂષ ! હું આપને શરણ છું. તો હે સર્વલોકના ઈશ્વરોના ઈશ્વર ! મને આજ્ઞા આપો.[૧૬] હે અચ્યુત ! તમારાં દર્શન મળતાં હું તરત બ્રાહ્મણોના શાપથી છૂટ્યો છું. જે તમારું નામ લેનાર સર્વે પુરૂષો સાંભળનારાઓને અને

www.jayswaminarayan.org
www.bhujmandir.org

પોતાને પણ તરત પવિત્ર કરે છે, તે આપના ચરણનો સ્પર્શ મળવાથી હું પવિત્ર થાઉં તેમાં શું કહેવું ?.[૧૭]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાનની આજ્ઞા લઇ પ્રદક્ષિણા કરી પ્રણામ કરી સુદર્શન સ્વર્ગમાં ગયો અને નંદરાય કષ્ટમાંથી છૂટ્યા.[૧૮] આ ભગવાનના વૈભવને જોઇ વિસ્મય પામેલા ગોવાળો, એ સ્થળમાં પોતાનો નિયમ પૂરો કરી પ્રીતિથી તે વિષયની વાતો કરતા પાછા વ્રજમાં ગયા.[૧૯] કોઇ સમયે અદ્‌ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ અને બલરામ એ બન્નેભાઇઓ રાત્રીએ વ્રજાંગનાઓના મધ્યમાં વિહાર કરતા હતા.[૨૦] સ્નેહથી બંધાએલી સ્ત્રીઓ સુંદર રીતે તેમનું ગાયન કરતી હતી. શરીરમાં શણગાર અને લેપન કર્યાં હતાં, માળાઓ પહેરી હતી તથા નિર્મળ વસ્ત્રો ધર્યાં હતાં.[૨૧] પ્રદોષ કાળે ચંદ્રમા અને તારાઓ ઉગ્યા હતા, મલ્લિકાની સુગંધથી ભ્રમરો મદોન્મત્ત થયા હતા અને ચંદ્રવિકાસી કમળોના સુગન્ધથી સુગંધીમાન વાયુ વાઇ રહ્યો હતો, તેને માન દેવા સારૂ એક સામટી સ્વરમંડળીઓના ચડ ઉતર આલોપો કરતા એ બન્ને સર્વ પ્રાણીઓના મનને અને કાનને પ્રિય લાગે એવું ગાયન કરતા હતા.[૨૨-૨૩] હે રાજા ! તેઓનું ગાયન સાંભળી આસક્ત થયેલી ગોપીઓને પોતાનાં વસ્ત્ર ખસી જવાનું અને કેશમાંથી માળા પડી જવાનું જ્ઞાન પણ રહ્યું ન હતું.[૨૪] આ પ્રમાણે બન્નેભાઇઓ મન ગમતી ક્રીડા કરતા હતા અને પ્રમત્તની પેઠે ગાતા હતા, ત્યાં શંખચુડ નામનો કુબેરનો અનુચર એક યક્ષ આવ્યો.[૨૫] હે રાજા ! બન્ને ભાઇઓ જેમના નાથ છે તથા ચીસો પાડતી એવી સ્ત્રીઓને એ બન્ને ભાઇઓના દેખતાં જ તે યક્ષ નિર્ભય રીતે ઉત્તર દિશામાં હરી જવા લાગ્યો.[૨૬] પોતાની ગોપીઓને હે કૃષ્ણ ! હે રામ ! એમ વાઘે પકડેલી ગાયોની પેઠે ચીસો પાડતી જોઇ, એટલે બન્ને ભાઇઓ પાછળ દોડ્યા.[૨૭] બીશો નહીં, બીશો નહીં. એમ અભય વચન બોલતા, વેગવાળા અને સાગનાં ઝાડ જેઓ હાથમાં પકડ્યાં હતાં એવા બન્ને ભાઇઓ તરત તે યક્ષની પાસે જઇ પહોંચ્યા.[૨૮] કાળ અને મૃત્યુ સરખા એ બે આવ્યા, તેને જોઇ ઉદ્વેગ પામેલા તે યક્ષ સ્ત્રીઓને છોડી દઇને જીવવાની ઇચ્છાથી ભાગ્યો.[૨૯] તે યક્ષ દોડીને જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં ભગવાન તેના માથાનો મણિ લઇ લેવા સારૂ પછવાડે દોડ્યા, અને બળદેવ સ્ત્રીઓની રક્ષા કરવા સારૂ ઉભા રહ્યા.[૩૦] તે યક્ષ દૂર ગયો હતો છતાં ભગવાન તરત ત્યાં પહોંચીને પોતાની મૂઠીનો પહાર કરી તે દુષ્ટના માથા શીખે ચુડામણિ લઇ લીધો.[૩૧] આ પ્રમાણે સ્ત્રીઓના દેખતાં શંખચુડને મારી નાખી તેનો કાંતિવાળો મણિ લાવીને શ્રીકૃષ્ણ ભગવાને પ્રીતિથી મોટા ભાઇને આપ્યો.[૩૨]

शंखचूडं निहत्यैवं मणिमादाय भास्वरम् । अग्रजायाऽददात् प्रीत्या पश्यन्तीनां च योषिताम्३२

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચોત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૫

## ભગવાન વનમાં જતાં યુગલગીત ગાઇને દુઃખથી દિવસો પસાર કરતી ગોપીઓ.

॥ श्रीशुकउवाच ॥

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः । कृष्णलीलाः प्रगायंत्यो निन्युर्दुःखेन वासरान् ॥१॥

શુકદેવજી કહે છે- રાત્રીમાં શ્રીકૃષ્ણે મનગમતી રીતે રમાડેલી ગોપીઓ, દિવસે કૃષ્ણ વનમાં જતાં તેમાં જ ચિત્ત લાગી રહેવાને લીધે તેમની લીલાઓનું ગાયન કરીને માંડ માંડ દિવસો વ્યતીત કરતી હતી.[૧]

ગોપીઓ ગાય છે- હે ગોપીઓ ! ડાબા ખભા ઉપર ડાબો ગાલ રાખી ચંચળ ભ્રકુટિવાળા ભગવાન પોતાના અધરમાં રાખેલ વેણુને જ્યારે તેના સ્વરનાં છિદ્રો ઉપર કોમળ આંગળીઓ ફેરવીને વગાડે છે, ત્યારે સિદ્ધ લોકોની સ્ત્રીઓ પોતાના પતિઓની સાથે હોવા છતાં પણ તે ગાયન સાંભળી, વિસ્મય પામી, કામદેવનાં બાણથી પરવશ થઇને લજાઇ જતાં મોહ પામે છે, અને તેઓને પોતાનાં વસ્ત્રો ખસી ગયાનું પણ ભાન રહેતું નથી.[૨-૩] હે સ્ત્રીઓ ! આ આશ્ચર્ય સાંભળો કે હાર જેવા ઉજ્જવળ હાસ્યવાળા, પીડિત લોકોને સુખ આપનાર અને જેનાં વક્ષઃસ્થળમાં વીજળી જેવી ચંચળ લક્ષ્મીજી રહે છે. એવા ભગવાન જ્યારે વેણુ વગાડે છે ત્યારે તે વેણુના શબ્દથી ચિત્ત હરાઇ જતાં ટોળેટોળાં બળદો, મૃગો અને ગાયો દૂરથી જ દાંતમાં જ કોળિયા રાખી મેલી અને કાન ઉંચા કરી જાણે ઉંઘી ગયાં હોય અને જાણે ચિત્રમાં આલેખેલાં હોય તેવાં થઇ જાય છે.[૪-૫] હે સખી ! મોર પીંછ, ગુચ્છ, ગેરુ વગેરે ધાતુ અને કુણાં પાંદડાંઓવડે મલ્લોના વેષનું અનુકરણ કરનારા અને બળદેવ તથા ગોવાળો સહિત શ્રીકૃષ્ણ જ્યારે વેણુ વગાડીને ગાયોને બોલાવે છે ત્યારે નદીઓ જાણે પવન દ્વારા આવેલી ભગવાનના ચરણારવિંદની રજને ઇચ્છતી હોય તેમ પોતાની ગતિને બંધ કરી દે છે, આપણી પેઠે નદીઓ પણ થોડાં ભાગ્યવાળી હોવાને લીધે તે રજને પામી શકતી નથી, એટલે કેવળ પોતાના તરંગરૂપી હાથ હલાવ્યા કરે છે અને જળને થંભાવી રાખે છે.[૬-૭] નારાયણની પેઠે અવિચળ લક્ષ્મીવાળા અને ગોવાળો તથા દેવાદિક પણ જેના પરાક્રમને ગાય છે એવા કૃષ્ણ જ્યારે વનમાં ફરતાં પર્વતોના તટોમાં ચરતી ગાયોને વેણુનાદથી બોલાવે છે, ત્યારે ભારથી નમેલી શાખાઓવાળી, ફળ ફુલથી સંપન્ન અને પ્રેમવડે રોમાંચિત ગાત્રવાળી વનની લતાઓ જાણે પોતાના હૃદયમાં પ્રકટ થયેલા વિષ્ણુને સૂચવતી હોય તેમ મકરંદની ધારાઓને વરસાવા લાગે છે, અને તેઓના પતિ વૃક્ષોને પણ તેવો જ આનંદ થાય છે.[૮-૯] વનમાળામાં

www.jayswaminarayan.org
www.bhujmandir.org

દિવ્ય ગંધવાળી તુલસીના મકરંદથી મત્ત થયેલા ભ્રમરાઓના ઉંચા તથા અનુકુળ ગાયનને માન આપતા અને સુંદરમાં શિરોમણિ ભગવાન જ્યારે વેણુનાદ કરે છે ત્યારે, તળાવનાં સારસ, હંસ અને બીજાં પણ પક્ષીઓ તે સુંદર ગાયનથી ચિત્ત ખેંચાતાં પોતાનાં સ્થાનકમાંથી આવીને આંખો મીંચી તથા મૌન પકડી ભગવાનની પાસે બેસે છે ! !.[૧૦-૧૧] હે ગોપીઓ ! બલરામ સહિત, મોતીની માળાનાં આભૂષણથી વિલાસ પામેલા, પર્વતોની આસપાસ ફરતા, આનંદ પામેલા અને બીજાને આનંદ પમાડતા ભગવાન જ્યારે વેણુના શબ્દથી જગતને પરિપૂર્ણ કરી મેલે છે, ત્યારે મેઘ પણ તે મહાત્માના અપરાધથી ભય પામીને આગળ વધતો નથી અને મોટી ગર્જના કરતો નથી, પણ ત્યાં જ સ્થિર રહીને વેણુના શબ્દની પછવાડે મંદમંદ ગર્જના કરે છે, અને જગતની પીડા હરવાને લીધે પોતાના સરખા કૃષ્ણની ઉપર છત્ર કરીને ઝીણાં ઝીણાં બિંદુરૂપ પુષ્પવૃષ્ટિ કરે છે.[૧૨-૧૩] હે યશોદા ! તમારો અનેક પ્રકારની ક્રીડાઓમાં ચતુર પુત્ર જ્યારે પોતાના હોઠ ઉપર વેણુ રાખીને પોતે જ નવી ઉત્પન્ન કરેલી સ્વરની જાતિઓને પ્રકટ કરે છે, ત્યારે ઈંદ્ર, શિવ અને બ્રહ્મા આદિક દેવતાઓ તે ગાયનનો શબ્દ મંદ, મધ્યમ અને ઉંચા પ્રકારથી જે દિશામાંથી આવે છે તે દિશામાં પોતાની ડોક અને ચિત્ત નમાવીને સાંભળવા છતાં અને પોતે વિદ્વાન છતાં પણ તે ગાયનનો ભેદ નહીં સમજાયાથી મોહ પામી જાય છે.[૧૪-૧૫] ધ્વજ, વજ્ર, કમળ અને અંકુશનાં વિચિત્ર ચિહ્નોવાળાં પોતાનાં ચરણરૂપી કમળની પાંખડીઓ વડે, પશુઓની ખરીઓના દબાણથી થતી વ્રજભૂમિની પીડાને શમાવતા અને હાથી સરખી ચાલવાળા ભગવાન જ્યારે વેણુનો નાદ કરતા ચાલે છે ત્યારે તેમના વિલાસ ભરેલા કટાક્ષને લીધે કામદેવના વેગથી વ્યાપ્ત થએલી અને ઝાડના જેવી સ્થિતિને પામેલી અમોને મોહના બળથી વસ્ત્રનું કે કેશનું પણ ભાન રહેતું નથી.[૧૬-૧૭] મણિઓની માળાને ધરનાર, કોઈ સમયે મણિઓથી ગાયોને ગણતા અને પ્યારી, ગંધવાળી તુલસીની માળાને પહેરનાર ભગવાન પોતાના સ્નેહી અનુચરના ખભા ઉપર હાથ મેલીને જ્યારે ગાય છે, ત્યારે વેણુના શબ્દથી જેનાં ચિત્ત હરાઈ જાય છે, એવી કાળિયાર મૃગની સ્ત્રીઓ, ગોપીઓની પેઠે ઘરની આશા છોડી દઈને અનેક ગુણના સમુદ્રરૂપ ભગવાનની પાસે જઈ તેમને અનુસરે છે પણ પાછી વળતી નથી.[૧૮-૧૯] હે યશોદા ! ઉત્સવને લીધે મોગરાના ફુલની માળાને ધરનારા ગોવાળો તથા ગાયોના ધણથી વીંટાએલા અને સ્નેહીઓને આનંદ આપનારા પુત્ર નંદકુમાર જ્યારે યમુનાજીમાં વિહાર કરે છે, ત્યારે પોતાના સ્પર્શથી ભગવાનને માન આપતો દક્ષિણનો મંદ પવન અનુકૂળ રીતે વીજણો નાખે છે, અને ગંધર્વાદિકનાં ટોળાં બંદિજનની પેઠે સ્તુતિ વાજાં વગાડી ગાયન અને ભેટથી તે ભગવાનનું સેવન કરવા મંડી પડે છે.[૨૦-૨૧] ગોવર્ધન પર્વતનું ધારણ કરવું એ આદિ કર્મોથી વ્રજ અને ગાયોનું રક્ષણ કરનાર, પરિશ્રમવાળી કાંતિથી પણ નેત્રોને આનંદ આપનાર, ખરીઓની રજથી ભરાઈ રહેલી માળાવાળા, ભક્તોના મનોરથોને પૂર્ણ કરવા સારૂ દેવકીના ઉદરથી ઉત્પન્ન થયેલા, વેણુનો નાદ કરતા અને અનુચર લોકો જેમની કીર્તિને ગાય છે, એવા શ્રીકૃષ્ણચંદ્ર સાયંકાળે સર્વે ગાયોના ધણને વાળીને જ્યારે વ્રજમાં પધારે છે. ત્યારે માર્ગમાં બ્રહ્માદિક પુરૂષો તેમના ચરણમાં પ્રણામ કરવા લાગે છે તેથી આવતાં કેટલીક વાર લાગી જાય છે.[૨૨-૨૩] કાંઈક મદથી ઘૂમતાં નેત્રવાળા, પોતાના સ્નેહીઓને માન આપનાર, થોડાક પાકેલાં બોરની પેઠે પાંડુવર્ણના મુખવાળા, વનમાળાને ધરનારા, સોનાના કુંડળની શોભાથી કોમળ ગંડસ્થળને શોભાવનાર, હાથીના જેવી ચાલવાળા, આ યાદવોના પતિ ભગવાન સાયંકાળે હસતે મોઢે જ્યારે વ્રજમાં પધારે છે, ત્યારે આપણે કે જેઓ વ્રજમાં બાંધી રાખેલી ગાયો છીએ તેનો દિવસમાં થયેલ ભારે તાપને ચંદ્રમાની પેઠે શમાવે છે, આવા ભગવાનનો વિરહ આપણાથી કેવી રીતે ખમી શકાય ?[૨૪-૨૫]

શુકદેવજી કહે છે- હે પરીક્ષિત રાજા ! આવી રીતે જેઓનું જીવન અને મન ભગવાનમાં જ હતું, એવી મહાભાગ્યશાળી ગોપીઓ ભગવાનની લીલાઓનું ગાયન કરીને દિવસમાં પણ રાજી રહેતી હતી.[૨૬]

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायतीः । रेमिरेऽहस्सु तच्चितास्तन्मनस्का महोदयाः ॥२६॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પાંત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૬

## અરિષ્ટાસુરનો વધ તથા શ્રીકૃષ્ણ અને બળદેવજીને વસુદેવના પુત્ર જાણી મથુરા લાવવા માટે કંસે કરેલી અક્રૂરને આજ્ઞા.

॥ श्रीशुकउवाच ॥

अथ तर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुर ः । महीं महाककुत्कायः कंपयन् खुरविक्षताम् ॥१॥

શુકદેવજી કહે છે- પછી બળદના રૂપને ધારણ કરનાર અરિષ્ટાસુર વ્રજમાં આવ્યો. એ દૈત્યની કાંધ અને શરીર ભારે મોટું હતું, અને ખરીઓથી ખોદી નાખેલી ધરતીને ધ્રુજાવતો હતો.[૧] અત્યંત કઠોર શબ્દ કરતો હતો, પગથી ધરતીને ઉખેડતો હતો, પૂછડું ઉંચું કરી શીંગડાંની અણીઓથી કાંઠા ખોદી નાખતો હતો.[૨] મૂતરતો અને પોદરા કરતો એવો એ અરિષ્ટાસુર એક નજરે જોઈ રહ્યો હતો, એનો કઠોર નાદ સાંભળી બીકને લીધે ગાયોના અને મનુષ્યોના ગર્ભ અચાનક સ્રવી જતા હતા, એની કાંધને પર્વત સમજી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

વાદળાં એની ઉપર બેસતાં હતાં.[૪] હે રાજા ! તીક્ષ્ણ શીંગડાંવાળા એ બળદરૂપી અરિષ્ઠાસુરને જોઇને ગોપીઓ અને ગોવાળો ત્રાસ પામ્યા, ભય પામેલાં પશુઓ ગોકુળને છોડી દઈને ભાગવા લાગ્યાં.[૫] એ સર્વે હે કૃષ્ણ ! હેકૃષ્ણ ! એમ બોલતાં ભગવાનના શરણે ગયાં, ભગવાને પણ ગોકુળને ભયથી ભાગતું જોઇ, બીશો માં, બીશો માં, આવાં વચનથી ધીરજ આપી, અરિષ્ઠાસુરને બોલાવ્યો કે હે મંદ ! હે મહાદુષ્ટ ! ગોવાળો અને પશુઓને બીવરાવવામાં તારું શું વળવાનું છે ? તારા જેવા દુષ્ટ અને દુરાત્માઓના બળ તથા ગર્વને હણનાર તો હું છું, આ પ્રમાણે બોલતા, ખભા ઠોકતા અને હાથની તાળીઓના શબ્દથી અરિષ્ઠાસુરને કોપ ઉત્પન્ન કરવા ભગવાન પોતાનો હાથ મિત્રના ખભા ઉપર લાંબો કરી ઉભા રહ્યા. આ પ્રમાણે કચવાયેલો ખરીથી ધરતીને ખોદતો અને પૂછડું ઉપર થવાને લીધે જેના શરીર ઉપરનાં વાદળાં વિખેરાઈ જતાં હતાં, એવો અરિષ્ઠાસુર ક્રોધ કરીને ભગવાનની સામે દોડ્યો.[૬-૯] જેની આંખ્યો લોહી જેવી લાલ અને અક્કડ હતી, એવો એ દૈત્ય કટાક્ષથી આડું જોઇ તથા શીંગડાં આગળ રાખી, ઈંદ્રે મૂક્લાં વજ્રની પેઠે તરત ભગવાન તરફ દોડ્યો.[૧૦] હાથી જેમ સામા હાથીને હઠાવે તેમ ભગવાને તેનાં શીંગડાં પકડીને તેને અઢાર પગલાં પાછળ હઠાવ્યો.[૧૧] ભગવાને હઠાવીને પૃથ્વી ઉપર પછાડેલો તે દૈત્ય કે જેનાં સર્વ અંગમાં પરસેવો વળ્યો હતો, હાંફતો હતો અને ક્રોધથી વ્યાપ્ત થયો હતો, તે પાછો ઉઠીને ભગવાન સામે દોડ્યો.[૧૨] આવતા તે દૈત્યનાં શીંગડાં પકડીને તેને ધરતી પર પછાડી, પગથી દબાવીને ભગવાને ભીના કપડાંની પેઠે નીચોવ્યો અને શીંગડું કાઢી લઈ તે શીંગડાથી જ તેને માર્યો એટલે તે મૃત્યુના ચિહ્નને પામ્યો.[૧૩] લોહી ઓકતો, મૂત્ર તથા વિષ્ટા કરતો, પગ પછાડતો અને જેની આંખ્યો ભમતી હતી, એવો દૈત્ય ઘણું કષ્ટ પામીને મરી ગયો. દેવતાઓ ભગવાનને પુષ્પોથી વધાવવા લાગ્યા અને સ્તુતિ કરવા લાગ્યા.[૧૪] આ પ્રમાણે બળદને મારી ગોવાળો જેની સ્તુતિ કરતા હતા એવા અને ગોપીઓનાં નેત્રોને આનંદરૂપ ભગવાન બળદેવ સહિત વ્રજમાં પધાર્યા.[૧૫] અદ્‌ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે અરિષ્ઠાસુરને મારતાં, દેવ સરખા જ્ઞાનવાળા નારદજીએ કંસને કહ્યું કે- જે કન્યા હતી તે યશોદાની દીકરી હતી. અને કૃષ્ણ દેવકીનો પુત્ર છે અને બળદેવ રોહિણીનો પુત્ર છે. એ બે પોતાના પુત્રોને વસુદેવે તારી બીકથી પોતાના મિત્ર નંદને આપેલા છે, કે જેઓ તારા અનુચરોને માર્યા છે, એ વાત સાંભળી કોપને લીધે જેની ઈંદ્રિયો ચલાયમાન થઈ છે. એવા કંસે વસુદેવને મારી નાખવા સારૂ સજાવેલી તલવાર ઉપાડી. પણ વસુદેવને અત્યારે મારી નાખીશ તો તેના પુત્રો ભાગી જશે માટે વસુદેવને હમણાં મારવો નહીં, આવી સલાહ આપીને નારદજીએ કંસને વાર્યો. પછી વસુદેવના પુત્રને પોતાના મૃત્યુરૂપ જાણી વસુદેવને અને દેવકીને કંસે લોઢાની બેડીઓથી બાંધી દીધા. નારદજી ગયા પછી કંસે કેશી દૈત્યને બોલાવી "તારે બલરામને અને કૃષ્ણને મારી નાખવા." એવી ભલામણ આપી ગોકુળમાં મોકલ્યો. પછી મુષ્ટિક, ચાણૂર, શલ અને તોશલ આદિ મલ્લોને, મંત્રીઓને અને હાથીના મહાવતોને બોલાવી કંસે કહ્યું કે- હે વીર લોકો ! હે ચાણૂર ! મારૂં વચન સાંભળો.[૧૬-૨૨] વસુદેવના પુત્ર રામ અને કૃષ્ણ નંદરાયના વ્રજમાં રહે છે. તેના હાથથી મારૂં મરણ થવાનું દેવતાઓએ કહેલું છે.[૨૩] માટે એ બે જણ અહીં આવે એટલે તમારે મલ્લયુદ્ધમાં તેને મારી નાખવા. મલ્લના અખાડાને ફરતા અનેક પ્રકારના બેસવાના મંચ તૈયાર કરાવો.[૨૪] સર્વે નગરના અને દેશના લોકોને એ યથેષ્ટ યુદ્ધ જોવાની છૂટ આપવી. હે મહાવત ! તારે અખાડાના દ્વારમાં આપણો કુવલ્યાપીડ હાથી રાખવો અને તેની પાસે મારા શત્રુને મરાવી નાખવો. ચૌદશને દિવસે વિધિ પ્રમાણે ધનુર્યાગનો આરંભ કરવો. અને વર આપનારા રૂદ્રના ઉદ્દેશથી પવિત્ર પશુઓને કાપવાં.[૨૫-૨૬] અર્થ શાસ્ત્રના જ સિદ્ધાંતને જાણનાર કંસે મલ્લાદિકને આ પ્રમાણે આજ્ઞા કરી, પછી યાદવોમાં ઉત્તમ અક્રૂરજીને બોલાવી તેમનો હાથ પોતાના હાથથી પકડી કહ્યું કે- હે અક્રૂર ! તમારે મારે માટે મિત્ર કાર્ય કરવાનું છે. ભોજ અને વૃષ્ણિકુળના યાદવોમાં મારો તમ જેવો સ્નેહી અને આદરવાળો બીજો કોઇ નથી.[૨૭-૨૮] એટલા માટે હે ભલા માણસ ! જેમ વિષ્ણુનો આશ્રય લઈ ઈંદ્રે સ્વાર્થ મેળવ્યો છે, તેમ સ્વાર્થ મેળવવાને માટે, તમે કે જે મોટા કાર્યના સાધનરૂપે હું તમારો આશ્રય લઉં છું.[૨૯] માટે હે અક્રૂર ! નંદના વ્રજમાં જાઓ, અને ત્યાં વસુદેવના બે દીકરા રહે છે તેને આ રથમાં બેસાડીને તરત અહીં તેડી આવો.[૩૦] વિષ્ણુના આશ્રયવાળા દેવતાઓ બે જણના હાથથી મારૂં મરણ નિશ્ચિત કર્યું છે, માટે એ બે જણને નંદાદિક ગોવાળોની સાથે અહીં લાવો. મારે માટે ભેટ લાવવાનું પણ ગોવાળોને કહેજો.[૩૧] એ બે જણ અહીં આવશે એટલે કાળ જેવા હાથીની પાસે તેને મરાવી નાખીશ અને એમાંથી છૂટશે તો પછી, વીજળીના અગ્નિ જેવા મલ્લોની પાસે મરાવી નાખીશ.[૩૨] એ બન્નેને મારી નાખ્યા પછી બહુ જ સંતાપને પામેલા વસુદેવાદિ તેના સંબંધીઓને અને બીજા પણ વૃષ્ણિ, ભોજ અને દાશાર્હકુળના યાદવોને મારી નાખીશ.[૩૩] વૃદ્ધ છતાં રાજ્યની ઈચ્છા રાખનારા મારા બાપ ઉગ્રસેનને, તેના ભાઈ દેવકને અને બીજા પણ મારા શત્રુઓ છે તેને હું મારી નાખીશ.[૩૪] પછી હે મિત્ર ! આ પૃથ્વી નિષ્કંટક થઈ રહેશે. જરાસંધ મારો સસરો છે, દ્વિવિદ વાનર મારો પ્યારો સખા છે. શંબરાસુર, નરકાસુર અને બાણાસુર મારી સાથે જ સ્નેહ રાખે છે. તેની સહાયતાથી હું દેવતાઓના પક્ષના રાજાઓને મારી નાખીને પૃથ્વીનું રાજ્ય કરીશ.[૩૫-૩૬] આ મારૂં પ્રયોજન, તેને જાણીને એ બાળક બળભદ્ર અને કૃષ્ણને ધનુષનો યજ્ઞ જોવાના અને મથુરાની શોભા જોવાના બહાનાથી તરત અહીં તેડી આવો.[૩૭]

અક્રૂર કહે છે- હે રાજા ! તમારો વિચાર સારો છે અને તે તમારા મરણને મટાડે એવો છે, તોપણ આવડો હઠાગ્રહ નહીં રાખતાં કામની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવે રહેવું જોઇએ, કેમકે ફળ આપવું એ દૈવના હાથમાં છે.[૩૮] દૈવે નાશ કરી નાખેલા એવા

www.jayswaminarayan.org www.bhujmandir.org

મનોરથોને પણ લોકો ભારે હઠાગ્રહથી કરે છે અને એમ કરવાથી હર્ષ અને શોકની પ્રાપ્તિ થાય છે, કોઇ સમયે પોતાના સુખને માટે કરેલાં એવાં પણ કર્મ વડે દુઃખની પ્રાપ્તિ થાય છે. અને કોઇ સમયે બીજાને દુઃખ આપવા માટે કરેલાં એવાં પણ કર્મવડે બીજાને દુઃખ થતું નથી અને ઉલટું પોતાને જ દુઃખ થાય છે. આવી વાસ્તવિક પરિસ્થિતિ છે. તોપણ હું તમારી આજ્ઞા પ્રમાણે કરીશ.[૩૯]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે અક્રૂરજીને આજ્ઞા કરી અને મંત્રીઓનું વિસર્જન કરી, કંસ પોતાના ઘરમાં પેઠો અને અક્રૂરજી પોતાને ઘેર ગયા.[૪૦]

एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः । प्रविवेश गृहं कंसस्तथाऽक्रूरः स्वमालयम् ॥४०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો છત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૭

# કેશી તથા વ્યોમાસુર દૈત્યને મારતા શ્રીકૃષ્ણ ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

केशी तु कंसप्रहितः खुरैर्महीं महाहयो निर्जरयन् मनोजवः । सटावधूताभ्रविमानसंकुलं कुर्वन्नभो हेषितभीषिताखिलः ॥१॥

શુકદેવજી કહે છે- પછી કંસે મોકલેલો કેશી દૈત્ય, મોટા ઘોડાનું રૂપ ધરીને ગોકુળમાં આવ્યો. મન સરખા વેગવાળો એ દૈત્ય ખરીઓથી ધરતીને ખેડી નાખતો હતો, આકાશને કેશવાળીથી ચારેકોર ફેંકી નાખેલાં વાદળાંથી અને વિમાનોથી સંકીર્ણ કરી મેલતો હતો, અને પોતાના હણહણાટથી સર્વને બીવરાવતો હતો.[૧] તેની આંખો મોટી હતી, મુખ ભયંકર ગુફા સરખું જણાતું હતું, ગળું મોટું હતું અને શરીર કાળું તથા મેઘના જેવું હતું, એ દુષ્ટના વિચાર કંસનું ભલું કરવાના હતા. અને તે નંદના વ્રજને કંપાવતો હતો.[૨] કઠોર હણહણાટથી વ્રજને ત્રાસ પમાડનાર અને યુદ્ધ માટે ભગવાનને શોધતા એવા દૈત્યને, ભગવાને સામે જઇને પોતાની પાસે બોલાવ્યો, ભગવાનનું વચન સાંભળી તે દૈત્યે સિંહની પેઠે ગર્જના કરી.[૩] ભગવાનને જોઇ તે કેશી ભયંકર વેગવાળો, પરાભવ કરવાને અશક્ય અને બીજાનો માર્યો મરે નહીં, એવો એ કેશી દૈત્ય ભગવાનને, જોઇ જાણે આકાશને પી જતો હોય તેમ મોઢું ફાડીને ભગવાનની સામે ગયો, અને પાછલા બે પગથી પાટુ મારવા લાગ્યો.[૪] ભગવાને તે પ્રહાર પોતાને લાગવા નહીં દેતાં ક્રોધથી તેના પગ પકડી લઇ, આકાશમાં ફેરવીને લીલા માત્રમાં સો ધનુષ દૂર ફેંકી દીધો, અને પછી સર્પને ફેંકીને જેમ ગરૂડજી ઉભા રહે તેમ ઉભા રહ્યા.[૫] પછી ભાન આવતાં તે કેશી દૈત્ય પાછો ઉઠી ક્રોધથી મોઢું ફાડીને તરત ભગવાન પાસે આવ્યો. ભગવાને પણ હસતાં હસતાં પોતાના ડાબા હાથને તેના મોઢામાં નાખ્યો.[૬] જેમ તપાવેલા લોઢાને સ્પર્શ કરવાથી દાંત પડી જાય, તેમ ભગવાનના હાથનો સ્પર્શ કરવાથી તે દૈત્યના દાંત પડી ગયા, અને તેના દેહમાં ગયેલો ભગવાનનો હાથ જેમ ઔષધાદિક ઉપચાર નહીં કરવાથી જળોદર વધે તેમ વધ્યો.[૭] પછી વૃદ્ધિ પામેલા ભગવાનના હાથથી શ્વાસ રોકાઇ જતાં તેને પસીનો વળી ગયો, પગ પછાડવા લાગ્યો, આંખો ફાટી ગઇ અને મળ-મૂત્ર છુટી ગયાં અને પ્રાણ નીકળી જતાં ધરતી ઉપર પડ્યો.[૮] પાકેલા કાંકડીના ફળની પેઠે ચિરાઇ ગયેલા, અને પ્રાણ રહિત એવા દૈત્યના દેહમાંથી ભગવાને કાંઇ પણ ગર્વ નહીં કરતાં હાથ કાઢી લીધો. વિસ્મય પામેલા દેવતાઓ, જેણે વગર પરિશ્રમે શત્રુને મારી નાખ્યો એવા ભગવાન ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને સ્તુતિ કરી.[૯] હે રાજા ! પછી નારદજીએ એવાં મોટાં કાર્ય કરનારા ભગવાનને મળી, આ પ્રમાણે એકાંતમાં કહેવા લાગ્યા.[૧૦]

નારદજી કહે છે- હે કૃષ્ણ ! હે અમાપ સ્વરૂપવાળા ! હે યોગેશ્વર ! હે જગતના ઈશ્વર ! હે વાસુદેવ ! હે સર્વના નિવાસરૂપ ! હે પ્રભુ ! હે યાદવોમાં ઉત્તમ ! સર્વ પદાર્થોના ધારક તમે એક જ છો. લાકડાંમાં અગ્નિની પેઠે સર્વમાં ગૂઢરૂપે રહ્યા છો. બુદ્ધિના પણ સાક્ષી છો. અલ્પ મતિવાળા પુરૂષો તમને જાણતા નથી. સર્વ જીવના ઈશ્વર તમે જ છો.[૧૧-૧૨] હે ઈશ્વર ! હે સત્યસંકલ્પ ! આપ સર્વના આધાર થઈને આપની શક્તિરૂપ માયાવડે પ્રથમ મહદાદિક તત્ત્વોને સર્જો છો, અને ત્યાર પછી એ મહદાદિક તત્ત્વો દ્વારા આ જગતને સ્રજો છો, પાલન કરો છો, અને પ્રલય કરો છો.[૧૩] તે આપ અત્યારે રાજાઓના રૂપથી અવતરેલા દૈત્યો, પ્રમથો અને રાક્ષસોનો વિનાશ કરવા માટે અને ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા સારૂ અવતર્યા છો.[૧૪] આ ઘોડાના રૂપવાળો દૈત્ય કે જેના શબ્દથી ત્રાસ પામીને દેવતાઓ સ્વર્ગને છોડી દેતા હતા, તેને આપે લીલા માત્રથી માર્યો એ ઘણું સારૂં કર્યું.[૧૫] હવે આવતા બે દિવસમાં આપ ચાણુર, મુષ્ટિક, બીજા મલ્લો, હાથી અને કંસને મારશો તે હું જોઇશ.[૬] તે પછી હે જગતના પતિ ! તમે પંચજન, કાળયવન, મુરદાનવ અને નરકાસુરને મારશો, પારિજાતકનું હરણ કરી આવશો, ઈંદ્રનો પરાજય કરશો, પરાક્રમરૂપી મૂલ્યાદિક આપીને રાજાઓની કન્યાઓને પરણશો, દ્વારકામાં નૃગ રાજાને તેના પાપથી છોડાવશો.[૧૭-૧૮] જાંબવતીની સાથે સ્યમંતકમણિને લાવશો, બ્રાહ્મણના મરી ગયેલા પુત્રોને મહાકાળના પુરમાંથી પાછા જીવતા લાવી આપશો.[૧૯] પૌંડ્રક નામના મિથ્યા વાસુદેવને મારશો, કાશીપુરીને બાળશો, દંતવક્રને મારશો, રાજસૂય યજ્ઞમાં શિશુપાળને મારશો અને એવાં બીજાં પણ પૃથ્વીમાં કવિઓને ગાવા યોગ્ય જે જે પરાક્રમ દ્વારકામાં રહીને કરશો તે હું જોઇશ.[૨૦-૨૧] પછી કાળરૂપ અને આ પૃથ્વીના ભારને ઉતારવાને ઈચ્છતા આપ અર્જુનના

www.jayswaminarayan.org www.bhujmandir.org

સારથિ થઇ અક્ષોહિણીઓનો નાશ કરાવશો તે પણ હું જોઇશ.[૨૨] આપ શુદ્ધ જ્ઞાનરૂપ નિરતિશય આનંદમય એવા સ્વસ્વરૂપના અનુભવથી જ સર્વ પ્રકારે પૂર્ણકામ અને પોતાના સામર્થ્યવડે જેમાં માયાના કાર્યરૂપ સંસારનો પ્રવાહ નિરંતર નિવૃત્તિ પામેલો જ છે એવા જે તમો, તે તમારે શરણે અમો આવેલા છીએ.[૨૩] ઇશ્વર, સ્વતંત્ર, પોતાના સંકલ્પથી સર્વ પ્રકારના વિશેષોની કલ્પના કરનાર, હમણાં ક્રીડાને માટે મનુષ્ય દેહનું ગ્રહણ કરનાર, અને યદુ, વૃષ્ણિ તથા ભાગવત ભક્તોના અગ્રણી આપને પ્રણામ કરૂં છું.[૨૪]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે યાદવોના પતિ ભગવાનને પ્રણામ કરી, આજ્ઞા લઇ તેમના દર્શનથી રાજી થયેલા મહાવૈષ્ણવ નારદજી ત્યાંથી વિદાય થયા.[૨૫] વ્રજને સુખ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ પણ યુદ્ધમાં કેશી દૈત્યને મારીને, રાજી થયેલા ગોવાળોની સાથે પશુઓનું પાલન કરવા લાગ્યા.[૨૬] પછી એક દિવસે પર્વતના શિખરો ઉપર પશુઓને ચારતા ગોવાળો, ઘેટાઓને અમો ચોરીએ અને તમે ઘેટાઓનું રક્ષણ કરો. આ રીતે ચોર અને પાલક થઇને છૂપાઇ જવાની રમતો રમતા હતા.[૨૭] ગોવાળોમાં કેટલાક ચોર થયા હતા. કેટલાક પાલક થયા હતા, અને કેટલાક ઘેટાં થયા હતા. ગોવાળો આવી રીતે ભય રહિત થઇને રમત રમવા માંડ્યા હતા.[૨૮] ત્યાં મોટી માયાવાળો અને ગોવાળનો વેષ ધરી આવેલો મયદાનવનો પુત્ર વ્યોમાસુર ઘણી વખત ચોર થઇને ઘેટારૂપ થયેલા ઘણા ગોવાળોને હરી ગયો અને એક એકને હરી જઇ પર્વતની ગુફામાં નાખીને તે ગુફાના દ્વારને શિલાથી બંધ કરી દેતો હતો. આમ કરતાં ચાર પાંચ ગોવાળો બાકી રહ્યા.[૨૯-૩૦] ભગવાન વ્યોમાસુરનું આ કામ જાણીને સિંહ જેમ શિયાળને પકડે તેમ ગોવાળોને લઇ જતા એવા દૈત્યને બળાત્કારથી પકડ્યો.[૩૧] પકડવાથી આતુર થયેલા એ બળવાન દૈત્યે મોટા પર્વત જેવડું પોતાનું રૂપ ધરીને પોતાના શરીરને છોડાવવા માંડ્યું પણ છોડાવી શક્યો નહીં.[૩૨] ભગવાને તેને બે હાથથી પકડી ધરતી પર પાડીને આકાશમાં દેવતાઓના દેખતાં જ પશુને જેમ મારે તેમ મારી નાખ્યો.[૩૩] પછી ગુફાના ઢાંકણને તોડી નાખી ગોવાળોને દુઃખમાંથી કાઢ્યા. પછી દેવતા અને ગોવાળો જેની સ્તુતિ કરવા લાગ્યા, એવા ભગવાન પોતાના ગોકુળમાં પધાર્યા.[૩૪]

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः । स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥३४

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સાડત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૮

## ગોકુળમાં જઇને શ્રીકૃષ્ણ તથા બળદેવજી દ્વારા સત્કારને પામતા અક્રૂરજી.

॥ श्रीशुकउवाच ॥

अक्रूरोऽपि च तां रात्रिं मधुपुर्यां महामतिः । उषित्वा रथमास्थाय प्रययौ नंदगोकुलम् ॥१॥

શુકદેવજી કહે છે- મોટી બુદ્ધિવાળા અક્રૂરજી પણ કંસે આજ્ઞા કર્યા પછી, તે રાત્રિ મથુરામાં રહીને બીજા દિવસે રથમાં બેસી ગોકુળમાં જવા નીકળ્યા.[૧] માર્ગમાં ચાલતાં શ્રીકૃષ્ણ ભગવાનમાં જેને પરમ ભક્તિ ઉત્પન્ન થઇ છે. એવા અક્રૂરજી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા.[૨] અક્રૂરજી વિચાર કરે છે- મેં કયું પુણ્ય કર્યું હશે ? કયું મોટું તપ કર્યું હશે ? અને પાત્રને કયું દાન આપ્યું હશે ? કે જેના પ્રભાવથી આજ મને ભગવાનનું દર્શન થશે.[૩] જેમ શુદ્રજાતિના માણસને વેદનું ઉચ્ચારણ દુર્લભ છે, તેમ વિષયોથી ઘેરાયેલા મને ભગવાનનું દર્શન પણ દુર્લભ છે, એમ માનું છું.[૪] હું અધમ છતાં પણ મને ભગવાનનું દર્શન મળશે જ, જેમ નદીમાં તણાતા જતા ઘાસ આદિ પદાર્થોમાં કોઇ પદાર્થ કોઇ સમયે કાંઠે આવે છે, અને અટકી જાય છે. તેમ કર્મને લીધે કાળરૂપ નદીમાં તણાતા જતા જીવોમાં પણ કોઇ જીવ તરીને પાર પામે એ વાત સંભવે છે.[૫] મારી આ પ્રવૃત્તિથી જ અત્યારે મારૂં સર્વ પાપ નાશ પામ્યું અને જન્મ સફળ થયો જણાય છે, કે જેથી યોગીઓને ધ્યાન કરવા યોગ્ય ભગવચ્ચરણારવિંદને હું પ્રણામ કરીશ.[૬] અહો ! કંસે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે; કેમકે તેણે મોકલેલો હું પૃથ્વીમાં અવતરેલા પરમેશ્વરના ચરણારવિંદનું દર્શન કરીશ, કે જે ચરણના નખમંડળની કાંતિથી પૂર્વના મહાત્મા લોકો આ અપાર સંસારરૂપી અંધારાને તરી ગયા છે.[૭] બ્રહ્મા અને શંકર આદિ દેવતાઓ, લક્ષ્મીદેવી અને ભક્તજન સહિત સનકાદિક મુનિઓએ પૂજેલું, ગોપીઓના સ્તન ઉપર રહેલા કુંમકુંમથી ચિહ્નિત થયેલું, એવું એ ચરણારવિંદ કૃપાળુપણાથી અનુચરોની સાથે ગાયોને ચારવા માટે વનમાં ફરે છે અને વળી એ માત્ર પ્રેમથી જ સુલભ છે. આવાં ચરણારવિંદને હું જોઇશ.[૮] હસીને જોનાર રાતાં કમળ સરખાં નેત્રવાળું, વાંકા કેશોથી વીંટાએલું અને જેમાં કપોલ તથા નાસિકા સુંદર છે, એવું ભગવાનનું મુખારવિંદ હું અવશ્ય દેખીશ, કેમકે આ હરણો મારી જમણી બાજુ ઉતરે છે.[૯] પૃથ્વીનો ભાર ઉતારવાને માટે પોતાની ઇચ્છાથી મનુષ્યરૂપે અવતરેલા વિષ્ણુના સુશોભિત સ્વરૂપનું મને આજ દર્શન થશે ? અને જો તે દર્શન થાય તો અનાયાસે મારાં નેત્રનું સાફલ્યપણું થશે.[૧૦] ચેતન તથા અચેતન વર્ગના સાક્ષાત્ દૃષ્ટા છતાં પણ દૃષ્ટાપણાના અભિમાનથી રહિત, અને પોતાના સામર્થ્ય વડે પોતાના આશ્રિત જીવોના અજ્ઞાનને નાશ કરનારા, તથા દેવ, મનુષ્યાદિક પ્રાકૃત ભેદને નાશ કરનારા, અને દુઃખરૂપ શબ્દાદિક વિષયોને વિષે સુખપણાની બુદ્ધિરૂપ જે ભ્રમ તેને નાશ કરનારા, એવા જે નારાયણ છે, તેની દૃષ્ટિ જેમને વિષે રહેલી છે. એવી પોતાની શક્તિરૂપ ત્રિગુણાત્મક પ્રકૃતિ દ્વારા જીવસમૂહને વિષે રચાયેલાં પ્રાણ, ઇન્દ્રિયો અને અંતઃકરણ વડે કરીને ગોપો તથા

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ગોપીઓજ નારાયણને પોતાના ઘરોમાં, વૃન્દાવનમાં, લતાગૃહોમાં પ્રત્યક્ષપણે પ્રાપ્ત કરે છે.[૧૧] જે ઈશ્વરની સર્વ લોકોના પાપોને નાશ કરનારી, અને મહામંગળરૂપ, ગુણ, જન્મ અને કર્મોના વર્ણનવાળી વાણી જગતને જીવાડે છે, શોભાવે છે અને પવિત્ર કરે છે, અને તેના વર્ણન વિનાની વાણી સારી રીતના અલંકાર વાળી હોય છતાં પણ વસ્ત્રાદિકથી શણગારેલા શબ જેવી માનેલી છે; આવા તે ઈશ્વર પોતે કરેલી વર્ણાશ્રમની મર્યાદાઓને પાળનારા લોકપાળોને સુખ આપવા સારૂ યાદવોના વંશમાં અવતરેલા છે, અને દેવતાઓ જે યશનું ગાયન કરે છે એવા સર્વ મંગળરૂપ યશને વિસ્તારતા વ્રજમાં રહે છે.[૧૨-૧૩] મહાત્માઓના ગુરૂ અને ગતિરૂપ તે ઈશ્વર ત્રૈલોક્યમાં સર્વોત્તમ, લક્ષ્મીજીના પ્રિય સ્થાનકરૂપ અને નેત્રવાળાઓને મોટા આનંદરૂપ શરીરને ધરી રહ્યા છે, તેમને હું આજ દેખીશ; કેમકે પ્રાતઃકાળમાં મને થયેલાં સારાં શકુનો એ શુભ દર્શનનાં સૂચક હતાં.[૧૪] દર્શન થતાં તરત જ રથમાંથી ઉતરીને કૃષ્ણ અને બલરામનાં ચરણ કે જેઓનું યોગીઓ પણ સ્વરૂપની પ્રાપ્તિને માટે કેવળ બુદ્ધિથી જ ધ્યાન કરે છે, તે ચરણમાં હું સાક્ષાત્ પ્રણામ કરીશ, અને તેમની સાથે ગોવાળોને પણ પ્રણામ કરીશ.[૧૫] હું એના ચરણમાં પડીશ તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના હસ્તકમળને મારા મસ્તક ઉપર ધરશે ? એ હસ્ત કાળરૂપી સર્પે બીવડાવેલા અને શરણને ઈચ્છનારા મનુષ્યોને અભય દેનાર છે.[૧૬] ઈંદ્ર અને બળીરાજા જે હસ્તકમળમાં પૂજનરૂપ દાન આપીને ત્રણ લોકના સ્વામીપણાને પામેલા છે, આ પ્રમાણે મુમુક્ષુ પુરુષોને મોક્ષ આપનારા, તથા સકામી પુરુષોને અભ્યુદયને આપનારા અને સુગંધિમાન કમળ જેવી સુગંધીવાળા જે હસ્તકમળે રાસક્રીડાના સમયમાં પોતાના સ્પર્શથી ગોપીઓનો થાક ટાળ્યો હતો.[૧૭] હું જોકે કંસનો મોકલેલો દૂત છું, તોપણ ભગવાન મને આ શત્રુનો દૂતછે એમ ગણશે જ નહીં; કેમકે એ પોતે સર્વજ્ઞ અને અંતર્યામી હોવાને લીધે પોતાના નિત્યજ્ઞાનથી મારા મનની અને બહારની ચેષ્ટાને જાણે છે.[૧૮] હું બહારથી કંસને અનુસરૂં છું અને અંદરથી ભગવાનને અનુસરૂં છું, એ સર્વે ભગવાન જાણે છે. હું એમના ચરણની પાસે સાવધાનપણાથી હાથ જોડી ઉભો રહીશ ત્યારે હસીને કોમળ દષ્ટિથી ભગવાન મારી સામું જોશે તો તે સમયે તરત જ સર્વ પાપથી અને શંકાથી મુક્ત થઈને હું ભારે આનંદ પામીશ.[૧૯] મારો શ્રીકૃષ્ણ વિના બીજો કોઈ ઈષ્ટદેવ નથી અને વળી એ શ્રીકૃષ્ણનો બહુ જ સ્નેહી પિત્રાઈ છું, આવો જે હું તે મને ભગવાન પોતાના મોટા હાથથી જ્યારે આલિંગન કરશે ત્યારે જ મારો દેહ અત્યંત પવિત્ર થશે.[૨૦] હું પ્રણામ કરી હાથ જોડી ઉભો રહીશ ત્યારે મને આલિંગન આપીને મોટી કીર્તિવાળા ભગવાન જ્યારે હે અક્રૂર ! હે કાકા ! એમ કહી બોલાવશે, ત્યારે જ મારો જન્મ સફળ થશે. ભગવાન જેનો અનાદર કરે તેમના જન્મને ધિક્કાર છે.[૨૧] જો કે તે શ્રીકૃષ્ણને પ્રિય, અપ્રિય, હિતકારી, દ્વેષનુંપાત્ર કે ઉપેક્ષાનું પાત્ર કોઈ પણ નથી તોપણ આશ્રય કરનારાઓને પુરૂષાર્થ આપનાર ભગવાન કલ્પવૃક્ષની પેઠે ભજનારાઓને ભજે છે.[૨૨] હું જ્યારે પ્રણામ કરી હાથ જોડીશ ત્યારે મારા હાથ પકડી લેતાં હાસ્યપૂર્વક આલિંગન કરી, ઘરમાં તેડી જઈ સર્વ સત્કાર આપીને મોટા ભાઈ બળદેવજી પોતાના બંધુઓ વિષે કંસે ચલાવેલી વર્તણુક વિષે મને પૂછશે ?[૨૩]

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે માર્ગમાં ભગવાનનું ચિંતવન કરતા જતા અક્રૂરજી ગોકુળમાં આવ્યા ત્યાં તો સૂર્ય અસ્તાચળને પામ્યો.[૨૪] જે ભગવાનની ચરણ રજને સર્વે લોકપાળો પોતાના મુગટ ઉપર ધરે છે, તેમનાં કમળ, યવ, અંકુશ આદિ રેખાઓ ઉપરથી ઓળખાઈ આવતાં પગલાં પૃથ્વી ઉપર જાણે શણગાર જ હોય એવી રીતે ઉઠી રહ્યાં હતાં, તેને અક્રૂરજીએ દીઠાં.[૨૫] એ પગલાંનાં દર્શનના આનંદથી અક્રૂરજીનો ભારે આનંદ વૃદ્ધિ પામ્યો, પ્રેમથી રૂંવાડાં ઉભાં થઈ ગયાં અને આંખ્યો આંસુથી વ્યાકુળ થઈ. અહો ! આ પ્રભુના ચરણની રજ દુર્લભ છે, એમ ધારીને રથમાંથી હેઠા ઉતરી અક્રૂરજી પથ્વીપર આળોટવા લાગ્યા.[૨૬] દેહધારી પુરૂષોને માટે એ જ પરમ પુરુષાર્થ છે કે દંભ, ભય અને શોકનો ત્યાગ કરીને કંસના સંદેશાથી લઈને અહીં સુધી અક્રુરજીના ચિત્તની જે અવસ્થા બતાવી, એ અવસ્થા ભગવાનનાં દર્શન શ્રવણાદિકે કરીને પ્રાપ્ત કરવી. અર્થાત્ ભક્તિની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરવી. એજ પરમ પુરુષાર્થ છે.[૨૭] શ્રીકૃષ્ણ અને બલરામ ગાયો દોહવાના સ્થાનકમાં ગયા હતા ત્યાં તેને અક્રૂરજીએ દીઠા. શ્રીકૃષ્ણ પીળાંવસ્ત્ર પહેર્યાં હતાં અને બલરામે શ્યામવસ્ત્ર પહેર્યાં હતાં, બન્નેની આંખો શરદઋતુના કમળ સરખી હતી.[૨૮] એકનો વર્ણ શ્યામ હતો અને બીજાનો શ્વેત હતો, અવસ્થા કિશોર હતી, હાથ મોટા હતા. બન્ને શોભાના આશ્રયરૂપ હતા, મુખ સુંદર હતાં, ચાલ નાના હાથીના જેવી હતી, કાન્તિ સર્વોત્તમ હતી.[૨૯] એ બન્ને મહાત્મા ધ્વજ, વજ્ર, અંકુશ અને કમળની રેખાના ચિહ્નવાળાં ચરણથી વ્રજને શોભા આપતા હતા, દયાપૂર્વક હસીને જોતા હતા.[૩૦] ઉદાર અને મનોહર ક્રીડા કરતા હતા, રત્નની માળા તથા વનમાળા પણ પહેરી હતી. ઉત્તમ ચંદનનું શરીરમાં લેપન કર્યું હતું, સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરેલાં હતાં.[૩૧] પોતાની કાંતિથી દિશાઓનો અંધકાર દૂર કરતા હતા. જેમ સુવર્ણથી વ્યાપ્ત થયેલા મરકત મણિના અને રૂપાના પર્વત શોભે તેમ સુવર્ણના અલંકારોથી બન્ને શોભતા હતા. ઉત્તમ પુરૂષો સર્વના આદિ, જગતના કારણરૂપ, જગતના પતિ અને પૃથ્વીનો ભાર ઉતારવા સારૂ જ ભિન્ન ભિન્ન શરીરથી અવતરેલા એ બલરામ અને શ્રીકૃષ્ણને જોઈ સ્નેહથી વિવ્હળ થયેલા અક્રૂરજી તરત રથમાંથી ઉતરી પડી, તેના ચરણની પાસે દંડની પેઠે પડ્યા.[૩૨-૩૪] હે રાજા ! ભગવાનનાં દર્શન થવાનો આનંદ થવાથી, આંસુથી નેત્ર વ્યાકુળ થઈ જતાં અને ઉત્કંઠાથી રૂંવાડાં ઉભાં થઈ જતાં, અક્રૂરજી પોતાનું નામ લઈને હું પ્રણામ કરૂં છું, એમ કહી શક્યા નહીં.[૩૫] પ્રસન્ન થયેલા અને ભક્તો પર પ્રીતિ રાખનારા ભગવાને તેમના મનની સર્વે વાત જાણી લઈ, ચક્રનાં ચિહ્નવાળા પોતાના હાથથી તેમને સમીપે લઈને આલિંગન કર્યું.[૩૬] શ્રીકૃષ્ણ સહિત મોટા

www.jayswaminarayan.org
www.bhujmandir.org

મનવાળા બલરામ પણ પોતાને નમેલા અક્રૂરજીનું આલિંગન કરી પોતાના હાથથી તેમના બન્ને હાથ પકડીને ઘેર તેડી ગયા.[૩૭] પછી ભલે આવ્યા. એમ કહી કુશળ સમાચાર પુછી તેમને સુંદર આસન આપ્યું અને વિધિ પ્રમાણે તેમના પગ ધોઈ મધ સહિત દહીંથી પૂજન કર્યું તથા ગાયનું નિવેદન કરી પગ ચાંપ્યા. પ્રીતિવાળા બળભદ્રે અક્રૂરજીનો થાક ઉતરી ગયા પછી તેમને ઘણા ગુણવાળું પવિત્ર અન્ન શ્રદ્ધાથી જમવા આપ્યું.[૩૮-૩૯] પરમ ધર્મ જાણનારા બળદેવજી અક્રૂરજી જમી રહ્યા પછી પ્રીતિથી મુખવાસ ચંદન અને પુષ્પ આપીને તેમને બહુ જ રાજી કર્યા.[૪૦] સારી રીતે સત્કાર કર્યા પછી નંદરાય અક્રૂરજીને પૂછ્યું કે- હે અક્રૂરજી ! નિર્દય કંસ જીવે છે ત્યાં સુધી, કસાઈના હાથ નીચે બંધાએલા ઘેટાંઓના જેવી સ્થિતિવાળા તમે કેવી રીતે જીવો છો ?[૪૧] ખળ અને પોતાની ઈંદ્રિયોને તૃપ્ત કરનાર જે કંસે પોતાની બહેન ચીસો નાંખવા છતાં તેનાં બાળકોને મારી નાખ્યાં, આવા દુષ્ટ કંસની પ્રજા થઈને રહેલા તમોને જીવન પણ દુર્લભ છે, ત્યાં કુશળતાનો તો શો વિચાર કરીએ ?.[૪૨] આ પ્રમાણે નંદરાયે મધુર વચનથી સારી રીતે સત્કાર કરેલા અક્રૂરજીનો માર્ગનો પરિશ્રમ તો નંદરાયના પૂછવાથી જ હળવો થઇ ગયો.[૪૩]

इत्थं सूनृतया वाचा नंदेन सुसभाजितः । अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥४३॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો આડત્રીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩૯

## કૃષ્ણ મથુરા જવાથી ગોપીઓનો વિલાપ તથા અક્રૂરજીને યમુનાના જળમાં દિવ્ય દર્શન.

॥ श्रीशुकउवाच ॥

सुखोपविष्टः पर्यंके रामकृष्णोरुमानितः । लेभे मनोरथान् सर्वान् पथि यान् स चकार ह ॥१

શુકદેવજી કહે છે- પલંગ પર સુખેથી બેઠેલા અને બલરામ તથા શ્રીકૃષ્ણે ઘણું માન આપેલા અક્રૂરજીના સર્વે મનોરથો સિદ્ધ થયા, કે જે તેમણે માર્ગમાં કર્યા હતા.[૧] લક્ષ્મીના નિવાસરૂપ ભગવાન પ્રસન્ન થાય ત્યારે કશી વસ્તુ દુર્લભ રહેતી નથી, તોપણ હે રાજા ! ભગવાનના સાચા ભક્તો કોઇ વસ્તુની ઈચ્છા કરતા નથી.[૨] દેવકીના પુત્ર ભગવાને રાત્રીનું ભોજન કરીને કંસ સંબંધીઓ સાથે કેવી રીતે વર્તન કરે છે તથા તેમણે બીજું શું કરવા ધારેલું છે એ વિષે અક્રૂરજીને આ પ્રમાણે પૂછ્યું.[૩] ભગવાન પૂછે છે- હે તાત ! હે સૌમ્ય ! તમો અહીં ક્ષેમ કુશળ આવ્યા છો ને ? તમારૂં સારૂં થજો. આપણા સર્વે બંધુ અને સંબંધીઓ સુખી અને નિરોગી છે ને ?[૪] આવી રીતનું પૂછવું પણ આ સમયમાં ઘટતું નથી, કેમકે કુળમાં રોગરૂપ અને અમારો મામો કહેવાતો કંસ જીવે છે, ત્યાં સુધી આપણા જ્ઞાતિલાઓ અને તેમની પ્રજાનું શું કુશળ પુછું ?[૫] અહો ! અમારે માટે અમારા નિરપરાધી મા-બાપને બહુ દુઃખ પડ્યું. તેઓના પુત્રનું મરણ તથા તેઓને બંધન મારે માટે જ થયું છે.[૬] હે સૌમ્ય ! જે તમો અમારા પોતાના જ છો, તમારા દર્શનને હું ઈચ્છતો જ હતો, તે આજ થયું, એ ઘણું સારૂં થયું. હે તાત ! હવે જે તમારે આવવાનું કારણ હોય તે કહો.[૭]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાને પૂછતાં યાદવોની સાથે કંસે રાખેલો વૈરાનુંબંધ, કંસે કરેલો વસુદેવના વધનો ઉદ્યમ, જે ધનુર્યાગના સમાચાર લઈને પોતે આવ્યા છે તે, ચાણૂરાદિક સાથે મરાવી નાખવાને પોતાને દૂતરૂપે મોકલેલ છે તે, અને નારદજીએ કંસની પાસે વસુદેવથી ભગવાનનો જન્મ થયાની વાત કહી તે સર્વે હકીકત અક્રૂરજી કહી દેખાડી.[૮-૯] અક્રૂરજીનું વચન સાંભળીને શત્રુઓને મારનાર ભગવાન અને બલરામ હસીને પોતાના પિતા નંદરાયની પાસે કંસ રાજાએ આજ્ઞા કર્યાની વાત કહી દેખાડી.[૧૦] નંદરાયે પણ ગોવાળોને આજ્ઞા કરી કે સર્વે પ્રકારના ગાયોના દૂધ દહીં વગેરે રસો અને ઉત્તમ વસ્તુઓને સાથે લ્યો અને ગાડાં જોડો. આવતી કાલે મથુરામાં જઈશું, રાજાને દૂધ દહીં વગેરે રસો આપીશું અને મોટો ઉત્સવ જોઈશું, દેશના સર્વે લોકો મથુરામાં જાય છે, આ પ્રમાણે પોતાના ગોકુળમાં કોટવાળ સાથે સાદ ફેરાવ્યો.[૧૧-૧૨] આ વાત સાંભળી અને બળદેવ તથા શ્રીકૃષ્ણને મથુરામાં લઈ જવા સારૂં અક્રૂરજી વ્રજમાં આવેલ જાણી, ગોપીઓ બહુ જ ખેદ પામી.[૧૩] કેટલીક ગોપીના મુખની શોભા, એ વાતથી ઉત્પન્ન થયેલા હૃદયના સંતાપથી નીકળતા શ્વાસથી કરમાઈ ગઈ. કેટલીક ગોપીઓનાં વસ્ત્ર, કંકણ અને કેશની ગાંઠો શિથિલ થઈ જવા લાગી.[૧૪] ભગવાનના ધ્યાનને લીધે કેટલીક ગોપીઓની સર્વે ઈંદ્રિયોની વૃત્તિઓ બંધ પડી જતાં મુક્ત લોકોની પેઠે તેમને પોતાના દેહનું પણ ભાન રહ્યું નહિ.[૧૫] સ્નેહ પૂર્વક મંદહાસ્યે બોલેલી, હૃદયમાં લાગી રહેલી અને વિચિત્ર પદવાળી ભગવાનની વાતોને સંભારતી કેટલીક સ્ત્રીઓ મૂર્છા પામી ગઈ.[૧૬] ભગવાનની સુંદર ચાલ, ચેષ્ટા, સ્નેહ ભરેલા હાસ્ય પૂર્વક જોવું, શોકને મટાડનાર હાંસીનાં વચનો અને ભગવાનની લીલાનું ચિંતવન કરતી તથા વિરહથી બીતી અને ભગવાનમાં જ જેઓનાં ચિત્ત લાગ્યાં હતાં, એવી તે ગોપીઓ ટોળે ટોળાં મળીને રોતી આ પ્રમાણે બોલવા લાગી.[૧૭-૧૮]

ગોપીઓ કહે છે- હે દૈવ ! તને કોઈના ઉપર દયા આવતી નથી. એકવાર મિત્રના કાર્યથી અને સ્નેહથી પ્રાણીઓને ભેળાં કરી, તેને હજુ પૂરાં સુખ મળ્યાં ન હોય તે પહેલાં તું વૃથા નોખાં પાડી નાખે છે, માટે તારી ક્રીડા બાળકોની રમત જેવી છે.[૧૯] તું શ્યામ કેશથી વીંટાએલું સુંદર ગાલવાળું , સરસ નાસિકાવાળું અને શોકને ટાળનાર મંદહાસ્યથી સુંદર એવું ભગવાનનું મુખારવિંદ એકવાર

www.jayswaminarayan.org
www.bhujmandir.org

દેખાડીને પાછું અદ્રશ્ય કરે છે, માટે તારૂં કામ ધિક્કારવા જેવું છે.[૨૦] હે વિધાતા ! જે તું ક્રૂર છે, તારા વિના બીજા કોઇથી આવું કામ થાય નહીં, માટે અક્રૂરનું નામ ધારી તું જ આવેલ છે. તેં આપેલાં જે ચક્ષુથી ભગવાનના એક એક અંગમાં તારૂં સર્વે સૃષ્ટિનું ડહાપણ અમે જોયું છે, તે અમારાં ચક્ષુને મૂર્ખની પેઠે તું હરી લઇ અમને આંધળી કરી મેલે છે.[૨૧] અરેરે ! ઘર, સ્વજન, પુત્ર અને પતિઓનો ત્યાગ કરી સાક્ષાત્ દાસીપણું પામેલી અને તેમણે કરેલા હાસ્યાદિકથી પરવશ થયેલી આપણને, આ ક્ષણભંગુર સ્નેહવાળા અને જેને નવું નવું જ પ્યારૂં લાગે છે, એવા શ્રીકૃષ્ણ જોતા પણ નથી, માટે એમને આપણે રોકીશું.[૨૨] મથુરાની સ્ત્રીઓને અવશ્ય આજની રાત્રીનું પ્રભાત સારા શકુનવાળું થયું હશે અને તેના મનોરથ પણ સત્ય જ થયા, કેમ કે જે મથુરાની સ્ત્રીઓ મથુરામાં પધારેલા ભગવાનનું કટાક્ષ વડે શોભતું, મંદ હાસ્યરૂપી અમૃતવાળું જે મુખ છે તેનું પાન કરશે.[૨૩] હે સ્ત્રીઓ ! શ્રીકૃષ્ણ જોકે મા-બાપ આદિને પરાધીન છે અને ધીર છે તોપણ તે મથુરાની સ્ત્રીઓના મધની પેઠે મીઠાં ભાષણોથી તેમનું ચિત્ત વશ થઇ જશે. અને તેઓનાં લાજ ભરેલાં મંદહાસ્યથી તથા વિલાસોથી ભમી જશે. તેથી આપણે કે જેઓ ગામડાંની રહેનારી છીએ, તેઓની પાસે પાછા શી રીતે આવશે ?[૨૪] આજ મથુરામાં રહેનારી તમામ વર્ણની પ્રજાઓને અવશ્ય મોટો ઉત્સવ થશે, કે જેઓ લક્ષ્મીના પ્યારા અને ગુણોના સ્થાનરૂપ શ્રીકૃષ્ણને માર્ગમાં દેખશે.[૨૫] આવું કામ કરનારા નિર્દય માણસનું ''અક્રૂર'' એવું નામ ન હોવું જોઇએ, કેમ કે અત્યંત ક્રૂર સ્વભાવવાળો આ માણસ બહુ જ દુઃખ પામેલી આપણને આશ્વાસન આપ્યા વિના પ્રાણથી પણ પ્યારા શ્રીકૃષ્ણને આપણે ન દેખીએ એવા દૂર સ્થળમાં લઇ જશે.[૨૬] અરે ! કઠણ મનવાળા આ કૃષ્ણ રથમાં પણ બેસી ગયા. આ છકેલા ગોવાળો વળી તેની પછવાડે ગાડાંઓમાં બેસી ઉતાવળ કરે છે. આ અનીતિ જોઇને બૂઢાઓ કોઇ ના પાડતા નથી. આ સમયમાં કોઇ ગોવાળોને વિઘ્ન, અકસ્માત, વજ્રપાત કે બીજું પણ કાંઇ અનિષ્ટ થતું નથી કે જેથી આને રોકાઇ જવું પડે. માટે આજ દૈવ જ આપણું પ્રતિકૂળ કરવા ધારે છે.[૨૭] આપણે બધી ભેળી થઇ ભગવાનને રોકીએ, કુળના બુઢા અને બાંધવો આપણને શું કરી શકશે ? આંખના અડધા પલકારા જેટલો સમય પણ છોડી શકાય નહીં, એવા ભગવાનના પ્રસંગનો વિયોગ આપીને જેના ચિત્તને દૈવે દીન કરી નાખ્યાં છે, એવી આપણને હવે મોતની પણ બીક નથી.[૨૮] હે ગોપીઓ ! રાસક્રીડાની સભામાં સ્નેહ ભરેલી રીતે જે ભગવાનનું સુંદર મંદહાસ્ય, સુંદર વિચાર, લીલાપૂર્વક દર્શન અને આલિંગન મળવાથી આપણને ઘણી રાત્રીઓ એક ક્ષણ સમાન લાગી હતી તે ભગવાન વિના વિરહના અપાર દુઃખને આપણે શી રીતે તરી શકીએ ? આ દુઃખ અસહ્ય છે. માટે આપણે અવશ્ય સાહસ કરવું જોઇએ.[૨૯] સાયંકાળે બળદેવ સહિત ગોવાળોથી વીંટાએલા, વેણુ વગાડતા અને જેમના કેશ તથા માળા ખરીઓની રજથી ભરાઇ રહેલાં હોય છે, એવા ભગવાન વ્રજમાં પધારતાં મંદહાસ્ય પૂર્વક કટાક્ષના જોવાથી આપણા ચિત્તને હરી લે છે, તે ભગવાન વિના આપણે કઇ રીતે જીવી શકીશું ?[૩૦]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે બોલતી, વિરહથી આતુર થયેલી અને જેઓનાં મન કૃષ્ણમાં જ લાગ્યાં હતાં, એવી વ્રજાંગનાઓ લાજ મૂકી દઇને હે ગોવિંદ ! હે દામોદર ! હે માધવ ! એમ ઉચ્ચા સ્વરથી રોવા લાગી.[૩૧] પછી સૂર્ય ઉગતાં અક્રૂરજીએ સ્નાન સંધ્યાદિક સર્વે કર્મ કરીને સ્ત્રીઓના રોવા ઉપર કાંઇ પણ ધ્યાન નહીં આપતાં રથ હાંક્યો.[૩૨] નંદાદિક ગોવાળો ઘણા ઉત્તમ પદાર્થો અને ગોરસથી ભરેલા ઘડાઓને ગાડાંઓમાં ભરી તેમની પછવાડે ચાલ્યા.[૩૩] ગોપીઓ પ્યારા કૃષ્ણની પાછળ જવા લાગી, ત્યાં કૃષ્ણે પાછું વળી જોવા આદિથી તેઓને કાંઇક રાજી કરી એટલે તેઓ ભગવાનનો પ્રત્યુત્તર મળવાની આશા રાખી ઉભી રહી.[૩૪] પોતાના પ્રયાણના સમયમાં આ પ્રમાણે તાપ પામતી તે ગોપીઓને જોઇ ભગવાને ''હું આવીશ'' એવાં પ્રેમ ભરેલાં વચન દૂતની પાસે કહેવરાવી તેઓની સાંત્વના કરી.[૩૫] પછી જ્યાં સુધી રથની ધ્વજા અને રથની રજ દેખાણી ત્યાં સુધી જેઓ પોતાનાં ચિત્ત ભગવાનની સાથે જ મોકલ્યાં હતાં, એવી ગોપીઓ ચિતરેલી પૂતળીઓની પેઠે નિશ્ચળ થઇને ઉભી રહી.[૩૬] પછી ભગવાનના પાછા ફરવા વિષે નિરાશ થયેલી ગોપીઓ પાછી વળી અને ભગવાનની લીલાનું ગાયન કરવા રૂપ સાધનથી શોક રહિત થઇને રાત્રિ દિવસ વિતાવા લાગી.[૩૭] બલરામ અને અક્રૂરજીની સાથે ભગવાન પણ વાયુ સરખા વેગવાળા રથથી પાપનો નાશ કરનારી યમુના નદીને કિનારે પહોંચ્યા.[૩૮] ત્યાં સ્વચ્છ પાણીમાં સ્નાન, પાન કરીને વૃક્ષના સમૂહની પાસે આવી બળદેવ સહિત શ્રીકૃષ્ણ ભગવાન રથમાં બેઠા.[૩૯] શત્રુઓની શંકાથી એ બન્ને ભાઇઓને રથમાં બેસાડી તેમની આજ્ઞા લઇને અક્રૂરજીએ યમુનાજીના ધ્રોમાં આવી વિધિ સહિત સ્નાન કર્યું.[૪૦] તે જળમાં ડૂબકી મારીને ગાયત્રીના જપ કરતા અક્રૂરજીએ સાથે બેઠેલા તે શ્રીકૃષ્ણ બળદેવને જળમાં દીઠા.[૪૧] એ બન્ને વસુદેવના પુત્રો રથમાં બેઠા છે, માટે જળમાં આવવા કેમ સંભવે ? અને અહીં છે તો હવે રથમાં નહીં હોય, એવા વિચારથી અક્રૂરજીએ પાણીથી બહાર નીકળીને જોયું, ત્યાં રથમાં પણ પ્રથમની પેઠે જ બેઠેલા એ બન્ને ભાઇને દીઠા. ત્યારે મેં જે પાણીમાં દીઠા તે શું ખોટા દીઠા ? એવા વિચારથી અક્રૂરજીએ ફરીવાર ડૂબકી મારી, તો ત્યાં પણ ફરીવાર શેષનાગનાં દર્શન થયાં. સિધ્ધ, ચારણ, ગાંધર્વ અને અસુરો પોતાનાં માથાં નમાવીને તેમની સ્તુતિ કરતા હતા. એ શેષનાગને હજાર મસ્તક હતાં, હજાર ફેણોમાં મુકુટ પહેર્યા હતા, વસ્ત્ર શ્યામ હતાં, કાંતિ કમળના નાળની સમાન શ્વેત હતી, અને શિખરોથી ધોળા કૈલાસની પેઠે શોભતા હતા.[૪૨-૪૫] એ શેષનાગના કુંડળ આકારે વળેલા શરીર ઉપર શાંતસ્વરૂપ ભગવાનને પોઢેલા જોયા. એ પરમપુરૂષ નારાયણની કાંતિ મેઘના સરખી શ્યામ હતી, પીળાં રેશમી વસ્ત્ર પહેર્યાં હતાં, ભુજા ચાર હતી, નેત્ર કમળપત્ર સરખાં રાતાં હતાં. મુખ સુંદર અને પ્રસન્ન હતું, ભ્રકુટી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

સુંદર હતી, નાસિકા, કાન અને કપોળ મનોહર હતાં, હોઠ રાતા હતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી હતાં, કંઠ શંખ જેવો હતો, નાભિ ઉંડી હતી, પીપળાના પાંદડા સરખા ઉદરમાં ત્રણ વળીઓ પડતી હતી, કટી અને નિતંબ મોટા હતા, બે સાથળ ઉપર જાડા અને નીચે પાતળા હતા, બે ગોઠણ અને બે પીંડીઓ શોભી રહી હતી.[૪૬-૪૯] કાંઇક ઉપડતી ઘુંટીઓથી અને રાતા નખના સમૂહની કાંતિથી વીંટાએલા હતા, કોમળ આંગળીઓ અને અંગુઠારૂપ પાંખડીઓથી ચરણકમળ શોભી રહ્યાં હતાં.[૫૦] અનેક અમૂલ્ય મણિવાળાં કિરીટ, કડાં, બાજુબંધ, કટિમેખળા, જનોઇ, હાર, ઝાંઝર અને કુંડળોથી દીપી રહ્યા હતા.[૫૧] ચાર હસ્તમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં, વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન હતું, કૌસ્તુભમણિ શોભતો હતો, વનમાળા પહેરી હતી.[૫૨] નંદ, સુનંદ આદિ પાર્ષદો, સનકાદિકો, બ્રહ્મા આદિ મોટા દેવો, મરીચિ આદિ નવ બ્રહ્મર્ષિઓ અને પ્રહ્લાદ, નારદ તથા ઉપરિચર વસુ આદિ મોટા વૈષ્ણવો નિર્મળ અંતઃકરણથી નોખાનોખા પ્રકારનાં વચનોવડે સ્તુતિ કરતા હતા.[૫૩-૫૪] લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, કીર્તિ, ઇલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, માયા અને બીજી પણ શક્તિઓ સેવા કરતી હતી.[૫૫] આવા ભગવાનને જોઇ બહુ જ રાજી થયેલાં પરમ ભક્તિવાળાં રોમાંચિત થયેલાં અને ભાવને લીધે જેનાં નેત્ર તથા અંતઃકરણ આર્દ્ર થઇ ગયાં હતાં, એવા અક્રૂરજી ધીરજ રાખી, મસ્તકથી પ્રણામ કરી, હાથ જોડી, સાવધાન થઇ, ધીરે ધીરે ગદ્‌ગદ્ વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૫૬-૫૭]

गिरा गद्गदयाऽस्तौषीत्सत्वमालंब्य सात्त्वतः । प्रणम्य मूर्ध्नाऽवहितः कृतांजलिपुटः शनैः ॥५७

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમસ્કંધનો ઓગણચાળીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૦

## અક્રૂરજીએ ભગવાનની સ્તુતિ કરી.

॥ अक्रूर उवाच ॥

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं नारायणं पूरुषमाद्यमव्ययम् । यन्नाभिजातादरविंदकोशाद् ब्रह्माविरासीद्यत एष लोकः ॥१॥

અક્રૂરજી સ્તુતિ કરે છે- સર્વે કારણના કારણ, આદિપુરૂષ અને અવિનાશી આપ નારાયણ કે જેની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળના કોશમાંથી બ્રહ્માંડના કર્તા બ્રહ્મા પ્રકટ થયા છે, તેમને હું પ્રણામ કરૂં છું.[૧] પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ, માયા, પુરૂષ, મન, ઇંદ્રિયો, સર્વે વિષયો અને દેવતાઓ કે જેઓ જગતના કારણરૂપ છે તે સર્વે આપના અંગરૂપ છે.[૨] પ્રકૃત્યાદિક પદાર્થો જડ હોવાને કારણે જેમ આપના સ્વરૂપને જાણતાં નથી, તેમ બ્રહ્માદિક જીવો ચેતન હોવા છતાં પણ માયાના ગુણોથી બંધાએલા હોવાને લીધે ગુણથી પર આપના સ્વરૂપને જાણતા નથી.[3] કેટલાક યોગીઓ સાક્ષાત્ મહાપુરૂષ અને અંતર્યામી ઈશ્વરરૂપે આપને ભજે છે. કેટલાક યોગીઓ સર્વભૂતોને વિષે રહેલા સર્વેના શરીરિ એવા આપને ભજે છે. કેટલાક યોગીઓ "સાધિદૈવ" એટલે ઇન્દ્ર ચંદ્રાદિક દેવોના અંતરાત્મારૂપે આપને ભજે છે. અને કેટલાક યોગીઓ ચક્ષુ હૃદય એ આદિકમાં રહેલા આપને ભજે છે.[૪] કર્મયોગવાળા કેટલાએક દ્વિજ લોકો અનેક પ્રકારના ઇન્દ્રાદિક દેવતાઓના નામથી મોટા યજ્ઞો કરી પૂર્વમીમાંસાની અંદર પ્રતિપાદન કરાયેલી કર્મકાંડરૂપી વિદ્યાથી તમને ભજે છે.[૫] કેટલાક જ્ઞાનીઓ સર્વ કર્મો ભગવાનને સમર્પિત કરી શબ્દાદિ વિષયોને વિષે ભોગ્યતા બુદ્ધિથી રહિત થઇ જ્ઞાનયજ્ઞવડે જ્ઞાનસ્વરૂપ એવા તમોને ભજે છે.[૬] આપે કહેલા પંચરાત્ર શાસ્ત્ર પ્રમાણે તપ્તમુદ્રાનું ધારણ એ આદિ પાંચ સંસ્કારોવડે સંસ્કૃત બનેલા, અને તમારું એક જ સ્વરૂપ જેને પ્રધાન છે, એવા બીજા કેટલાક વ્યુહ વિભવાદિકરૂપથી અનેક મૂર્તિવાળા અને નારાયણરૂપે એક મૂર્તિવાળા આપને ભજે છે.[૭] કેટલાક લોકો વળી બહુ આચાર્યોના આચારભેદો જેને વિષે રહેલા છે એવા અને સદાશિવે કહેલા પાશુપતાદિક માર્ગોથી શિવરૂપી આપને ભજે છે.[૮] હે પ્રભુ ! જે લોકો બીજા દેવતાઓના ભક્ત છે તેઓની બુદ્ધિ જોકે બીજાઓમાં હોય છે, તોપણ વાસ્તવિક વિચારતાં તે સર્વે આપ કે જે સર્વ દેવમય અને ઈશ્વર છો તેમને જ ભજે છે.[૯] હે પ્રભુ ! જેમ પર્વતથી ઉત્પન્ન થયેલી નદીઓ વરસાદથી ઘણા પ્રવાહવાળી થઇને અંતે સમુદ્રને પામે છે. તેમ સર્વે પૂજાના માર્ગો અંતે આપની અંદર જ વિરામ પામે છે.[૧૦] સત્વ, રજ અને તમ આ ત્રણગુણો તમારી માયાના છે. સ્થાવરથી તે બ્રહ્મ સુધીના સર્વે જીવો ગુણોમાં પરોવાએલા છે, ગુણો માયામાં પરોવાએલા છે અને માયા આપમાં પરોવાએલી છે.[૧૧] ગુણોના લેપ વગરની બુદ્ધિવાળા, સર્વના આત્મા અને સર્વની બુદ્ધિઓના સાક્ષી એવા આપને પ્રણામ કરૂં છું, અવિદ્યાએ કરેલો આ ગુણમય સંસારનો પ્રવાહ તો દેવ, માણસ અને પશુ પક્ષીઓનાં શરીરોને પોતારૂપ માનનારાઓમાં જ પ્રવર્તે છે, પણ આપની અંદર પ્રવર્તતો નથી.[૧૨] અગ્નિ તમારૂં મુખ છે, પૃથ્વી પગ છે, સૂર્ય નેત્ર છે, આકાશ નાભિ છે, દિશાઓ કાન છે, સ્વર્ગલોક મસ્તક છે, દેવતાઓ હાથ છે, સમુદ્રો પેટ છે, વાયુ પ્રાણ અને બળરૂપ કલ્પાએલા છે. વૃક્ષ અને ઔષધિઓ રૂંવાડાં છે, મેઘ કેશ છે, પર્વતો અસ્થિ અને નખરૂપ છે, રાત્રિ અને દિવસ નિમેષરૂપ છે, પ્રજાપતિ શિશ્નરૂપ છે અને વૃષ્ટિ વીર્યરૂપ છે.[૧૩-૧૪] હે અવિનાશી ! ઘણા જીવોથી વ્યાપ્ત આ લોકપાળ સહિત બ્રહ્માંડો શુદ્ધ મનથી ગ્રહણ કરવા યોગ્ય એવા આપ તે આપના સ્વરૂપમાં આધિન રહેલાં છે, જળમાં સૂક્ષ્મ જળજંતુઓની પેઠે અને ઉદંબરાના ફળમાં મસલાઓની પેઠે, એક બીજાની વાતને નહીં જાણતાં અનેક બ્રહ્માંડો

www.jayswaminarayan.org www.bhujmandir.org

આપના સ્વરૂપમાં જ ફર્યા કરે છે.[૧૫] આપ ક્રીડાને માટે જે જે રૂપ ધરો છો તે તે રૂપથી જેના શોક મટી જાય છે, એવા લોકો પ્રીતિથી તમારી કીર્તિ ગાય છે.[૧૬] પ્રલયના સમુદ્રમાં ફરનાર મત્સ્યાવતાર રૂપ આપને પ્રણામ કરૂં છું. મધુકૈટભને મારનાર હયગ્રીવરૂપ આપને પ્રણામ કરૂં છું.[૧૭] મંદરાચળને ધારણ કરનાર કૂર્મરૂપ આપને પ્રણામ કરૂં છું, પૃથ્વીને જળમાંથી બહાર કાઢવારૂપ વિહાર કરનાર વારાહરૂપ આપને પ્રણામ કરૂં છું.[૧૮] હે સાધુલોકોના ભયને મટાડનાર ! અદ્‌ભુત નૃસિંહરૂપ આપને પ્રણામ કરૂં છું. ત્રૈલોક્યને ત્રણ પગલાંથી માપી લેનાર વામનરૂપ આપને પ્રણામ કરૂં છું.[૧૯] ગર્વવાળા ક્ષત્રિયોરૂપી વનને કાપનારા પરશુરામરૂપ આપને પ્રણામ કરૂં છું. રાવણનો નાશ કરનાર રામચંદ્રરૂપ આપને પ્રણામ કરૂં છું.[૨૦] ભક્તોના રક્ષક વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધરૂપ આપને પ્રણામ કરૂં છું.[૨૧] શુદ્ધ છતાં દૈત્ય દાનવોને મોહ પમાડનારા બુદ્ધરૂપ આપને પ્રણામ કરૂં છું.મોટે ભાગે મ્લેચ્છરૂપ થયેલા ક્ષત્રિયોને હણનાર કલ્કિરૂપ આપને પ્રણામ કરૂં છું.[૨૨] હે ભગવાન ! તમારી માયાથી મોહ પામેલો અને દેહાદિકમાં "હું અને મારૂં" એવો આગ્રહ ધરનાર આ જીવલોક કર્મના માર્ગોમાં ભટક્યા કરે છે.[૨૩] હે પ્રભુ ! અત્યંત મૂઢ હું પણ દેહ, પુત્ર, ઘર, સ્ત્રી, ધન, અને સ્વજનાદિક સ્વપ્ન જેવા પદાર્થોમાં તેઓને સાચા માની ભટક્યા કરૂં છું.[૨૪] અનિત્ય કર્મફળને નિત્ય માનનાર, અનાત્મા દેહને આત્મા માનનાર, દુઃખરૂપ ઘર આદિને સુખરૂપ માનનાર, સુખદુઃખાદિકમાં જ રમનાર અને અજ્ઞાનથી વ્યાપ્ત થયેલો હું પરમ પ્રેમના સ્થાનકરૂપ આપને જાણતો નથી.[૨૫] જેમ મૂર્ખ માણસ જળથી જ ઉત્પન્ન થયેલા ઘાસથી ઢંકાએલા પાણીને છોડી દઈ, ઝાંઝવાના પાણી ઉપર દોડે, તેમ હું પણ આપને મૂકી દઈ, દેહાદિક ઉપર દોડ્યા કરૂં છું, અર્થાત્ દેહને જ આત્મા માની, તેના લાલન પાલનમાં મચી રહ્યો છું.[૨૬] વાસના ભરેલી બુદ્ધિવાળો હું જે મારૂં મન, કામ તથા કર્મથી ક્ષોભ પામેલું છે, અને બળવત્તર ઈંદ્રિયોથી ચારેકોર ખેંચાયું જાય છે, તેને રોકવાને સમર્થ નથી.[૨૭] હે પરમેશ્વર ! હે પદ્મનાભ ! હું વિષયી પુરૂષોને ન મળે એવા આપના ચરણારવિંદને શરણ આવેલો છું. અને તે શરણે આવવું પણ આપના અનુગ્રહથી જ થયું છે, એમ માનું છું, જ્યારે જીવને જન્મ મરણની સમાપ્તિ થવાની હોય ત્યારે જ મહાત્મા પુરૂષોની સેવાથી આપના ભજનનું મન થાય છે.[૨૮] વિજ્ઞાનરૂપ, સર્વજ્ઞાનના કારણરૂપ, પુરૂષને સુખદુઃખાદિ આપનાર કાળ, કર્મ અને સ્વભાવાદિકના નિયંતા અને અનંત શક્તિવાળા પરબ્રહ્મ આપને નમન કરૂં છું.[૨૯] સર્વ ભૂતપ્રાણી માત્રની અંદર નિવાસ કરીને રહેલા વાસુદેવ એવા આપને પ્રણામ કરૂં છું. હે ઈંદ્રિયોના સ્વામી ! આપને નમું છું. હે પ્રભુ ! હું શરણાગત છું, તેની આપ રક્ષા કરો.[૩૦]

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च । हृषीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥३०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૧

## ભગવાને મથુરામાં પ્રવેશીને ધોબીને માર્યો તથા સુદામા માળી અને દરજી ઉપર પ્રસન્ન થયા.

॥ श्रीशुकउवाच ॥

स्तुवतस्तस्य भगवान् दर्शयित्वा जले वपुः । भूयः समाहरत् कृष्णो नटो नाट्य मिवात्मनः ।१

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે શ્રીકૃષ્ણે અક્રૂરજીને જળમાં પોતાનું દર્શન આપી તે હજુ સ્તુતિ કરતા જ હતા, ત્યાં નટ જેમ પોતાના નાટકને સંકેલી લે તેમ પોતાનું સ્વરૂપ સંકેલી લીધું.[૧] વિસ્મય પામેલા અક્રૂરજી પણ ભગવાનને અંતર્ધાન થયેલા જોઈ, પાણીમાંથી બહાર આવી, કપડાં આદિ પહેરી, તરત રથની પાસે આવ્યા.[૨] ભગવાને અક્રૂરજીને પૂછ્યું કે- તમો પૃથ્વીમાં, આકાશમાં કે જળમાં કાંઇ આશ્ચર્ય જેવું જોયું ? તમો કાંઇ આશ્ચર્ય જોયું હોય તેવું, તમારી આકૃતિ ઉપરથી જણાય છે.[૩] અક્રૂરજી કહે છે આજગતમાં, પૃથ્વીમાં, આકાશમાં અને જળમાં જે કાંઇ આશ્ચર્ય જેવું છે તે તમે જ છો. તમે સર્વ જગતરૂપ છો. તો તમને જ મેં જોયા, માટે સર્વે આશ્ચર્ય મારા જોવામાં આવ્યું.[૪] હે પરમેશ્વર ! તમારે વિષે જ સર્વે આશ્ચર્યો રહ્યાં છે. તો તમારાં દર્શન કરનારો હું તે મેં પૃથ્વી, આકાશ કે જળમાં તમારા વિના બીજું શું આશ્ચર્ય જોયું હોય ?[૫]

શુકદેવજી કહે છે- આમ કહી અક્રૂરજી રથ હાંક્યો અને દિવસ આથમતાં પહેલાં બળદેવ અને કૃષ્ણને મથુરામાં પહોંચાડ્યા.[૬] હે રાજા ! માર્ગમાં સ્થળે સ્થળે મળેલા ગામના લોકો આ વસુદેવના બન્ને પુત્રોને જોઇને, રાજી થતાં પોતાની દૃષ્ટિને પાછી જ ખેંચતા ન હતા.[૭] અક્રૂરજીનો રથ પહોંચ્યો તે પહેલાં જ નંદાદિક ગોવાળો આગળથી મથુરાના ઉપવન પાસે આવી રાહ જોતા ત્યાં જ ઉભા હતા.[૮] નંદાદિ ગોવાળોને મળીને કૃષ્ણ ભગવાને નમ્રતાવાળા અક્રૂરજીનો હાથ પોતાના હાથે પકડી, જાણે હસતા હોય તેમ આ પ્રમાણે કહ્યું.[૯] ભગવાન કહે છે- તમો રથ સહિત મથુરા નગરીમાં તમારે ઘેર જાઓ. અમો તો અહીં ઉતારો કરીને પછી મથુરાને જોઈશું.[૧૦] અક્રૂરજી કહે છે- હે પ્રભુ ! હે નાથ ! હે ભક્તવત્સલ ! તમારા બન્ને જણ વિના હું એકલો મથુરામાં નહીં જાઉં. કારણ કે હું તમારો ભક્ત છું, તેથી મારો તમારે ત્યાગ ન કરવો જોઇએ.[૧૧] હે શ્રીકૃષ્ણ ! ચાલો આપણે સાથે જઈએ. મોટા ભાઈ, ગોવાળો અને મિત્રોની સાથે પરમ સ્નેહી આપ અમારે ઘેર પધારીને અમારા ઘરને સનાથ કરો.[૧૨] આપણાં ચરણ ધોવાનું જળ આંગણે પડવાથી

www.jayswaminarayan.org
www.bhujmandir.org


પિતૃ, અગ્નિ અને દેવતાઓ તૃપ્ત થાય છે, તે ચરણરજથી અમારાં ગૃહસ્થનાં ઘર પવિત્ર કરો.[૧૩] મહાત્મા બળીરાજા પણ આપના ચરણારવિંદને ધોવાથી પવિત્ર કીર્તિને યોગ્ય થયા છે. અને સર્વોત્તમ ઐશ્વર્યને તથા સાચા ભક્તલોકની ગતિને પામ્યા છે.[૧૪] તમારાં ચરણનો સ્પર્શ કરેલ જળ (ગંગાજી) ત્રણે લોકને પવિત્ર કરે છે. તે જળને શંકરે પોતાના મસ્તક ઉપર ધરેલ છે, અને જેના પ્રભાવથી સગર રાજાના પુત્રો સ્વર્ગમાં ગયા છે.[૧૫] હે દેવના દેવ ! હે ઉત્તમ કીર્તિવાળા ! હે નારાયણ ! જે આપનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે તેમને હું પ્રણામ કરૂં છું.[૧૬]

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે- યાદવોના મંડળનો દ્રોહ કરનારા કંસને માર્યા પછી, મોટાભાઈની સાથે હું તમારે ઘેર આવીશ અને સંબંધીઓને આનંદ આપીશ.[૧૭]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે શ્રીકૃષ્ણ બોલતાં જાણે ઉદાસ થયા હોય એવા અક્રૂરજી મથુરામાં ગયા, અને પોતે કરેલા કામની વાત કંસની પાસે કહીને પોતાને ઘેર ગયા.[૧૮] પછી પાછલે પહોરે બલરામ સહિત ગોવાળોથી વીંટાએલા ભગવાન શ્રીકૃષ્ણ જોવાની ઈચ્છાથી મથુરામાં પધાર્યા.[૧૯] મણિનાં ઉંચાં નાકાં અને દ્વારવાળી, મોટાં સોનાનાં કમાડ અને તોરણવાળી, ખાઈઓને લીધે શત્રુઓથી પેસાય નહીં એવી તથા સમીપની વાડીઓથી શોભી રહેલી અને જેમાં ધાન્યના કોઠાર તથા અશ્વશાળા આદિ સ્થાનકો ત્રાંબાનાં અને લોઢાનાં હતાં એવી મથુરાને ભગવાને જોઈ.[૨૦] સોનાના ચૌટા, ધનવાનોની હવેલીઓ, ઉપવન, એક ધંધાથી જીવનાર લોકોના બેસવાનાં સ્થાનકો અને બીજા ઘરોથી પણ મથુરા શોભી રહી હતી. વૈદૂર્યમણિ, હીરા, સ્ફટિક, નીલમણિ, પરવાળાં, મોતી અને હારિતમણિથી જડેલા ગોખના છિદ્રો, છાજલીઓ, વેદીઓ તથા બાંધેલી તળીયાની ભૂમિમાં બેઠેલાં પારેવાં અને મોર નાદ કરી રહ્યા હતા, રાજમાર્ગ, બજાર, અને આંગણાંઓમાં પાણી છાંટ્યાં હતાં. ફુલ, નવાં પાંદડાં, ધાણી અને ચોખા ચારેકોર વેરાએલા હતા.[૨૧-૨૨] પ્રત્યેક ઘરના દ્વારોની બન્ને બાજુએ ચોખાના ઢગલા ઉપર રાખેલા જળ ભરેલા કળશો શણગારેલા હતા. તે કળશ ઉપર દહીં અને ચંદન છાંટેલાં હતાં, કળશની ઉપર ચારેકોર ફુલની માળાઓ રાખેલી હતી. કળશના ગળામાં વસ્ત્રો વીંટયાં હતાં. મુખમાં આંબા આદિનાં પાંદડાં ખોસેલાં હતાં, ઉપર બીજાં પાત્ર મૂકી તેઓમાં અનેક દીવા કર્યા હતા, ધજાઓ ચઢાવેલી હતી અને તેની સમીપે હથા સહિત કેળો તથા સોપારીનાં ઝાડ લગાવી દીધાં હતાં.[૨૩] હે રાજા ! એ નગરીમાં રાજમાર્ગથી આવેલા અને મિત્રોથી વીંટાએલા શ્રીકૃષ્ણ તથા બળદેવને જોવા સારૂં ગામની સ્ત્રીઓ ઉત્કંઠાથી અને ઉતાવળથી ભેળી થવા લાગી અને કેટલીક પોતાના મહેલ ઉપર ચઢી.[૨૪] કેટલીક કપડાં અને ઘરેણાં પણ ઉંધાં પહેરી લીધાં હતાં. કેટલીક ધારણ કરવા યોગ્ય કુંડળ કંકણ આદિ ઘરેણાંઓને મધ્યે એક એક ઘરેણું પહેરીને આવી હતી, એક ઝાંઝર, અને એક કાનમાં પત્ર લગાવ્યાં હતાં અને કેટલીક સ્ત્રીઓ બીજી આંખ આંજ્યા વિના જ આવી હતી.[૨૫] કેટલીક જમતી હતી તે જમવું મૂકી દઈને ઉત્સાહથી આવી, કેટલીક તેલથી શરીરનું મર્દન કરતી હતી તે અધુરૂં મૂકીને આવી અને કેટલીક નાહ્યા વિના જ આવી, કેટલીક છોકરાંને ધવરાવવાનું પડતું મૂકીને આવી.[૨૬] મોટા મદોન્મત્ત હાથીની પેઠે ચાલતા અને લક્ષ્મીજીને પ્રીતિ આપનારા શ્રીકૃષ્ણ ભગવાન મનોહર લીલા સહિત પોતાનું હાસ્ય અને દૃષ્ટિથી તેના મનને હરતા હતા.[૨૭] હે કામદેવને જીતનારા રાજા ! વારંવાર સાંભળેલા હોવાને લીધે શ્રીકૃષ્ણમાં જ જેનું મન લાગી રહ્યું હતું એવી તથા શ્રીકૃષ્ણના જોવા તથા હસવારૂપ અમૃતના સિંચનથી માન પામેલી અને રોમાંચિત થયેલી સ્ત્રીઓ નેત્રરૂપદ્વારથી આનંદમય ભગવાનને હૃદયમાં પધરાવી તેમનું આલિંગન કરી પોતાને પ્રથમ ભગવાન નહીં મળવાથી મનમાં જે ઘણી વ્યથા હતી એ અવસ્થાને છોડી દીધી.[૨૮] મહેલના શિખરો પર ચઢેલી અને પ્રીતિથી પ્રફુલ્લિત મુખવાળી સ્ત્રીઓ બલરામ તથા શ્રીકૃષ્ણને ફુલોથી વધાવતી હતી.[૨૯] રાજી થયેલા દ્વિજલોકો સ્થળે સ્થળે જળનાં પાત્ર સહિત દહીં, અક્ષત, માળા, ચંદન અને ભેટોથી બન્ને ભાઈઓનો સત્કાર કરવા લાગ્યા હતા.[૩૦] મથુરાની સ્ત્રીઓ બોલતી હતી કે- અહો ! ગોપીઓએ કયું મોટું તપ કર્યું હશે ? કે જેઓ મનુષ્યલોકના મહોત્સવરૂપ આ શ્રીકૃષ્ણ તથા બળદેવજીને સર્વદા દેખે છે.[૩૧] મથુરામાં ચાલ્યા જતા ભગવાને કોઈ રંગારા ધોબીને આવતો જોઈ, તેની પાસે ધોએલાં અને અતિ ઉત્તમ વસ્ત્ર માગ્યાં.[૩૨] ભગવાને કહ્યું કે- હે ધોબી ! અમો બન્ને જણાને જેવાં જોઈએ તેવાં વસ્ત્રો આપ, તેથી તારૂં પરમ કલ્યાણ થશે. એમાં સંશય નથી.[૩૩] સર્વ પ્રકારે પરિપૂર્ણ ભગવાન આ પ્રમાણે માગણી કરતાં એ રાજાનો ચાકર મદોન્મત્ત ધોબી ક્રોધ કરીને તોછડા શબ્દોથી બોલ્યો કે- હે છકેલા લોકો ! તમો પર્વતોમાં અને વનોમાં ફરનારા થઈને નિત્યે આવાં જ કપડાં પહેરતા હશો નહિ ? કે જેથી પોતાના અધિકારનો વિચાર કર્યા વિના રાજાના પદાર્થોને માગો છો.[૩૪-૩૫] અરે મૂર્ખ લોકો ! જતા રહો. જો જીવવાની ઈચ્છા હોય તો આવી માગણી કરશો નહીં. રાજાના ચાકરો અભિમાની માણસને કેદ કરે છે, લુંટી લે છે, અને મારી પણ નાખે છે.[૩૬] આ પ્રમાણે ધોબી બકવાદ કરતાં કોપ પામેલા ભગવાને પોતાના હાથની એક થપાટથી કાયા ઉપરથી માથું પાડી નાખ્યું.[૩૭] તેના હાથ નીચેના બીજા સર્વે ધોબીઓ વસ્ત્રોના ગાંસડા ત્યાં જ મૂકી ચારેકોર ભાગી ગયા, પછી ભગવાને વસ્ત્ર લઈ લીધાં.[૩૮] ભગવાન અને બલરામ પોતાને સરસ લાગે એવાં વસ્ત્ર પહેર્યાં અને વધ્યાં તે ગોવાળોને માટે લઈ લીધાં અને બાકી પૃથ્વી પર પડતાં મૂક્યાં.[૩૯] પછી રાજી થયેલા એક દરજીએ વિચિત્ર વર્ણવાળાં વસ્ત્રોથી અને આભરણથી તેઓને જેવો જોઈએ તેવો શણગાર કરી આપ્યો.[૪૦] અનેક લક્ષણોવાળા વેષોથી શણગારેલા એ શ્રીકૃષ્ણ અને બલરામ ઉત્સવમાં શણગારેલા ધોળા અને કાળા

www.jayswaminarayan.org www.bhujmandir.org

બે હાથીઓની પેઠે શોભવા લાગ્યા.[૪૧] એ દરજી ઉપર પ્રસન્ન થઈને ભગવાને તેને પોતાના સરખું રૂપ, જગતમાં ઉત્તમ લક્ષ્મી, બળ, ઐશ્વર્ય, સ્મરણ અને ઈંદ્રિયોની શક્તિ આપી.[૪૨] પછી એ બન્ને ભાઈઓ સુદામા નામના માળીને ઘેર ગયા. તે બન્ને ભાઈને આવેલા જોઈ માળી મસ્તકથી પગે લાગ્યો.[૪૩] ગોવાળો સહિત એ બન્ને ભાઈઓને આસન તથા પગ ધોવા જળ આપી, માળા, તાંબુલ, ચંદન અને બીજાં પણ ઉત્તમ પદાર્થોથી પૂજા કરીને માળી બોલ્યો કે- હે પ્રભુ ! આજ તમારા આવવાથી મારો જન્મ સફળ થયો, મારૂં કુળ પવિત્ર થયું અને પિતૃ, દેવ તથા ઋષિઓ પણ મારા ઉપર પ્રસન્ન થયા.[૪૪-૪૫] તમો આ સર્વે જગતના પરમ કારણરૂપ છો અને જગતની વૃદ્ધિ તથા અભયને માટે પોતાના સંકલ્પરૂપ જ્ઞાનથી પૃથ્વીમાં અવતરેલા છો.[૪૬] તમો જોકે ભજતો હોય તેને જ ભજો છો, તોપણ સર્વે પ્રાણીઓમાં સમાન સર્વના મિત્ર અને જગતના આત્મા છો. તેથી તમો વિષમ દૃષ્ટિથી વર્તો છો એમ કહી શકાય નહીં.[૪૭] હું તમારો દાસ છું, માટે મને આપ આજ્ઞા કરો. હું આપનું શું કાર્ય કરૂં ? આપ આજ્ઞા કરો એજ અમારી ઉપર મોટો અનુગ્રહ કર્યો ગણાશે.[૪૮] આ પ્રમાણે બોલતા સુદામા માળીએ શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણી રાજી થઈને સારાં અને સુગંધી ફુલોથી રચેલી માળાઓ પહેરાવી.[૪૯] એ માળાઓથી શણગારેલા ગોવાળો સહિત પ્રસન્ન થયેલા અને વર આપનારા એ બન્ને ભાઈઓ નમેલા અને શરણાગત થયેલા એ માળીને વરદાન માગવાનું કહ્યું.[૫૦] સુદામાએ પણ સર્વના આત્મા તે ભગવાનમાં અવિચળ પ્રીતિ, ભગવાનના ભક્તો ઉપર સ્નેહ અને પ્રાણીઓ ઉપર પરમ દયા માગી.[૫૧] બલરામ સહિત ભગવાન તેના માગ્યા પ્રમાણે તેને વરદાન આપી અને નહીં માગ્યા છતાં પણ તેના વંશમાં લક્ષ્મી વધતી જશે, એવું વચન, બળ, આયુષ્ય, યશ અને કાંતિ આપીને ત્યાંથી વિદાય થયા.[૫૨]

इति तस्मै वरं दत्वा श्रियं चान्वयवर्द्धिनीम् । बलमायुर्यशः कांतिं निर्जगाम सहाग्रजः ॥५२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો એકતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૨

## શ્રીકૃષ્ણ ભગવાને કુબજાનો ઉદ્ધાર તથા ધનુષનો ભંગ કર્યો.

॥ श्रीशुकउवाच ॥

अथ व्रजन् राजपथेन माधवः स्त्रियं गृहीतांगविलेपभाजनाम् । विलोक्य कुब्जां युवतिं वराननां प्रपच्छ यांतीं प्रहसन् रसप्रदः ॥१॥

શુકદેવજી કહે છે- પછી રાજમાર્ગમાં ચાલતા ભગવાને એક કુબડાં મોઢાવાળી યુવાન કુબ્જા સ્ત્રી, કે જેણે શરીરમાં લેપન કરવાના ચંદનનું પાત્ર હાથમાં લીધું હતું તેને જતી દીઠી. તેને જોઈને સુખ આપનારા ભગવાને પુછ્યું કે- હે સુંદરી ! હે ઉત્તમ સાથળવાળી ! તું કોણ છે ? અને આ ચંદન કોનું છે ? અમારી પાસે સારી રીતે વાત કર અને અમોને આ ઉત્તમ લેપન આપ. એમ કરવાથી તારૂં તરત જ કલ્યાણ થશે.[૧-૨]

કુબ્જા કહે છે- હે સુંદર ! હું ત્રિવક્રા નામની દાસી છું અને લેપનનું ચંદન કરવાના કામમાં હું કંસને પ્યારી છું, મારૂં ઘસેલું ચંદન કંસને બહુ જ વહાલું છે, તો તે ચંદનને તમારા વિના બીજો કોણ યોગ્ય છે ?[૩] શુકદેવજી કહે છે- રૂપ, કુમારપણું, રસિકપણું, હસવું, બોલવું અને જોવું તેથી પરવશ થયેલી તે કુબ્જાએ તે બન્ને ભાઈને ઘાટું ચંદન આપ્યું.[૪] પીળા આદિ વર્ણથી શોભતા તે ચંદનથી નાભિ ઉપરના ઘણા ખરા ભાગમાં જેઓએ લેપન કરી લીધું છે, એવા બે ભાઈઓ શોભવા લાગ્યા.[૫] પ્રસન્ન થયેલા ભગવાને તરત જ પોતાના દર્શનનું ફળ દેખાડવા માટે, એ રૂપાળા મોઢાવાળી અને ત્રણ ઠેકાણે વાંકી કુબ્જાને સરખી કરવાનું મન કર્યું.[૬] તેના બે પગના આગલા ભાગને પોતાના બે પગથી દબાવી, જેની બે આંગળીઓ ઉંચી રાખી હતી એવા હાથથી તેની ચિબુક પકડીને ભગવાને તેના શરીરને ઉંચું કર્યું.[૭] એમ કરવાથી અંગ સરળ અને સમાન થઈ જતાં, મોટા નિતંબવાળી અને મોટા સ્તનવાળી તે કુબ્જા ભગવાનના સ્પર્શના મહિમાને લીધે સ્ત્રીઓમાં શ્રેષ્ઠ થઈ.[૮] પછી રૂપ, ગુણ અને ઉદારતાથી ભરેલી, હસતી અને કામદેવથી વ્યાકુળ થયેલી તે કુબ્જાએ ભગવાનના વસ્ત્રનો છેડો તાણીને તેમને કહ્યું કે- હે વીર ! ચાલો આપણે ઘેર જઈએ, હું તમને અહીં મૂકી દેવાને ઈચ્છતી નથી. હે પુરૂષોત્તમ ! મારા ચિત્તને તમે પરવશ કરી નાખ્યું માટે મારા ઉપર કૃપા કરો.[૯-૧૦] બલરામના દેખતાં આ પ્રમાણે એ સ્ત્રીએ માગણી કરતાં, ભગવાને પોતાના મિત્રોનાં મોઢાં જોઈ હસતાં હસતાં તેને કહ્યું કે- હે સુંદરી ! જે ઘર પુરૂષોના મનની પીડાને શમાવનાર છે, ત્યાં હું મારૂં કામ પૂર્ણ થયા પછી આવીશ. કારણ કે અમો ઘર વિનાના વટેમાર્ગુ છીએ, તેઓને આશરો લેવાનું ઠેકાણું તું જ છે.[૧૧-૧૨] આ પ્રમાણે મધુર વચનથી તેને વિદાય કરી, શ્રીકૃષ્ણ માર્ગમાં ચાલ્યા જતા હતા, ત્યાં વેપારીઓ અનેક પ્રકારની ભેટો, પાનબીડાં, માળાઓ અને સુગંધવાળાં પદાર્થોથી તેમનું અને બળદેવજીનું પૂજન કર્યું.[૧૩] ભગવાનનાં દર્શન થવાથી કામદેવ ઉત્પન્ન થવાને લીધે ચિત્રામણ જેવી થઈ રહેલી અને જેઓનાં વસ્ત્ર, કંકણ તથા કેશ ખસી જતાં હતાં, એવી સ્ત્રીઓને પોતાના શરીરનું ભાન પણ રહેતું ન હતું.[૧૪] પછી ગામના લોકોને ધનુષ્યનું ઠેકાણું પૂછતા જતા ભગવાને તે સ્થળમાં જઈને, જાણે ઈંદ્રનું હોય તેવું અદ્‌ભુત ધનુષ્ય જોયું.[૧૫] ઘણા પુરૂષોવડે રક્ષણ કરાએલા, પૂજેલા અને મોટી શોભાવાળા તે ધનુષને શ્રીકૃષ્ણે પોતાને રક્ષક લોકોએ વાર્યા છતાં પણ બળાત્કારથી ઉપાડ્યું.[૧૬] રક્ષણ કરનારા લોકોના દેખતાંજ લીલા માત્રમાં ડાબા હાથથી ઉપાડેલા તે ધનુષને, આંખ મીંચી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ઉઘાડીએ એટલી વારમાં સજ્જ કરી, ખેંચીને, ભગવાને જેમ મદોન્મત્ત હાથી શેરડીના સાંઠાને ભાંગી નાખે તેમ ભાંગી નાખ્યું.[૧૭] ધનુષ ભાંગતાં તેનો શબ્દ સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી અને દિશાઓમાં વ્યાપ્ત થઇ રહ્યો, કે જે શબ્દને સાંભળી કંસ ત્રાસ પામ્યો.[૧૮] કોપ પામેલા ધનુષના રક્ષકો પોતાના અનુચરો સહિત શસ્ત્રો ઉપાડીને ભગવાનને પકડી લેવા સારૂં "પકડો અને બાંધો" એમ બોલતા બોલતા ભગવાનને ઘેરી વળ્યા.[૧૯] પછી તેઓનો દુષ્ટ અભિપ્રાય જોઇ ક્રોધ પામેલા બલરામ અને શ્રીકૃષ્ણે ધનુષના કટકા લઇ તેનાથી તે લોકોને માર્યા અને કંસે મોકલેલા બીજા સૈન્યને પણ માર્યું. પછી એ ધનુષની શાળાના દ્વારમાંથી બહાર નીકળીને એ બન્ને ભાઇઓ ગામમાં ફરવા લાગ્યા અને ગામની શોભા જોઇને રાજી થયા.[૨૦-૨૧] તે બન્ને ભાઇઓનું અદ્‌ભુત પરાક્રમ, તેજ, દઢતા અને રૂપ જોઇને ગામના રહેવાસીઓ, આ કોઇ ઉત્તમ દેવ છે, એમ માનવા લાગ્યા.[૨૨] આ પ્રમાણે મન ગમતી રીતે ફરતાં ફરતાં સૂર્ય આથમી ગયો, એટલે ગોવાળોથી વીંટાએલા શ્રીકૃષ્ણ અને બળદેવજી ગામમાંથી ઉતારે આવ્યા.[૨૩] ભગવાન વ્રજમાંથી પધાર્યા તે સમયમાં વિરહથી આતુર થયેલી ગોપીઓએ મથુરામાં જે જે થવાની કલ્પના કરી હતી તે સર્વે કલ્પનાઓ, ભગવાનનું શરીર કે જેમાં લક્ષ્મીજી પોતાને ભજનારા બ્રહ્માદિક દેવોને છોડી દઇ નિવાસ કરીને રહેલ છે, તે શરીરની શોભાને જોનારા મથુરાના લોકોમાં સાચી થઇ.[૨૪] પછી શ્રીકૃષ્ણ તથા બળદેવ પોતાના પગ ધોઇ તથા દૂધવાળું અન્ન જમી અને કંસે જે કરવાનું ધાર્યું હતું તે જાણી લઇ, તે રાત્રી ઉતારામાં જ સુખેથી રહ્યા.[૨૫] ધનુષનો ભંગ અને રક્ષા કરનારાઓનો તથા પોતાના બીજા સૈન્યનો વધ કેવળ ભગવાન તથા બળદેવે લીલા માત્રમાં જ કર્યો, તે સાંભળીને લાંબા ઉજાગરાવાળો અને ભય પામેલો દુર્બુદ્ધિ કંસ સ્વપ્નમાં અને જાગ્રતમાં મૃત્યુને સૂચવનારાં ઘણાં દુષ્ટ શુકનો દેખવા લાગ્યો.[૨૬-૨૭] પ્રતિબિંબ દેખવા છતાં પણ તેમાં પોતાનું માથું દેખતો ન હતો. બે ચંદ્રાદિક ન હોવા છતાં પણ ચંદ્રાદિકનાં બબ્બે બિંબ દેખતો હતો.[૨૮] પડછાયામાં છિદ્ર દેખાતાં હતાં. કાનને બંધ કરતાં અંદર જે શબ્દ સાંભળવામાં આવે તેને સાંભળતો ન હતો. વૃક્ષોને સોનાનાં દેખતો હતો. રજ અને કીચ આદિમાં પોતાનાં પગલાં દેખતો ન હતો.[૨૯] સ્વપ્નમાં મુડદાનું આલિંગન કરતો હતો, ગધેડા પર ચઢીને જતો હતો, ઝેર ખાતો હતો, જાસુદના ફુલની માળા પહેરી, તેલથી ખરડાએલો અને નગ્ન એકલો જતો હતો.[૩૦] સ્વપ્ન અને જાગ્રતમાં એવી રીતનાં બીજાં પણ કેટલાંક અપશુકનો દેખીને મરણથી ત્રાસ પામેલા કંસને ચિંતાને લીધે નિંદ્રા જ આવી નહીં.[૩૧] હે રાજા ! માંડ માંડ પ્રભાત પડતાં અને જળમાંથી સૂર્ય બહાર નીકળતાં કંસે મલ્લોની રમતનો મહોત્સવ કરાવ્યો.[૩૨] લોકોએ અખાડાની પૂજા કરી તૂરી અને ભેરી વાગવા લાગ્યાં. માળા, પતાકા અને વસ્ત્રના તોરણોથી બેસવાના મંચોને શણગાર્યા.[૩૩] બ્રાહ્મણ અને ક્ષત્રિય આદિ નગરના લોકો અને દેશના લોકો તે મંચો ઉપર બેઠા તથા રાજાઓ પણ જેમ પોતાને અનૂકુળ આવે તેમ આસનો નાખીને તેઓ ઉપર બેઠા.[૩૪] કારભારીઓથી વીંટાએલો અને જેનું હૃદય કચવાયા કરતું હતું એવો કંસ, પોતાની નીચેના રાજાઓના મધ્યમાં રાજમંચ ઉપર બેઠો.[૩૫] વાજાંઓ વાગવા લાગ્યાં, મલ્લોના તબોટા (મલ્લતાલ) વાજાંઓને પણ દાબી દેતા સંભળાવા લાગ્યા, ત્યારે શણગારેલા અને ગર્વવાળા મલ્લો પોતાના આચાર્યો સહિત આવ્યા.[૩૬] સુંદર વાજાંથી રાજી થયેલા ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ અને તોશલ એ મલ્લો અખાડામાં આવ્યા.[૩૭] કંસે બોલાવેલા નંદાદિ ગોવાળો પણ કંસને ભેટો આપીને એક મંચ ઉપર બેઠા.[૩૮]

नंदगोपादयो गोपा भोजराजसमाहूताः । निवेदितोपायनास्ते एकस्मिन्मंच आविशन् ॥३८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો બેતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૩

## અખાડાના દ્વારમાં કુવલ્યાપીડ હાથીને મારીને, મલ્લના અખાડામાં પ્રવેશ કરતા શ્રીકૃષ્ણ ભગવાન તથા બળદેવજી.

॥ શ્રીશુકઉવાચ ॥

अथ कृष्णश्च रामश्च कृतशौचौ परंतप । मल्लदुंदुभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतुः ॥१॥

શુકદેવજી કહે છે- હે પરીક્ષિત રાજા ! "અમે ધનુષનો ભંગ આદિ કર્મ કરી અમારૂં ઐશ્વર્ય સૂચન કરાવી દીધું છે, તોપણ અમારા માતા-પિતાને આ છોડતો નથી અને અમને પણ મારવા ઇચ્છે છે, તેથી આ મામાને મારતાં અમને કાંઇ પણ દોષ નથી." આ પ્રમાણે પહેલે દિવસે જેઓએ પોતાની પવિત્રતા કરી લીધી હતી. એવા શ્રીકૃષ્ણ અને બળદેવજી મલ્લોના નગારાંનો શબ્દ સાંભળી જોવા સારૂં આવ્યા.[૧] અખાડાના દ્વારથી આગળ આવ્યા, ત્યાં તે ઠેકાણે ઉભેલો કુવલ્યાપીડ નામનો હાથી કે જેને અંબષ્ઠ (મહાવત) હાંકતો હતો તેને ભગવાને દીઠો.[૨] ભેઠ બાંધી તથા પોતાના વાંકા કેશ બાંધીને ભગવાને મેઘની ગર્જના સરખી ગંભીર વાણીથી એ હાથીના રક્ષક અંબષ્ઠને કહ્યું કે - 'હે અંબષ્ઠ ! હે અંબષ્ઠ ! અમને માર્ગ દે. તુરત ખસી જા, અને જો નહીં ખસે તો તને તથા તારા હાથીને હમણાં યમપુરીમાં મોકલી આપીશ.[૩-૪] આ પ્રમાણે તરછોડેલા અને કોપેલા અંબષ્ઠે મૃત્યુ, મૃત્યુનું નિમિત્તકાળ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

અને મૃત્યુના નિયંતા યમ જેવા હાથીને ભગવાનની સામે હાંક્યો.[૫] હાથીએ સામે દોડી તરત પોતાની સુંઢથી ભગવાનને પકડ્યા. ભગવાન પણ સુંઢમાંથી છટકી તથા તેને મૂઠી મારીને તેના ચાર પગમાં છૂપી રહ્યા.[૬] ભગવાનને નહીં દેખતાં ક્રોધ પામેલા અને સુંઘીને જાણનાર તે હાથી વળી ભગવાનને પકડ્યા પણ બળાત્કારથી તે નીકળી ગયા.[૭] ગરૂડ જેમ નાગને ખેંચે તેમ ભગવાન મોટા બળવાળા હાથીને તેનું પુછડું પકડીને લીલા માત્રથી પચીસ ધનુષ જેટલે દૂર સુધી પાછળ પગે ખેંચ્યો.[૮] પછી જેમ કોઇ બાળક, ચારે બાજુ ફરતા ગાયના વાછરડાંની સાથે ફરે, તેમ બાળકરૂપ શ્રીકૃષ્ણ ડાબી અને જમણી કોર ફર્યા કરતા તે હાથીની સાથે ફરવા લાગ્યા.[૯] પછી સામે આવી પોતાના હાથથી તે હાથીને પ્રહાર કરી, ભગવાન એ હાથીને પાડી નાખવા એ રીતે દોડ્યા, કે જાણે હમણાં હાથી ભગવાનનો સ્પર્શ કરી જશે.[૧૦] દોડતા ભગવાન ક્રીડાથી પૃથ્વી ઉપર પડીને પાછા તુરત ઉઠી ગયા. ભગવાનને પડેલા માની તે ક્રોધી હાથીએ ભગવાનને મારવા પોતાના દાંત ધરતીમાં માર્યા.[૧૧] પોતાનું પરાક્રમ વ્યર્થ જતાં બહુ જ ક્રોધ પામેલા અને મહાવતો જેને હાંક્યા કરતા હતા, એવો હાથી ક્રોધથી ભગવાનની સામે દોડ્યો.[૧૨] તે આવતા હાથીની સામે જઇ ભગવાને પોતાના હાથથી તેની સૂંઢ પકડીને તેને પાડી નાખ્યો.[૧૩] એ પડેલા હાથીને સિંહની પેઠે પગથી દબાવી રમત માત્રમાં તેનો દાંત ખેંચી લઇને તે જ દાંતથી હાથીને તથા તેના રક્ષકો મહાવતોને માર્યા.[૧૪] મરી ગયેલા હાથીને છોડી દઇ તેનો દાંત હાથમાં લઇને ભગવાન અખાડામાં પધાર્યા. હાથીનો દાંત ખભા ઉપર રાખ્યો હતો. પોતાના શરીરમાં તે હાથીના મદ તથા લોહીના છાંટા ઉડ્યા હતા.[૧૫] અને મુખારવિંદ ઉપર પરસેવાનાં બિંદુઓ લાગી રહેલાં હોવાથી શોભતા હતા. હે રાજા ! કેટલાક ગોવાળોથી વીંટાએલા અને હાથીના દાંતરૂપી ઉત્તમ આયુધવાળા એ બન્ને ભાઇઓ અખાડાના સ્થાનકમાં પ્રવેશ કર્યો.[૧૬] મલ્લોને વજ્રરૂપ જણાતા, મનુષ્યોને ઉત્તમ મનુષ્ય જણાતા, સ્ત્રીઓને દેહધારી કામદેવરૂપ જણાતા, ગોવાળોને સંબંધીજન જણાતા, દુષ્ટ રાજાઓને દંડ આપનાર જણાતા, પોતાના મા-બાપને બાળકરૂપ જણાતા, કંસને મૃત્યુરૂપ જણાતા, અજ્ઞાનીઓને લોહીથી ખરડવાને લીધે બીભત્સની સમાન જણાતા, યોગીઓને પરમાત્મારૂપે જણાતા અને યાદવોને પરમ દૈવતરૂપ જણાતા શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મોટા ભાઇની સાથે અખાડામાં ગયા.[૧૭] હે રાજા ! કુવલ્યાપીડ હાથીને મારેલો જાણી તે બન્ને ભાઇઓને જીતવા કઠણ જાણી, કંસ દઢ મનવાળો છતાં પણ તે સમયે બહુ જ ઉદ્વેગ પામ્યો.[૧૮] અખાડામાં આવેલા મોટા હાથવાળા, પોતાની કાંતિથી જોનારાઓના મનનું હરણ કરતા અને જેઓ વિચિત્ર વેષના આભરણ, માળાઓ અને વસ્ત્રો ધાર્યાં હતાં. એવા બન્ને ઉત્તમ વેષ ધારણ કરનાર બે નટની પેઠે શોભતા હતા.[૧૯] એ બે ઉત્તમ પુરૂષને જોઇને જેનાં મોઢાં તથા નેત્ર આનંદના વેગથી પ્રફુલ્લિત થયાં છે એવા રાજાઓ, નગરના લોકો અને દેશના લોકો તેમના મુખારવિંદને આસક્ત પૂર્વક જોવા લાગ્યા, છતાં જોતાં તૃપ્તિ પામતા ન હતા. તેથી નેત્રથી પાન કરતા હોયને શું ? જીહ્વાથી ચાટતા હોયને શું ? નાકથી સુંઘતા હોયને શું ? અને હાથથી આલિંગન કરતા હોયને શું ? એમ જણાતા હતા.[૨૦-૨૧] ભગવાનનાં રૂપ, ગુણ, મધુરતા અને પ્રૌઢપણાએ જાણે સ્મરણ આપેલું હોય એવી રીતે સર્વે લોકો ભગવાનનાં દેખેલાં અને સાંભળેલાં પરાક્રમો વિષે વાતો કરવા લાગ્યા.[૨૨] આ બન્ને જણ સાક્ષાત્ નારાયણના અંશથી અહીં વસુદેવના ઘરમાં અવતરેલા છે.[૨૩] આ કૃષ્ણ દેવકીના ઉદરથી જન્મતાં તેમને ગોકુળમાં લઇ જવામાં આવેલ છે અને આટલા વર્ષ સુધી નંદરાયના ઘરમાં ગુપ્ત રહીને મોટા થયેલ છે.[૨૪] પૂતના, તૃણાવર્ત, યમલાર્જુન, શંખચુડ, કેશી, ધેનુકાસુર અને બીજા પણ એવા દુષ્ટ લોકોને આ કૃષ્ણે મારેલા છે.[૨૫] આ કૃષ્ણે ગોવાળો અને ગાયોને દાવાનળમાંથી બચાવેલી હતી, કાલિય નાગનું દમન કર્યું હતું અને ઈંદ્રનો મદ ઉતાર્યો હતો.[૨૬] સાત દિવસ સુધી એક હાથથી ગોવર્ધન પર્વત ધર્યો હતો અને વરસાદ, પવન તથા કડાકાથી ગોકુળનું રક્ષણ કર્યું હતું.[૨૭] આનું મુખ કે જેમાં જોવું અને હસવું નિરંતર આનંદ ભરેલું જ છે, તેને પ્રેમથી જોયા કરતી ગોપીઓ વગર પરિશ્રમે અનેક પ્રકારનાં તપો કરતી હતી.[૨૮] કહેવાય છે કે આ કૃષ્ણવડે રક્ષા કરાએલો યદુવંશ બહુ જ પ્રખ્યાત થઇને લક્ષ્મી, યશ તથા મોટાઇને પામશે.[૨૯] આ કમળ સરખા નેત્રવાળા બળદેવ આ શ્રીકૃષ્ણના મોટાભાઇ થાય છે, કે જેણે પ્રલંબાસુર, વત્સાસુર અને બકાસુર આદિને માર્યા છે. (વત્સાસુર તથા બકાસુરનો વધ શ્રીકૃષ્ણે કરેલો છે, છતાં રામચરિત્રને વિષે બળદેવજી દ્વારા વર્ણવાએલો છે. અને ધેનુકાસુરનો વધ બળદેવજીએ કરેલો છે, છતાં શ્રીકૃષ્ણ ચરિત્રને વિષે કૃષ્ણ દ્વારા વર્ણવાએલો છે.)[૩૦] આ પ્રમાણે લોકો વાતો કરતા હતા અને વાજાં વાગતાં હતાં તે સમયમાં ચાણુરમલ્લે શ્રીકૃષ્ણ અને બલરામને બોલાવીને કહ્યું હે નંદના પુત્ર ! હે બલરામ ! તમો બન્ને જણા વીર લોકોમાં માન પામેલા અને મલયુદ્ધ કરવામાં કુશળ છો, એમ સાંભળી તે મલયુદ્ધ જોવાની ઈચ્છાથી રાજાએ તમોને અહીં બોલાવેલા છે.[૩૧-૩૨] જે પ્રજા મનથી, કર્મથી અને વાણીથી રાજાને પ્રસન્ન કરે તેનું કલ્યાણ થાય છે, અને એથી વિરૂદ્ધ ચાલે તેનું અકલ્યાણ થાય છે.[૩૩] ગાયો અને વાછરડાંઓનું પાલન કરનારા લોકો વનમાં નિરંતર આનંદ કરે છે અને મલ્લયુદ્ધની ક્રીડાઓ કરતાં ગાયોને ચારે છે એ વાત પ્રસિદ્ધ જ છે.[૩૪] માટે અમારે અને તમારે રાજાનું પ્રિય કરવું જોઇએ. રાજા પ્રસન્ન થાય એટલે સર્વે પ્રાણીઓ પ્રસન્ન થયાં એમ સમજવું, કેમ કે રાજા સર્વ દેવતારૂપ છે.[૩૫] મલ્લયુદ્ધ પોતાને પ્યારૂ માનતા શ્રીકૃષ્ણ ભગવાન એ ચારૂણનું વચન સાંભળી તથા તેનો સત્કાર કરી દેશકાળને અનુસરતું વચન બોલ્યા કે- તમો અને વનમાં ફરનારા અમો પણ કંસ રાજાની પ્રજા છીએ, માટે આપણે નિરંતર કંસ રાજાને રાજી કરવા જોઇએ જ અને એવી રીતની આપણને રાજાની આજ્ઞા મળે એજ મોટો અનુગ્રહ સમજવો.[૩૬-૩૭] પરંતુ અમો

www.jayswaminarayan.org www.bhujmandir.org

બાળક છીએ માટે અમારા સરખા સાથે લડીશું, કેમકે મલ્લયુદ્ધ યોગ્ય રીતે થાય તો મલ્લોની સભાના અધિકારીઓને અધર્મનો સ્પર્શ ન થાય.[૩૮]

ચાણુર બોલ્યો કે- તું બાળક નથી અને કિશોર પણ નથી; કેમકે તેં દસહજાર હાથીના બળવાળા કુવલ્યાપીડ હાથીને રમતાં રમતાં મારી નાખ્યો. તેમજ બલદેવ પણ બળવાળાઓમાં ઉત્તમ છે.[૩૯] માટે તમો બન્ને ભાઇઓએ બળવાળાની સાથે લડવું પડશે એમાં કાંઇ પણ અનીતિ નથી. હે કૃષ્ણ ! તું મારી સાથે લડ અને બળદેવે મુષ્ટિકની સાથે લડવું.[૪૦]

तस्माद्भवद्भ्यां बलिभिर्योद्धव्यं नानयोऽत्रवै । मयि विक्रम वार्ष्णेय बलेन सह मुष्टिकः ॥४०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો તેતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૪

## શ્રીકૃષ્ણ ભગવાન મલ્લોનો તથા કંસનો નાશ કરી માતા પિતાને કેદમાંથી મુક્ત કર્યા.

॥ श्रीशुकउवाच ॥

एवं चर्चितसंकल्पो भगवान् मधुसूदनः । आससादाथ चाणूरं मुष्टिकं रोहिणीसुतः ॥१॥

શુકદેવજી કહે છે- આ પ્રમાણે વાત થતાં પ્રથમથી જ નિશ્ચય કરી રાખ્યો હતો એવા ભગવાન, ચાણૂર મલ્લની સાથે અને બલરામ મુષ્ટિક મલ્લની સાથે યુદ્ધ કરવા લાગ્યા.[૧] સામ સામા હાથથી હાથ અને પગથી પગ મેળવીને જીતવાની ઇચ્છાને લીધે એક બીજાને ખેંચવા લાગ્યા.[૨] એકબીજાના કોણીઓમાં કોણી, ગોઠણમાં ગોઠણ, માથામાં માથું અને છાતીમાં છાતી પછાડવા લાગ્યા.[૩] હલાવવું, ધક્કો દેવો, બાથમાં લઈને દાબવું, નીચે પછાડવું, મૂકી દઈને આગળ જવું અને પાછળ હઠવું એવી ક્રિયાથી એકબીજાને જય પામતાં અટકાવવા લાગ્યા.[૪] ગોઠણ અને પગનો ગોટોવાળી પડેલાને ખસેડવો, ઉપાડીને લઇ જવો, વળગી રહેલાને દૂર કરવો અને પગ આદિ અવયવોનો ગોટો વાળવો, એવી ક્રિયાઓથી એ બબ્બે જણા જયની ઇચ્છાને લીધે એકબીજાના શરીરોને પીડા કરતા હતા.[૫] હે રાજા ! જેમાં એક બળવાન અને બીજો નિર્બળ હતો એવું તે મલ્લયુદ્ધ જોઇને દયા આવતાં સર્વે સ્ત્રીઓ ટોળેટોળાં મળીને પરસ્પરમાં આ પ્રમાણે વાતો કરવા લાગી.[૬]

સ્ત્રીઓ વાતો કરે છે- અરેરે ! ! ! આ રાજાના સભાસદો કે જેઓ રાજાના દેખતાં બળીયા અને નબળાના યુદ્ધને પોતે પણ સ્વીકારે છે, સભાસદોને આ મોટો અધર્મ લાગે છે.[૭] જેઓનાં સર્વે અંગ વજ્ર જેવાં કઠણ છે એવા અને મોટા પહાડ જેવડા આ બે મલ્લ ક્યાં ? અને અત્યંત સુકોમળ અંગવાળા તથા જેઓને હજુ યુવાની પણ આવી નથી એવાં આ બે બાળકો ક્યાં ?[૮] આ સભામાં અવશ્ય ધર્મનું ઉલ્લંઘન થવાનું છે અને જ્યાં અધર્મ પ્રવર્તે ત્યાં કદી પણ ઉભું રહેવું ન જોઇએ.[૯] (બીજી સ્ત્રી કહે છે) સભાસદોને કેવા કેવા દોષ લાગે છે એ જાણનાર સમજુ માણસે સભામાં આવવું ન જોઇએ, કેમકે જાણવા છતાં ચુપ રહેનાર અથવા અવળું બોલનાર મૂર્ખ માણસને દોષ લાગે છે.[૧૦] શત્રુની ચારે બાજુ ફરતા આ શ્રીકૃષ્ણનું મુખારવિંદ જળનાં બિંદુઓથી કમળના ડોડાની પેઠે પસીનાથી વ્યાપ્ત થઇ રહ્યું છે તે જુઓ.[૧૧] બલરામનું મુખ કે જે રાતાં નેત્રવાળું, મુષ્ટિકની ઉપર ક્રોધથી ભરાએલું અને હાસ્યથી થયેલા આવેશને લીધે શોભી રહેલું છે, તેને તમો શું જોતી નથી ?[૧૨] અહો આનંદ થાય છે કે મનુષ્ય દેહથી ગૂઢ, વનનાં વિચિત્ર પુષ્પોને પહેરનાર, ગાયોને ચારતા, વેણુ વગાડતા અને જેના ચરણને સદાશિવ અને લક્ષ્મીજી પણ પૂજે છે એવા, આ પુરાણ પુરૂષ શ્રીકૃષ્ણ જે વ્રજભૂમિમાં બલરામની સાથે અનેક પ્રકારની ક્રીડા કરતા ફરે છે તે વ્રજભૂમિને ધન્ય છે.[૧૩] આ સભાને તો ધિક્કાર છે, કે જેમાં આ શ્રીકૃષ્ણ દુઃખ પામે છે, આ ભગવાનનું રૂપ કે જે લાવણ્યને લીધે સુંદર, સ્વાભાવિક, સમયે સમયે નવીન લાગે એવું, યશ, લક્ષ્મી અને ઐશ્વર્યના અવિચળ સ્થાનકરૂપ, બીજાને ન મળે એવું અને જેના રૂપની સમાન અથવા અધિક બીજું કોઇ પણ નથી એવું છે, તે રૂપને ગોપીઓ પોતાના નેત્રોથી જાણે પી જતી હોય તેમ જુવે છે, માટે તે ગોપીઓ ક્યું તપ કર્યું હશે ?[૧૪] આપણાં પુણ્ય તો થોડાં જ, કેમકે આવા અવસરમાં આ રૂપને જોઇએ છીએ, અને આંસુથી ભરાએલા કંઠવાળી ગોપીઓ તો ભગવાનનું જ ચિંતવન કરતી અને પ્રેમને લીધે ખાંડતાં, છાશ કરતાં, લીંપતાં, હીંચકતાં, બાળકો રમાડતાં, પાણી છાંટતાં અને વાશીદું વાળતાં આદિ ક્રિયા કરતાં આ ભગવાનનું જ ગાયન કરે છે, માટે મહાભાગ્યશાળી છે.[૧૫] પ્રાતઃકાળે વ્રજમાંથી ગાયોની સાથે જતાં અને સાયંકાળે પાછા વ્રજમાં આવતાં આ ભગવાન વેણુ વગાડે છે, ત્યારે ભાગ્યશાળી ગોપીઓ તે વેણુનાદને સાંભળતી તરત ઘરથી બહાર નીકળી માર્ગમાં આવતા, ભગવાનના દયાથી યુક્ત દૃષ્ટિવાળા અને મંદમંદ હસતા મુખારવિંદને જુએ છે.[૧૬]

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે સ્ત્રીઓ, જ્યારે વાતો કરી રહી હતી તે જ સમયે યોગેશ્વર ભગવાને તેઓનો ભય દૂર કરવા માટે શત્રુને મારી નાખવાનું મન કર્યું.[૧૭] સ્ત્રીઓની ભય ભરેલી વાતો સાંભળી, પુત્રના સ્નેહને લીધે શોકાતુર થયેલાં અને પુત્રના બળને નહિ જાણતાં દેવકી અને વસુદેવ પરિતાપ પામવા લાગ્યાં.[૧૮] તે અનેક મલ્લયુદ્ધના પ્રકારોથી શ્રીકૃષ્ણ અને ચાણુર તથા બલરામ અને મુષ્ટિક ન્યાય પ્રમાણે મલ્લયુદ્ધ કરતા હતા.[૧૯] ભગવાનના વજ્રપાત જેવા કઠણ પહારોથી અંગ ભાંગી જવા માંડતાં

www.jayswaminarayan.org www.bhujmandir.org

ચાણુર વારંવાર ગ્લાનિ પામવા લાગ્યો.[૨૦] પછી ક્રોધાયમાન થયેલો તે ચાણુર બાજપક્ષીના જેવા વેગથી ઉછળી, બે હાથની મૂઠીઓ વાળીને ભગવાનની છાતીમાં મારી.[૨૧] જેમ ફુલની માળા લાગવાથી હાથી કંપે નહિ તેમ ચાણુરના પ્રહારથી ભગવાન કંપ્યા નહિ. પછી ભગવાને ચાણુરને બેહાથે પકડી, ઘણીવાર ફેરવીને તેના જીવિતને ક્ષીણ કરી નાખતાં જોરથી પૃથ્વી ઉપર પછાડ્યો. જેનાં ભૂષણ, કેશ અને માળા વિખરાઈ ગયાં છે, એવો ચાણુર ઈંદ્રના ધ્વજની જેમ પડ્યો.[૨૨-૨૩] એજ રીતે મુષ્ટિક કે જેણે બલરામને પ્રથમ મૂઠી મારી હતી. પછી તે બલરામના પ્રહારથી પીડાતાં ધ્રુજતો અને મોઢામાંથી લોહી ઓકતો પ્રાણ રહિત થઈને ધરતી ઉપર પડ્યો.[૨૪-૨૫] હે રાજા ! પછી ભારે પ્રહાર દેનારા બલરામ પોતાની સામે આવેલા કૂટ નામના મલ્લને અપમાનથી ડાબાહાથની મૂઠી મારીને લીલા માત્રમાં મારી નાખ્યો.[૨૬] તે સમયમાં શ્રીકૃષ્ણ ભગવાને શલ નામના મલ્લનું માથું, લાત મારીને ભાંગી નાખ્યું અને તોશલ નામના મલ્લના બે ફાડિયાં કરી નાંખ્યાં, તે બે મલ્લ પણ પડી ગયા.[૨૭] ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ અને તોશલ માર્યા જતાં અવશેષ રહેલા મલ્લો પ્રાણના રક્ષણની ઈચ્છાથી ભાગી ગયા.[૨૮] જ્યારે વાજાં વાગતાં હતાં ત્યારે, નાચતા અને ચરણમાં ઝણકાર કરતાં ઝાંઝરોવાળા શ્રીકૃષ્ણ અને બળદેવજી પોતાના સરખી ઉંમરવાળા ગોવાળોને અખાડામાં ખેંચી લઈને તેઓની સાથે મળીને રમવા લાગ્યા.[૨૯] શ્રીકૃષ્ણ અને બલરામનું કામ જોઈને એક કંસ વિના બીજા સર્વે બ્રહ્માદિક દેવતાઓ અને મનુષ્યો રાજી થયા અને સારૂં થયું એમ બોલવા લાગ્યા.[૩૦] પાંચ મલ્લ માર્યા જતાં અને બીજા ભાગી જતાં કંસ પોતાનાં વાજાં બંધ કરાવી આ પ્રમાણે બોલ્યો.[૩૧] કંસ કહે છે- વસુદેવના આ દુષ્ટ પુત્રોને ગામમાંથી કાઢી મૂકો, ગોવાળોનું ધન લુંટી લ્યો અને દુષ્ટબુદ્ધિવાળા નંદને બાંધી લ્યો.[૩૩]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે કંસે બકવાદ કરતાં કોપ પામેલા શ્રીકૃષ્ણ, પોતાની ચતુરાઈથી ઠેકીને તરત ઉંચા મંચ ઉપર ચઢી ગયા.[૩૪] એ પોતાના મૃત્યુરૂપ ભગવાનને આવતા જોઈ હિમતવાળા કંસે તરત આસન પરથી ઉઠીને ઢાલ તલવાર લીધી.[૩૫] આકાશમાં જેમ બાજપક્ષી ફરે તેમ હાથમાં તલવાર લઈને ડાબી બાજુ તથા જમણી બાજુ ફર્યા કરતો એવો જે કંસ તેને અસહ્ય ઉગ્ર તેજવાળા ભગવાને, ગરૂડ જેમ નાગને પકડે તેમ બળાત્કારથી પકડ્યો.[૩૬] કેશ પકડી મસ્તક ઉપરથી ખસી ગયેલા મુગટવાળા એ કંસને ઉંચા મંચ ઉપરથી અખાડામાં નાખ્યો, અને તેની ઉપર સર્વ જગતના આશ્રયરૂપ અને સ્વતંત્ર ભગવાન પોતે પણ અખાડામાં પડ્યા.[૩૭] સિંહ જેમ મરેલા હાથીને ખેંચે તેમ ભગવાને સર્વ લોકોના દેખતાં એ મરી ગયેલા કંસને ધરતી ઉપર ખેંચ્યો. તે સમયમાં હે રાજા ! સર્વ લોકોના મોઢામાંથી મોટો હાહાકાર નીકળ્યો.[૩૮] કંસ નિરંતર ઉદ્વેગને લીધે પીતાં, બોલતાં, ફરતાં, સૂતાં, અને શ્વાસ લેતાં પોતાની આગળ ભગવાનને જ દેખતો હતો. તેથી બીજાને ન મળે એવા એજ ભગવાનના સ્વરૂપને પામ્યો.[૩૯] કંક અને ન્યગ્રોધક આદિ આઠ કંસના નાના ભાઈઓ ક્રોધ કરીને ભાઈનું વેર વાળવા સારૂ યુદ્ધ કરવા દોડ્યા.[૪૦] તે સમયે અતિ વેગથી ધસી આવેલા અને સજ્જ થયેલા એ આઠે નાના ભાઈઓને બળદેવજી સિંહ જેમ પશુઓને મારે તેમ ભોગળ ઉપાડીને મારી નાખ્યા.[૪૧] તે સમયે આકાશમાં દુંદુભિ વાગ્યાં, બ્રહ્મા અને શિવજી આદિ દેવતાઓ પ્રેમથી પુષ્પવડે ભગવાન ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને અપ્સરાઓ નાચવા લાગી.[૪૨] હે રાજા ! પતિઓના મરણથી દુઃખ પામેલી એ કંસાદિકની સ્ત્રીઓ રોતી અને માથાં કુટતી ત્યાં આવી.[૪૩] રણભૂમિમાં સુતેલા પોતાના પતિઓનું આલિંગન કરી શોક કરતી અને વારંવાર આંસુ ખેરવતી તે ઉંચા સ્વરથી વિલાપ કરવા લાગી. હે નાથ ! હે પ્રિય ! હે ધર્મને જાણનારા ! હે દયાળુ ! હે દીનબંધુ ! તમે પોતે હણાઈ જઈને ઘર અને પ્રજા સહિત અમોને પણ હણી નાખી છે.[૪૪-૪૫] હે પુરૂષોમાં શ્રેષ્ઠ ! સ્વામી એવા તમારા વિયોગને પામેલી અને જેમાં ઉત્સાહ તથા મંગળ કાર્ય બંધ પડી ગયાં છે, એવી આ નગરી અમારી પેઠે જ શોભા રહિત થઈ છે.[૪૬] તમે નિરપરાધી પ્રાણીઓનો બહુજ દ્રોહ કર્યો તેથી આ દશાને પામ્યા છો. પ્રાણીઓનો દ્રોહ કરવાથી કોનું સારૂં થાય ?[૪૭] આ શ્રીકૃષ્ણ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન, રક્ષણ અને પ્રલય કરનાર છે, તો તેનો દ્રોહ કરનાર કદી પણ સુખ પામે નહિં.[૪૮]

શુકદેવજી કહે છે- પછી લોકોના રક્ષક શ્રીકૃષ્ણ ભગવાને એ રાણીઓને આશ્વાસન આપી અને મરી ગયેલાને માટે જે કાંઈ લૌકિક કાર્ય કરવાનું હોય તે કરાવ્યું. [૪૯] શ્રીકૃષ્ણ અને બલરામ પોતાના માતા-પિતાને બંધનમાંથી છોડાવી ચરણ સ્પર્શ કરીને પોતાના મસ્તકથી તેઓના ચરણમાં પ્રણામ કર્યા.[૫૦] પુત્રો પગે લાગ્યા તોપણ જગતના ઈશ્વર જાણવાની શંકાને લીધે દેવકી અને વસુદેવે તેઓનું આલિંગન કર્યું નહિં.[૫૧]

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ । कृतसंवंदनौ पुत्रौ सस्वजाते न शंकितौ ॥५१॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચુમાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૫

## માતાપિતાને મધુર વચનોથી સાંત્વના આપી, ઉગ્રસેનનો રાજ્યાભિષેક કરી, ગુરુને ઘેર ભણવા જતા શ્રીકૃષ્ણ ભગવાન.

www.jayswaminarayan.org
www.bhujmandir.org

॥ श्रीशुकउवाच ॥

पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः । माभूदिति निजां मायां ततान जनमोहिनीम् ॥१॥

શુકદેવજી કહે છે- હે પરીક્ષિત ! હું પ્રસન્ન થતાં આ માતાપિતાને જ્ઞાન તો કાંઇ દુર્લભ જ નથી, પણ મને પુત્ર સમજીને મારા ઉપર પ્રેમ જ દુર્લભ છે, માટે હમણાં આ માતાપિતાને પુત્ર સ્નેહનું સુખ ભોગવ્યા પહેલાં મારી ઇશ્વરતાનું જ્ઞાન થવું તે ઠીક નહીં. એમ વિચારી ભગવાને લોકોને મોહ પમાડનારી પોતાની માયાનો તેઓના ચિત્તમાં વિસ્તાર કર્યો.[૧] પછી મોટા ભાઇ સહિત પાસે આવીને સ્નેહથી નમતા, અને હે મા ! હે બાપ ! એમ આદરથી બોલતા ભગવાને તે માબાપને આ પ્રમાણે કહ્યું.[૨]

ભગવાન કહે છે- હે પિતા ! તમો બન્ને જણાં અમો દિકરાઓને માટે નિરંતર ઉત્કંઠા રાખતાં હતાં, તોપણ અમારી બાલ્યા, પૌગંડ અને કિશોર અવસ્થાનાં જે સુખ તમોને મળવાં જોઇએ તે કદી પણ મળ્યાં નથી.[૩] અમારા (કમનસીબે) દુર્દૈવના યોગથી તમારી પાસે રહેવાનું મળ્યું નથી, અને માબાપને ઘેર રહેવાથી લાડ પામેલા બાળકોને જે આનંદ મળે છે તે પણ મળ્યો નથી.[૪] સુખની હાની તો તમોને તથા અમોને સરખી થઇ, પણ તમારી સેવાનો લોપ થવાને લીધે અમને તો ધર્મની હાનિ પણ થઇ છે. ધર્માદિક સર્વે પુરૂષાર્થો જે દેહ થકી થાય છે એવો દેહ જેઓથી ઉત્પન્ન થયો છે અને જેઓએ તેનું પોષણ કર્યું છે, એવાં માતાપિતાના ઋણમાંથી પુત્ર સો વર્ષનું આયુષ્ય ભોગવતાં પણ છૂટી શકતો નથી. જે દિકરો પોતે સમર્થ છતાં પણ પોતાના દેહથી અને ધનથી તે માતા પિતાને આજીવિકા ન આપે તે દિકરાને પરલોકમાં યમદૂતો તેનું પોતાનું જ માંસ ખવરાવે છે.[૫-૬] પોતે સમર્થ છતાં જે પુરૂષ માતા, પિતા, વૃદ્ધ, પતિવ્રતા સ્ત્રી, બાળક, ગુરૂ અને શરણે રહેલો કોઇ પણ પુરુષ તેનું પોષણ ન કરે, તેને જીવતે મુવો જાણવો.[૭] તો અમો કે જેઓ અસમર્થ અને કંસથી નિરંતર ઉદ્વેગ પામતા હતા, આટલા દિવસ તમારી સેવા નહીં થવાને લીધે વ્યર્થ ગયા છે.[૮] હે પિતા ! હે માતા ! એટલા માટે જે અમો શત્રુની ઘણી કચવાટ અને પરતંત્રતાને લીધે તમારી સેવા કરી શક્યા નથી, તેથી તમો અમોને ક્ષમા આપવાને યોગ્ય છો.[૯]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે માયાથી મનુષ્ય થયેલા વિશ્વાત્મા ભગવાનની વાણીથી મોહ પામેલાં દેવકી અને વસુદેવ પોતાના પુત્રોને ખોળામાં બેસાડી આલિંગન કરીને આનંદ પામ્યાં.[૧૦] આંસુની ધારાઓથી નવરાવતાં, સ્નેહરૂપી પાસથી બંધાએલાં, મોહ પામેલાં અને જેનાં ગળા સુધી આંસુ પહોંચી ગયાં હતાં એવાં દેવકી અને વસુદેવ પ્રેમના ભારથી કાંઇપણ બોલી શક્યાં નહીં.[૧૧] ભગવાને આ પ્રમાણે માતાપિતાને આશ્વાસન આપી કરી, પોતાના માતામહ (નાનાબાપા) ઉગ્રસેનને યાદવોનું રાજ્ય આપ્યું અને કહ્યું કે- હે મહારાજ ! અમો તમારી પ્રજા છીએ, તેને આપ આજ્ઞા કરવાને યોગ્ય છો. યયાતિ રાજાના શાપને લીધે યદુવંશીઓથી રાજ્યાસન ઉપર બેસાય નહીં, એટલા માટે હું રાજ્ય કરીશ નહીં અને તમે પણ યદુવંશી છો તોપણ મારી આજ્ઞાને લીધે તમને કશો દોષ નથી.[૧૨-૧૩] હું સેવક થઇને તમારી પાસે રહીશ એટલે દેવ આદિ લોકો પણ તમને નમીને કર આપશે, તો પછી બીજા રાજાઓ આપે એમાં કહેવું જ શું ?[૧૪] પછી ભગવાને યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાર્શાહ અને કુકુર આદિ પોતાના જ્ઞાતિ અને સંબંધીઓ જેઓ કંસના ભયને લીધે પરદેશમાં ભાગી ગયાં હતાં, અને દુઃખી થઇ ગયાં હતાં તેઓને પરદેશથી તેડાવી આશ્વાસના કરી, સત્કાર કરી તથા ધનથી તૃપ્ત કરી પોતપોતાના ઘરોમાં રાખ્યા.[૧૫-૧૬] શ્રીકૃષ્ણ અને બલરામના હાથથી રક્ષણ પામેલા, પૂર્ણ થયેલા અને ભગવાનના પ્રતાપથી તાપ મટી જતાં જેના સર્વે મનોરથ સિદ્ધ થયા છે, એવા યાદવો ઘરમાં રમવા લાગ્યા.[૧૭] નિરંતર આનંદ ભરેલું શોભાવાળું અને દયા સહિત મંદહાસ્યવાળું ભગવાનનું મુખારવિંદ દરરોજ જોવામાં આવતાં યાદવોમાં જેઓ વૃદ્ધ હતા તેઓ પણ યુવાન થઇ ગયા અને મુખારવિંદરૂપી અમૃત વારંવાર નેત્રથી પીવામાં આવતાં યાદવોના શરીરની અને ઇંદ્રિયોની શક્તિ પણ બહુ જ વધી.[૧૮-૧૯] પછી હે રાજા ! દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ અને બલરામ નંદરાયની પાસે આવી તેમનું આલિંગન કરી આ પ્રમાણે બોલ્યા.[૨૦]

શ્રીકૃષ્ણ તથા રામ કહે છે- હે પિતા ! સ્નેહ ભરેલાં તમો બન્નેએ અમોને ઉછેર્યા અને બહુજ લાડ લડાવ્યા છે. માબાપને પોતાના શરીર કરતાં પણપુત્રો ઉપર ઘણીજ વધારે પ્રીતિ હોય છે.[૨૧] પોષણ અને રક્ષણ કરવામાં અસમર્થ બંધુઓએ છોડી દીધેલા બાળકોનું જેઓ પોતાના પુત્રની પેઠે રક્ષણ કરે, તેઓ જ માતા અને પિતા ગણાય.[૨૨] હે પિતા ! તમો વ્રજમાં જાઓ, અહીં સંબંધીઓને સર્વે સુખની સગવડ કરી આપ્યા પછી અમો પણ તમારી પાસે આવીશું.[૨૩]

શુકદેવજી કહે છે- આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને નંદરાયને અને ગોવાળોને આશ્વાસન આપી, વસ્ત્ર, અલંકાર અને કાંસા, પીતળનાં પાત્રાદિ આપીને તેનું પ્રીતિપૂર્વક પૂજન કર્યું.[૨૪] આવાં ભગવાનનાં વચન સાંભળી ગોવાળો સહિત પ્રેમથી વિહ્વળ થયેલા અને આંસુથી નેત્રને ભરી મૂકતા નંદરાય, શ્રીકૃષ્ણ તથા બળદેવજીનું આલિંગન કરી વ્રજમાં ગયા.[૨૫] પછી વસુદેવે પુરોહિત અને બ્રાહ્મણોને બોલાવીને તેની પાસે પોતાના બન્ને પુત્રોનો શાસ્ત્રવિધિ પ્રમાણે ઉપનયન સંસ્કાર કરાવ્યો.[૨૬] બ્રાહ્મણોનું પૂજન કરી દક્ષિણા આપી અને સોનાની માળાવાળી શણગારેલી અને વાછરડાં સહિત ગાયો આપી.[૨૭] શ્રીકૃષ્ણ તથા બલરામના જન્મને દિવસે પોતે જે ગાયોનું દાન આપવાનો સંકલ્પ કર્યો હતો તે યાદ કરી કંસે અધર્મથી લઇ લીધેલી ગાયોને રાજ્યની ગૌશાળામાંથી છોડાવી, વસુદેવે પુત્રોના જન્મ નક્ષત્રને દિવસે બ્રાહ્મણોને દાન આપ્યું.[૨૮] પછી ઉપનયન સંસ્કાર થતાં દ્વિજપણું પામેલા અને સર્વે નિયમ પાળનાર એ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

બન્ને ભાઇઓ યદુકુળના આચાર્ય ગર્ગમુનિના કહેવા પ્રમાણે ગાયત્રી સંબંધી વ્રત પાળ્યું.[૨૯] પછી સર્વ વિદ્યાઓને ઉત્પન્ન કરનાર, સર્વજ્ઞ અને જગતના ઈશ્વર છતાં પણ મનુષ્ય ચેષ્ટાથી પોતાના સ્વતઃસિદ્ધ નિર્મળ જ્ઞાનને ઢાંકતા એ બન્ને ભાઇઓ ગુરુકુળમાં નિવાસ કરવાની ઈચ્છાથી ઉજ્જૈનના રહેવાસી સાંદિપની નામના બ્રાહ્મણની પાસે ગયા.[૩૦-૩૧] બીજાઓને સર્વોત્તમ ગુરુની સેવા કરવાનું શીખવવા સારૂ પોતે પણ ગુરુની પાસે જીતેંદ્રિયપણાથી અને પ્રીતિથી દેવની પેઠે ગુરૂની સેવા કરવા લાગ્યા.[૩૨] શુદ્ધ ભાવનાવાળી સેવાથી પ્રસન્ન થયેલા ઉત્તમ બ્રાહ્મણ ગુરુએ અંગ અને ઉપનિષદ્ સહિત સર્વે વેદ ભણાવ્યા.[૩૩] મંત્ર અને વેદોના જ્ઞાન સહિત ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર, મીમાંસાદિક શાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને છ પ્રકારની રાજનીતિ પણ ભણાવી.[૩૪] હે રાજા ! સર્વ વિદ્યાના પ્રવર્તક અને મનુષ્યોમાં સર્વોત્તમ એ બન્ને જણા ગુરુના માત્ર એક જ વાર કહેવાથી જ સર્વે વિદ્યા શીખી ગયા.[૩૫] જીતેંદ્રિયપણાથી રહેલા શ્રીકૃષ્ણ અને બળદેવજી ચોસઠ દિવસમાં ચોસઠ કળા શીખ્યા. પછી હે રાજા ! ગુરુને મનગમતી ગુરૂદક્ષિણા માગવાનું કહ્યું.[૩૬] સાંદીપની ગુરુએ મનુષ્યોમાં ન હોય એવી બુદ્ધિરૂપ તેનો અદ્‌ભુત મહિમા જોઇને પોતાની સ્ત્રીની સાથે વિચાર કરી, પ્રભાસમાં મહાસાગરમાં મરી ગયેલો પોતાનો પુત્ર લાવી આપવાનું તેઓની પાસે માગ્યું.[૩૭] ગુરુના વચનનો સ્વીકાર કરી અપાર પરાક્રમવાળા એ મહારથી શ્રીકૃષ્ણ અને બળદેવ રથમાં બેસી સમુદ્રને કાંઠે આવીને થોડીવાર બિરાજમાન થયા. તેને ઈશ્વર જાણી સમુદ્ર પણ તેઓ સારૂં પૂજન લાવ્યો.[૩૮] ભગવાને સમુદ્રને કહ્યું કે અમારા ગુરૂનો પુત્ર કે, જેને તમો અહીં મોટા તરંગથી લીધો છે તે તરત આપી દો.[૩૯] સમુદ્ર બોલ્યા કે- હે દેવ ! તે બાળકને મેં લીધો નથી. પણ મારા જળની અંદર ફરનાર અને શંખનું રૂપ ધરનાર એક પંચજન નામનો મોટો દૈત્ય છે તેણે લીધો હશે, એ વાત સાંભળી ભગવાને તરત જળમાં જઈને તે દૈત્યને માર્યો, પણ તેના પેટમાં બાળકને દીઠો નહીં, એટલે માત્ર તેના અંગમાંથી ઉત્પન્ન થયેલો પાંચજન્ય નામનો શંખ લઈને ભગવાન પાછા રથમાં આવ્યા. પછી યમરાજાની સંયમની નામની પુરીમાં જઈને બળદેવ સહિત ભગવાને શંખનાદ કર્યો. પ્રજાઓને દંડ આપનારા યમ રાજાએ તે શંખનાદ સાંભળી એ બન્નેની ભક્તિથી મોટી પૂજા કરી. પછી પ્રણામ કરી શ્રીકૃષ્ણને કહ્યું કે- હે લીલાથી મનુષ્ય થયેલા વિષ્ણુ ! હું તમારૂં શું કામ કરૂં ? ત્યારે ભગવાને કહ્યું- હે મહારાજ ! અમારા ગુરુનો પુત્ર કે જેને તમે તેના કર્મબંધનને લીધે અહીં લાવ્યા છો, તેને મારી આજ્ઞાથી લાવી આપો.[૪૦-૪૫] આ આજ્ઞા માથે ચડાવીને યમરાજાએ લાવી આપેલો ગુરૂપુત્ર પોતાના ગુરુને આપીને, ફરીવાર માગવાનું કહ્યું.[૪૬] તે સમયે ગુરૂ બોલ્યા- હે પુત્ર ! તમોએ ગુરૂદક્ષિણા ઘણી જ સારી આપી, તમ જેવાના ગુરૂની કઇ ઈચ્છા અપૂર્ણ રહે ?[૪૭] હે વીરપુરૂષો !તમે ઘેર જાઓ તમારી પવિત્ર કીર્તિ થજો. આલોક અને પરલોકમાં તમારા વેદ સફળ થજો.[૪૮] આ પ્રમાણે ગુરૂએ આજ્ઞા આપતાં બન્ને ભાઈઓ પવન સરખા વેગવાળા અને મેઘ સરખા નાદવાળા રથમાં બેસીને પાછા મથુરામાં આવ્યા. સર્વે પ્રજાજનો ઘણા દિવસથી શ્રીકૃષ્ણ તથા રામને નહીં જોવાથી, એ દિવસે તે બન્ને ભાઈઓને જોઈને ગયેલું ધન પાછું મળતાં જેમ રાજી થાય તેમ રાજી થયા.[૪૯-૫૦]

समनंदन् प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ । अपश्यंत्यो बह्वहानि नष्टलब्धधना इव ॥५०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પીસતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૬

## શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી દ્વારા સંદેશો મોકલાવીને નંદયશોદાનો શોક દૂર કર્યો.

॥ श्रीशुकउवाच ॥

वृष्णीनां प्रवरो मंत्री कृष्णस्य दयितः सखा । शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः ॥१॥

શુકદેવજી કહે છે- યાદવોના ઉત્તમ મંત્રી, બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય અને શ્રેષ્ઠ બુદ્ધિવાળા ઉદ્ધવજી ભગવાનના પ્યારા સખા હતા.[૧] ભક્તોની પીડા હરનાર ભગવાને એક દિવસે પોતાના પ્યારા અને સાચા ભક્ત ઉદ્ધવજીને તેનો હાથ પોતાના હાથે પકડીને આ પ્રમાણે કહ્યું.[૨]

ભગવાન કહે છે- હે સૌમ્ય ઉદ્ધવ ! તમે વ્રજમાં જાઓ, અને અમારા માબાપને રાજી કરો. ગોપીઓના મનમાં મારા વિયોગની પીડા છે તેને મારો સંદેશો આપીને નિવૃત્ત કરો.[૩] એ ગોપીઓનાં મન અને પ્રાણ મારામાંજ છે અને મારે માટે તેઓએ પતિ પુત્રાદિકનો ત્યાગ કર્યો હતો, તો હે ઉદ્ધવ ! જેલોકો મારે માટે આલોક તથા પરલોકના સુખનો ત્યાગ કરે છે તેઓને હું સુખ આપું છું.[૪] પ્યારામાં પ્યારો હું હમણાં દૂર રહેતાં મારૂં સ્મરણ કરતી અને વિરહની ઉત્કંઠાથી પરવશ થયેલી તે ગાપીઓ મુંઝાય છે.[૫] મારામાંજ જેનું ચિત્ત છે એવી ગોપીઓ ગોકુળમાંથી નીકળવાના સમયમાં મેં તેને પાછું આવવાનું વચન આપ્યું છે. તેથી તે માંડ માંડ જીવે છે. જો તેનું ચિત્ત પોતાના દેહમાં હોય તો વિરહના તાપથી બળી ગયા વિના રહે જ નહીં, પણ મારામાં છે તેથી માંડ માંડ જીવે છે.[૬]

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરતાં તેમનો સંદેશો લઈ રથમાં બેસી ઉદ્ધવજી ગોકુળ ગયા.[૭] સૂર્ય

www.jayswaminarayan.org

www.bhujmandir.org

આથમ્યો તે સમયે વ્રજમાં જતી ગાયોની ખરીની રજથી જેનો રથ ઢંકાઈ ગયો હતો, એવા ઉદ્ધવજી વ્રજમાં પહોંચ્યા.[૮] એ સમયે વ્રજમાં ગાયોને માટે લડતા મદોન્મત્ત આખલા નાદ કરી રહ્યા હતા. અઉના ભારવાળી ગાયો પોતાનાં વાછરડાંઓની પાસે દોડી જતી હતી.[૯] ધોળાં વાછરડાં જ્યાં ને ત્યાં કુદતાં શોભતાં હતાં, ગાયોને દોહવાને માટે છોડી લાવ, પકડ, એવા ચારેકોર શબ્દો થતા સંભળાતા હતા. અને વેણુ વાગી રહ્યા હતા.[૧૦] બલરામ તથા શ્રીકૃષ્ણના શુભ કર્મોનું ગાયન કરતી અને શણગારેલી ગોપીઓ તથા ગોવાળો શોભી રહ્યા હતા.[૧૧] અગ્નિ, સૂર્ય, અતિથિ, ગાયો, બ્રાહ્મણો, પિતૃ અને દેવતાઓનાં પૂજન જેમાં થતાં હતાં, એવા ગોવાળોના ઘરોથી અને ધુપ, દીપ તથા પુષ્પોથી મનનું હરણ થતું હતું.[૧૨] ચારે બાજુ વન પ્રફુલ્લિત થઈ રહ્યાં હતાં. પક્ષીઓ અને ભ્રમરો નાદ કરી રહ્યા હતા. હંસ અને બતક પક્ષીઓથી વ્યાપ્ત થયેલાં કમળનાં વન શોભી રહ્યાં હતાં.[૧૩] નંદરાયે વ્રજમાં આવેલા એ ભગવાનના પ્રિય અનુચર જે ઉદ્ધવજી તેને મળી આલિંગન કરી ઈશ્વર બુદ્ધિથી તેમનું પૂજન કર્યું.[૧૪] દુધપાક જમાડ્યો, સારી શય્યા ઉપર સુખેથી સુવાડ્યા અને પગ ચાંપવા આદિથી તેમનો પરિશ્રમ દૂર કર્યા પછી નંદરાયે પુછ્યું કે- હે ભાગ્યશાળી ઉદ્ધવ ! કષ્ટમાંથી છુટેલા પુત્રાદિકનો સમાગમ પામેલા અને સંબંધીઓથી વીંટાએલા અમારા સખા વસુદેવ કુશળ છે?[૧૫-૧૬] જે પાપી કંસ સાધુ અને ધર્માત્મા યાદવોનો સર્વદા દ્વેષ કરતો હતો, તે પોતાના અનુચરો સાથે પોતાના પાપથી માર્યો ગયો એ બહુજ સારૂં થયું.[૧૭] શ્રીકૃષ્ણ અમને, એમની માને, સંબંધીઓને, મિત્રોને, ગોવાળોને, ગાયોને, વૃંદાવનને, ગોવર્ધન પર્વતને અને પોતે જ જેના નાથ છે એવા વ્રજને સંભારે છે ?[૧૮] સ્વજનોને જોવા સારૂ શ્રીકૃષ્ણ એકવાર અહીં આવશે ? જ્યારે આવશે ત્યારે નાસિકા, મંદહાસ્ય અને નેત્ર જેમનાં સુંદર છે, એવા શ્રીકૃષ્ણને જોઈશું.[૧૯] દાવાનળ, પવન સહિત વરસાદ, અરિષ્ટાસુર, અઘાસુર અને એવા જ બીજા ભયંકર ત્રાસોથી મહાત્મા શ્રીકૃષ્ણે અમારી રક્ષા કરી છે.[૨૦] કૃષ્ણના પરાક્રમ, લીલાપૂર્વક નેત્રથી જોવું, હાસ્ય અને ભાષણને સંભારતાં અમારી સર્વે ક્રિયાઓ શિથિલ થઈ જાય છે.[૨૧] શ્રીકૃષ્ણનાં પગલાંથી શોભી રહેલી નદી, પર્વત, વનના પ્રદેશ અને બીજાં પણ તેમના રમવાનાં સ્થાનકો જોતાં અમારૂં મન શ્રીકૃષ્ણરૂપ થઈ જાય છે.[૨૨] ગર્ગાચાર્યના વચન પ્રમાણે શ્રીકૃષ્ણ અને બળદેવજી દેવતાઓનું મોટું કામ કરવાને માટે પૃથ્વીમાં કોઈ મોટા દેવ આવ્યા છે, તેમ હું માનું છું.[૨૩] સિંહ જેમ પશુને મારે તેમ દશહજાર હાથીના બળવાળા કંસને, મલ્લને અને કુવલ્યાપીડ હાથીને લીલા માત્રમાં મારી નાખ્યા. તથા હાથી જેમ લાકડીને ભાંગી નાખે તેમ ત્રણ તાડ જેટલું લાંબુ અને અત્યંત દૃઢ ધનુષને ભાંગી નાખ્યું, સાત દિવસ સુધી એક હાથે પર્વતને ધરી રાખ્યો અને પ્રલંબાસુર, ધેનુકાસુર, તૃણાવર્ત, બકાસુર અને એવા જ બીજા પણ જગતને જીતી લેનારા દૈત્યોને લીલાથી મારી નાખ્યા, એ જોવાથી પણ શ્રીકૃષ્ણ તથા બલરામ કોઈ મોટા દેવ છે, એમ માની શકાય છે.[૨૪-૨૬]

શુકદેવજી કહે છે- જેની બુદ્ધિ ભગવાનમાં લાગી રહી હતી એવા બહુજ ઉત્કંઠા વાળા અને પ્રેમથી વિવ્હળ થયેલા નંદરાય આ પ્રમાણે સંભારી સંભારી પછી ચુપ રહ્યા.[૨૭] નંદરાયે વર્ણન કરવા માંડેલા પોતાના પુત્રનાં ચરિત્ર સાંભળીને સ્નેહને લીધે જેના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું, એવાં યશોદાજી આંસુ પાડવા લાગ્યાં.[૨૮] આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાનમાં એ નંદ યશોદાનો પરમ પ્રેમ જોઈ ઉદ્ધવજીએ પ્રીતિથી નંદરાયને આ પ્રમાણે કહ્યું.[૨૯]

ઉદ્ધવજી કહે છે- હે માન આપનારા ! સર્વના ગુરૂ નારાયણમાં તમોએ આવી રીતની બુદ્ધિ રાખી છે, તેથી તમો બન્ને જણાં આ લોકના સર્વે પ્રાણીઓમાં બહુ જ વખાણવા યોગ્ય છો.[૩૦] શ્રીકૃષ્ણ અને બલરામ આ બન્ને વિશ્વના કારણભૂત પૃથ્વી આદિ તત્ત્વોના પણ કારણરૂપ છે, પ્રકૃતિપુરુષના પણ કારણરૂપ છે, પુરાણ પુરુષ છે, અને વિલક્ષણ એવાં સર્વે ભૂતોને વિષે પ્રવેશ કરીને તેમનું નિયમન કરે છે.[૩૧] હે મહાત્મા ! માણસ પ્રાણ જવાના સમયમાં ક્ષણ માત્ર પણ પોતાનું શુદ્ધ મન એ શ્રીકૃષ્ણમાં રાખે, તો તરત કર્મની વાસનાનો ત્યાગ કરી, જ્ઞાની અને શુદ્ધ સત્વમય થઈને પરમ ગતિને પામે છે, તે સર્વના આત્મા કારણરૂપ અને પ્રયોજનથી જેણે મનુષ્ય દેહ ધર્યું છે એવા ભગવાનમાં તમો બન્ને સર્વદા ભાવ રાખો છો, તો પછી હવે તમારે બીજું કયું કૃત્ય અવશેષ રહ્યું છે ?[૩૨-૩૩] યાદવોના પતિ શ્રીકૃષ્ણ ભગવાન થોડા કાળમાં વ્રજમાં પધારશે, અને તેનાં માતાપિતા એવાં જે તમો તે તમારું પ્રિય કરશે.[૩૪] સર્વ યાદવોથી વિરૂદ્ધ ચાલનારા કંસને અખાડાની વચ્ચમાં માર્યા પછી શ્રીકૃષ્ણે તમોને મળીને જે કહ્યું છે તે સાચું કરશે.[૩૫] હે મોટાં ભાગ્યવાળાં ! ખેદ કરો માં. ભગવાનને તમે પાસે જ દેખશો, કેમકે, કાષ્ટોમાં અગ્નિની પેઠે તે સર્વ પ્રાણીઓની અંદર રહે છે.[૩૬] પોતાના પ્યારા માબાપાદિને મૂકીને અહીં કેમ આવશે, એવી શંકા રાખશો નહી; કેમકે નિરભિમાન અને સર્વના સમાન એ ભગવાનને કોઈ પ્રિય કે અપ્રિય નથી. કોઈ ઉત્તમ નથી અને કોઈ અધમ પણ નથી.[૩૭] એ કૃષ્ણને માતા, પિતા, ભાર્યા, પુત્રાદિક, પોતાનો કે પારકો, દેહ કે જન્મ એ કાંઈ પણ નથી.[૩૮] એમને જન્મ પણ નથી તોપણ લોકમાં ક્રીડા કરવાને માટે અને સાધુ લોકોના રક્ષણને માટે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ યોનિઓમાં પ્રકટ થાય છે.[૩૯] એ અજન્મા ભગવાન પોતે નિર્ગુણ હોવા છતાં પણ સત્વ, રજ અને તમ એ માયાના ગુણોને ભજે છે અને તે ગુણોની સાથે ક્રીડા કરી રહ્યા છે, છતાં સૃષ્ટિ, સ્થિતિ તથા પ્રલય કરે છે.[૪૦] જેમ ફુદડી ફરનાર માણસની ફર્યા કરતી દૃષ્ટિથી જાણે પૃથ્વી જ ફરતી હોય તેમ જણાય છે અને જેમ જીવ ઈન્દ્રિયો અંતઃકરણ દ્વારા કર્તા હોવા છતાં પણ દેહને વિષે અહંબુદ્ધિને લીધે દેહ જ કર્તા મનાએલો છે. તેમ સૃષ્ટ્યાદિકના કર્તા ઈશ્વર છે છતાં માયા કર્તા હોય તેમ જણાય

www.jayswaminarayan.org www.bhujmandir.org

છે.[૪૧] એ શ્રીકૃષ્ણ ભગવાન કેવળ તમારા જ પુત્ર નથી પણ સર્વના પુત્ર છે; અને પુત્ર છે એટલું જ નહિં પણ સર્વના આત્મા, પિતા, માતા અને ઈશ્વર પણ એજ છે.[૪૨] જોએલી, સાંભળેલી, ભૂત, ભવિષ્ય, વર્તમાન, સ્થાવર, જંગમ, નાની કે મોટી કાંઈ પણ વસ્તુ ભગવાન વિના પૃથક્ સત્તાવાળી કહી શકાતી જ નથી, સર્વરૂપ એ ભગવાન જ એક સત્ય છે.[૪૩]

શુકદેવજી કહે છે- હે રાજા ! નંદરાય અને ભગવાનના અનુચર ઉદ્ધવજી આ પ્રમાણે વાતો કરતાં કરતાં તે રાત્રી વીતી ગઈ. ગોપીઓ ઉઠી દીવા કરી ઘરને સ્વચ્છ કર્યા પછી છાશ કરવા લાગી.[૪૪] એ ગોપીઓ કંકણવાળા હસ્તથી છાશ કરવાનાં નેત્ર ખેંચતી હતી. નિતંબ, સ્તન અને હાર હાલતા હતા. કપોલ કુંડળથી શોભી રહ્યા હતા. મોઢાં ઉપર રાતાં કેસર લગાવ્યાં હતાં અને આભૂષણના મણિઓ દીવાથી દીપી રહેતાં બહુ જ શોભતી હતી, આવા ભગવાનનું ગાયન કરતી વ્રજાંગનાઓનો શબ્દ કે જે દહીંના મથનના શબ્દથી મિશ્રિત થયો હતો અને જેથી દિશાઓનું અમંગળ ટળી જતું હતું, એવો શબ્દ છેક આકાશ સુધી પહોંચતો હતો.[૪૫-૪૬] સૂર્યનારાયણ ઉગતાં વ્રજના દ્વારમાં સોનાનો રથ જોઈને ગોપીઓ પરસ્પરમાં વાતો કરવા લાગી કે- આ રથ કોનો છે ?[૪૭] કંસનો અર્થ સાધનાર અક્રૂર કે જે કમળ સરખા નેત્રવાળા શ્રીકૃષ્ણને મથુરામાં લઈ ગયો છે, તે ફરીવાર આવ્યો છે કે શું ?[૪૮] એનો ધણી કંસ કે જે મરી ગયો છે, તેને આપણા માંસના પીંડ દેવા આવ્યો છે કે શું ? આ પ્રમાણે સ્ત્રીઓ વાતો કરતી હતી ત્યાં યમુનાજીમાં પોતાના સ્નાનાદિક નિયમ પૂરા કરીને ઉદ્ધવજી આવ્યા.[૪૯]

किं साधयिष्यत्यस्माभिर्भर्तुः प्रेतस्य निष्कृतिम् । इति स्त्रीणां वदंतीनामुद्धवोऽगात्कृताह्निकः ॥४९

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો છેતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૭

## ઉદ્ધવજી ગોપીઓને સંદેશો આપીને પાછા મથુરામાં પધાર્યા.

॥ श्रीशुकउवाच ॥

तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः प्रलंबबाहुं नवकंजलोचनम् । पीतांबरं पुष्करमालिनं लसन्मुखारविन्दं परिमृष्टकुंडलम् ॥१॥

શુકદેવજી કહે છે- એ ભગવાનના અનુચર ઉદ્ધવજી કે જેના હાથ લાંબા હતા, નેત્ર કમળ સરખાં હતાં, પીળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં, કમળની માળા પહેરવાથી મુખારવિંદ શોભતું હતું અને કુંડળ સ્વચ્છ હતાં.[૧] તેમને જોઈ આ રૂપાળો અને ભગવાનના સરખા વેષ તથા આભૂષણવાળો કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અને કોનો છે ? એમ બોલતી અને સુંદર હાસ્ય કરતી સર્વે ગોપીઓ ભગવાનના ભક્ત એ ઉદ્ધવજીને ઉત્કંઠાથી ઘેરીવળી.[૨] વિશ્વાસથી નમન કરતી ગોપીઓ ઉદ્ધવજીને ભગવાનનો સંદેશો લાવેલા જાણી લાજ સહિત જોવા વડે તથા પ્રિય વચનોથી સત્કાર કરી એકાંતમાં આસન પર બેસાડી, આ પ્રમાણે કહેવા લાગી.[૩]

ગોપીઓ કહે છે- તમે ભગવાનના પાર્ષદ અહીં આવેલા છો તે અમે જાણીએ છીએ. ભગવાને માબાપને રાજી કરવા સારૂં તમને અહીં મોકલ્યા છે; કેમકે બંધુઓનો સ્નેહ સંબંધ મુનિથી પણ છોડવો બહુ કઠણ છે. એ શ્રીકૃષ્ણ આ વ્રજમાં માબાપ વિના બીજા કોઈનું સ્મરણ કરે તે અમો ધારતી નથી.[૪-૫] સ્વાર્થને માટે બીજાઓની સાથે કેટલી મૈત્રી ? એતો સ્વાર્થ સરે ત્યાં સુધીની નામમાત્રની અને પુરૂષો જેમ સ્ત્રીઓની સાથે મૈત્રી કરે છે અને ભ્રમરો જેવી પુષ્પની સાથે કરે છે એવી હોય છે.[૬] જેમ વેશ્યાઓ નિર્ધન પતિને છોડી દે, પ્રજા અશક્ત રાજાને છોડી દે, ભણી રહેલા શિષ્યો આચાર્યને છોડી દે, ઋત્વિજો દક્ષિણા લીધા પછી યજમાનને છોડી દે, પક્ષીઓ ફળ જતાં રહ્યા પછી વૃક્ષને છોડી દે, અતિથિઓ જમીને ઘરને છોડી દે અને મૃગો બળી ગયેલા વનને છોડી દે, તેમ અમોને શ્રીકૃષ્ણે છોડી મૂક્યાં છે.[૭-૮]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે શ્રીકૃષ્ણના દૂત ઉદ્ધવજી વ્રજમાં આવતાં, જે કર્મો ભગવાને બાળ અને કિશોર અવસ્થામાં કર્યાં હતાં, એકર્મોને સંભારી લાજ મૂકીને રોતી અને જેનાં મન, વચન તથા કાયા ભગવાનમાં જ લાગી રહ્યાં હતાં, એવી ગોપીઓ લોક વ્યવહાર છોડીને પૂછતી હતી.[૯-૧૦] ભગવાનના સમાગમનું ધ્યાન કરતી કોઈ ગોપી ભમરાને જોઈ તેને ભગવાને મોકલેલો દૂત કલ્પીને ઉદ્ધવજીના ઉદ્દેશથી આ પ્રમાણે બોલી.[૧૧]

ગોપી ભ્રમરને કહે છે- હે ભ્રમર ! હે ધુતારાના મિત્ર ! શોક્યના સ્તનથી મર્દાએલી કૃષ્ણની વનમાળાના કેસરથી ખરડાએલી મૂછોવડે મારા પગનો સ્પર્શ કર નહિ. જેનો તું દૂત છે તે ભગવાન મારી શોક્યોને જ ભલે મનાવે, કે જે વાતની યાદવોની સભામાં હાંસી થતી હશે.[૧૨] તારા જેવા સ્વાર્થી ભગવાને અમોને પોતાનું મોહક અધરામૃત એકવાર પાઈને પછી ફુલની પેઠે તરત છોડી દીધી છે. અરે ! લક્ષ્મીજી, એવા સ્વાર્થી ભગવાનના ચરણારવિંદને કેમ સેવે છે ? હું ધારૂં છું કે ભગવાનની ખોટી વાતોથી લક્ષ્મીજીનું ચિત્ત હરાઈ ગયું હશે તેથી તે સેવે છે, પણ અમોને એવી ભોળી સમજવી નહીં.[૧૩] હે ભ્રમર ! જે અમો ઘર વગરની છીએ તેઓની આગળ વારંવાર યાદવોના પતિનું ગાયન તું શા માટે કરે છે ? અમે તો એ કૃષ્ણને બહુ જ જોયા છે. હમણાં જે સ્ત્રીઓ એ કૃષ્ણની સખીઓ થયેલી છે, તેઓની પાસે તે કૃષ્ણના પ્રસંગનું ગાયન કર. જેના કામજ્વરને ભગવાન મટાડે છે, એવી ભગવાનની પ્યારીઓ તને જે

www.jayswaminarayan.org

www.bhujmandir.org

જોઈતું હશે તે આપશે.[૧૪] હે કપટી ! સુંદર હાસ અને ભ્રકુટીના ચાળા કરનારા તે ભગવાનને સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાંની કઈ સ્ત્રીઓ ન મળે એમ છે ? લક્ષ્મીજી પણ તેમના ચરણની રજને સેવે છે ત્યારે અમે કોણ ? તોપણ તારે ભગવાનને એટલું કહેવું કે- જે પુરૂષ દીન ઉપર દયા કરે તે જ મહાત્મા અને મોટી કીર્તિવાળો કહેવાય છે.[૧૫] મારા પગમાં માથું મૂક નહીં, ભગવાનની પાસેથી શીખી આવી, કાલાવાલા કરી, તું અમારી પ્રાર્થના કરે છે તે સર્વે હું જાણું છું. જેમણે ભગવાનને માટે સંતાન, પતિ અને પરલોકનો ત્યાગ કર્યો છે, આવી અમોને પણ એ ચંચળ મનના ભગવાને છોડી દીધી છે, તો હવે તેની સાથે શું સમાધાન કરવું ?[૧૬] રામાવતારમાં એ ભગવાને પારાધી જેવું કામ કરીને વાલી  વાનરને વીંધી નાખ્યો હતો અને સીતાને પરવશ થઈને જે તમોએ કામનાથી આવેલી એવી સુપણખાના કાન-નાક કાપી નાખ્યા હતા, તેમ જ વામન અવતારમાં કાગડા જેવું આચરણ કરી, બળિ રાજાનું સર્વ ખાઈ જતાં પાછો તેને બાંધી લીધો હતો, તો આવી વાતો સંભારીને હું ભગવાનથી બીઉં છું, માટે હવે એમની સાથે મૈત્રી કરવાનું કશું કામ નથી, તોપણ તેમની વાત કરવાનું છોડી શકાય તેમ નથી.[૧૭] એ ભગવાનના ચરિત્રરૂપી કર્ણામૃતની કણી એકવાર સેવાઈ ગયાથી પણ રાગદ્વેષાદિક મટી જતાં, ઘરનાં રાંક કુટુંબને તરત છોડી દઈ, કંગાલ તથા જીવતે મુવા જેવા થઈ અને પક્ષીઓની પેઠે કેવળ આહારની જ આવશ્યક્તા રાખી, આ જગતમાં ઘણા જણ ભીખ માગતા થયા છે, તોપણ એ ભગવાનની વાત કરવાનું અમારાથી છોડી શકાતું નથી.[૧૮] જેમ કાળિયારની સ્ત્રી ભોળી મૃગલીઓ પારાધીના ગાયનને નિષ્કપટ માનવાથી, બાણથી ઘવાઈને પીડા જ દેખે છે, તેમ અમે પણ એ કપટી ભગવાનના વચનને સાચું માની, નખના ઘાથી ઘવાઈને, હવે કામદેવ તેમના નખના સ્પર્શથી બહુ જ વધ્યો છે, તે કામ સંબંધી પીડાને વારંવાર દેખીએ છીએ, માટે હે દૂત ! એ વિના બીજી વાત કર.[૧૯] હે પ્યારા મિત્ર ! તું એકવાર અહીંથી જઈને પાછો આવ્યો તે પ્યારાના મોકલવાથી આવ્યો ? તારે શું જોઈએ છે ? માગી લે, કેમકે તું મારે પૂજ્ય છે. જેનો સમાગમ છોડવો કઠણ પડે, એવા ભગવાનની પાસે તું અમને લઈ જવા માગે છે ? હે સૌમ્ય ! લક્ષ્મી વહુ તો સર્વદા તેમની સાથે જ રહે છે, માટે એ કૃષ્ણને અમારૂં શું પ્રયોજન છે ?[૨૦] હે સૌમ્ય ! શ્રીકૃષ્ણ ગુરુને ઘેરથી આવીને અત્યારે મથુરામાં છે ? માબાપના ઘરને અને પોતાના મિત્રો ગોવાળોને સંભારે છે ? કોઈ સમયે અમો દાસીઓની વાત કરે છે ? પોતાના સુગંધીમાન હાથને અમારા મસ્તક ઉપર ક્યારે ધરશે ?[૨૧]

શુકદેવજી કહે છે- આ સર્વે સાંભળી ઉદ્ધવજીએ ભગવાનના દર્શનની પ્યાસી, એ ગોપીઓને ભગવાનના સંદેશાથી સાંત્વના કર્યા પહેલાં આ પ્રમાણે કહ્યું.[૨૨]

ઉદ્ધવજી કહે છે- અહો ! તમારૂં મન વાસુદેવ ભગવાનમાં લાગી રહ્યું છે તેથી કૃતાર્થ અને જગતમાં સત્કાર પામનારી છો.[૨૩] દાન, વ્રત, તપ, હોમ, જપ, વેદાધ્યયન, નિયમો, અને બીજાં પણ અનેક શુભ સાધનોથી ભગવાનમાં ભક્તિ પ્રાપ્ત થાય છે.[૨૪] મોટી કીર્તિવાળા ભગવાનની ઉત્તમ ભક્તિ તમે કરો છો એ ઘણું યોગ્ય છે. પતિ, પુત્ર, દેહ, સ્વજન અને ઘરને છોડી દઈ તમો શ્રીકૃષ્ણ નામના પરમ પુરૂષને વરી એ ઘણું સારૂં કર્યું છે.[૨૫-૨૬] હે ભાગ્યશાળી ગોપીઓ ! તમને વિરહથી ભગવાનની સાચી ભક્તિ મળી છે અને એ ભક્તિ દેખાડીને મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે.[૨૭] હે ભલી સ્ત્રીઓ ! હવે તમને સુખ આપનાર ભગવાનનો પ્યારો સંદેશો સાંભળો, જે સંદેશો લઈને ભગવાનનાં રહસ્ય કામ કરનારો હું આવેલો છું.[૨૮]

ભગવાને કહ્યું છે કે- તમોને મારો વિયોગ કોઈ સમયે પણ સર્વથા નથી. કેમકે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂતો જેમ સ્થાવર જંગમ સર્વે પદાર્થોમાં રહ્યાં છે તેવી રીતે હું પણ ભૂત, મન, જીવ, પ્રાણ, ઈંદ્રિય અને ગુણના અધિષ્ઠાનપણાથી સર્વમાં રહ્યો છું. હું પોતાના શરીરભૂત પ્રકૃતિને વિષે જ ભૂતો ઇન્દ્રિયો અને ગુણરૂપે પોતાના સંકલ્પના પ્રભાવથી, હું પોતે જ મારા શરીરભૂત એવા સૃજ્ય વર્ગને ઉત્પન્ન, પાલન અને પ્રલય કરું છું. કેમ કે આત્મા તો શુદ્ધ છે, કોઈ ગુણમાં સંબંધ પામતો નથી, સર્વ ગુણોથી જુદો છે અને જ્ઞાનસ્વરૂપ છે. માયાથી થયેલા મનની વૃત્તિરૂપ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ નામની અવસ્થાઓને લીધે વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞરૂપે જણાય છે, જીવ સર્વ પ્રકારે દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણાદિકથી વિલક્ષણ છે.[૨૯-૩૨] જાગેલો પુરૂષ જેમ સ્વપ્નને ખોટું જ જાણે છે, તેમ વિદ્વાનો જેને ખોટા જ ગણે છે, એવા વિષયોનું જે મનથી ચિંતવન થાય છે અને ચિંતન કરતાં કરતાં ઈંદ્રિયોને પ્રાપ્ત થાય છે, તે મનનો આળસ મૂકીને મારે વિષે નિરોધ કરવો જોઈએ.[૩૩] વેદ, અષ્ટાંગયોગ, આત્મા અનાત્માનો વિવેક, સંન્યાસ, સ્વધર્મ, ઈંદ્રિયોનું દમન અને સત્ય તેનું ફળ મારે વિષે મનનો નિરોધ જ છે. જેમ સર્વે નદીઓનું છેલ્લું પ્રાપ્તિ સ્થાન સમુદ્ર છે, તેમ વિદ્વાનોએ ઠરાવેલાં સર્વે સાધનોનું ફળ તો એક જ મારે વિષે મનનો નિરોધ જ છે.[૩૪] તમોને પ્યારો હું તમારી દૃષ્ટિઓથી દૂર રહું છું, તે તમોને મારૂં ધ્યાન કરાવવાની ઈચ્છાથી અને ધ્યાન કરાવીને તમારા મનને મારી પાસે રાખવાને માટે રહું છું.[૩૫] દૂર રહેલા પ્યારામાં સ્ત્રીઓનું મન જેવું લાગી રહે છે, તેવું પ્રત્યક્ષ રીતે પાસે રહેલો હોય તેમાં લાગતું નથી.[૩૬] સર્વે વૃત્તિઓને છોડી દેતાં મન મારામાં રાખી નિરંતર મારૂં સ્મરણ કરવાને લીધે તમો થોડા કાળમાં મને પામશો.[૩૭] હે ભલી સ્ત્રીઓ ! હું જે સમયમાં વૃંદાવનમાં રાત્રીએ ક્રીડા કરતો હતો તે સમયે પોતાના પતિઓને રોકી રાખવાને લીધે જે સ્ત્રીને મારી સાથે રાસ રમવાનું ન મળ્યું, તે સ્ત્રીઓ મારા પરાક્રમોના ચિંતનથી જ મને પામી ગઈ છે.[૩૮]

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુકદેવજી કહે છે- આ પ્રમાણે પ્રાણપ્રિય ભગવાનના સંદેશા સાંભળી રાજી થયેલી અને તેમના સંદેશાથી જેને સ્મરણ પ્રાપ્ત થયું, એવી ગોપીઓ ઉદ્ધવજીને આ પ્રમાણે કહેવા લાગી.[૩૯]

ગોપીઓ કહે છે- યાદવોના શત્રુ અને દુઃખદાયી કંસને તેના અનુચરો સહિત માર્યો એ ઘણું સારૂં કર્યું અને જેના સર્વ મનોરથ પૂરા થયા છે. એવા સંબંધીઓની સાથે હમણાં ભગવાન આનંદથી વર્તે છે એપણ ઘણું સારૂં છે.[૪૦] હે સૌમેય ! સ્નેહ અને લાજ સહિત હાસ્ય કરીને અને ઉદાર દષ્ટિથી અમોએ પૂજેલા ભગવાન અમારી ઉપર જે પ્રીતિ કરવી જોઇએ તે પ્રીતિ મથુરાની સ્ત્રીઓ ઉપર કરે છે ?[૪૧] બીજી ગોપી બોલી- રતિના પ્રકારો જાણનાર ઉત્તમ સ્ત્રીઓને પ્યારા લાગે એવા અને ઉત્તમ સ્ત્રીઓએ પોતાના વાક્ય તથા વિલાસથી સત્કાર કરેલા ભગવાન તે સ્ત્રીઓમાં કેમ ન બંધાય ?[૪૨] હે સૌમ્ય ! નગરની સ્ત્રીઓની સભામાં યથેષ્ટ વાતો કરતાં કોઈ પ્રસંગે ભગવાન અમને સંભારે છે ?[૪૩] કુમુદ, કુન્દ પુષ્પ અને ચંદ્રમાથી શોભી રહેલા વૃન્દાવનમાં ઝાંઝરના ઝમકારાવાળી રાસમંડળીમાં અમારી સાથે ભગવાન જે રાત્રીઓમાં રમ્યા હતા અને અમો તેમની મનોહર કથાની સ્તુતિ કરી હતી, તે રાત્રીને ભગવાન કોઈ સમયે સંભારે છે ?[૪૪] જેમ ઈંદ્ર મેઘથી વનને જીવાડે તેમ પોતે આપેલા શોકથી તપી રહેલી અમોને, પોતાના ગાત્રનો સ્પર્શ આપી જીવાડવા સારૂ શ્રીકૃષ્ણ અહીં આવશે ?[૪૫] બીજી ગોપી બોલી, પણ હવે કૃષ્ણ અહીં શા માટે આવે ? શ્રીકૃષ્ણને રાજ્ય મળ્યું, શત્રુ મરી ગયા, સર્વે સંબંધીઓનો સમાગમ થયો અને રાજાઓની કન્યાઓને પરણી, પ્રીતિ પામ્યા તે અહીં શા માટે આવે ?[૪૬] અને વળી બીજી બોલી- શ્રીકૃષ્ણને સર્વ મનોરથ પ્રાપ્ત છે અને પોતે પૂર્ણ છે. તેમને વગડામાં રહેનારી અમો અથવા બીજીઓ પણ શું કરી આપે એમ છે ?[૪૭] પિંગલા વેશ્યાએ પણ કહ્યું છે કે- ''આશા ન રાખવી એજ મોટું સુખ છે.'' એ વાતને અમે જાણીએ છીએ તોપણ શ્રીકૃષ્ણની આશા છુટતી નથી. [૪૮] ઉત્તમ કીર્તિવાળા ભગવાન પોતે લક્ષ્મીને ઈચ્છતા નથી, તોપણ તેમના અંગમાંથી લક્ષ્મી કદી પણ ખસતી નથી, એવા ભગવાનની એકાંતની વાતોને કોણ છોડી શકે ?[૪૯] હે ઉદ્ધવ ! બલરામ સહિત શ્રીકૃષ્ણ જ્યાં ફર્યા હતા તે આ નદી, પર્વત અને વનના પ્રદેશો તથા વેણુના શબ્દો વારંવાર એ નંદકુમારોનું અમને સ્મરણ આપે છે. લક્ષ્મીના સ્થાનકરૂપ તેમનાં પગલાં જોઈને અમો વિસ્મરણ પણ કરી શક્તી નથી.[૫૦-૫૧] તેમની સુંદર ગતિ, ઉદાર હાસ્ય, લીલા પૂર્વક જોવું અને મધુર વાણીથી જેઓનાં મન હરાઇ ગયાં છે એવી અમે શી રીતે ભૂલી જઇએ ?[૫૨] હે નાથ ! હે લક્ષ્મીના પતિ ! હે વ્રજના નાથ ! હે પીડાના નાશ કરનાર ! હે ગોવિંદ ! દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલા ગોકુળને તેમાંથી બહાર કાઢો.[૫૩]

શુકદેવજી કહે છે- પછી ભગવાનના સંદેશાથી જેનો વિરહ તાપ મટી ગયો છે. એવી ગોપીઓ ભગવાનને પરમાત્મા જાણી અને પરમાત્માને પોતાના અંતર્યામી જાણી ઉદ્ધવજીની પૂજા કરી.[૫૪] ગોપીઓનો શોક મટાડતા ઉદ્ધવજીએ કેટલાક મહિના સુધી ત્યાં રહીને ભગવાનની લીલાની કથાનું ગાયન કરી ગોકુળને આનંદ આપ્યો.[૫૫] ઉદ્ધવજી જેટલા દિવસ વ્રજમાં રહ્યા તેટલા દિવસ ભગવાનની વાતો ચાલવાને લીધે વ્રજવાસીઓને એક ક્ષણ જેટલો લાગ્યો.[૫૬] નદી, વન, પર્વતની ગુફાઓ અને ફુલવાળાં વૃક્ષોને જોતા અને તે દરેક સ્થળમાં ભગવાનની લીલાના પ્રશ્નોના બહાને ભગવાનનું સ્મરણ કરાવતા, એ ભગવાનના દાસ ઉદ્ધવજી વ્રજમાં આનંદથી રહ્યા.[૫૭] ભગવાનમાં જ પ્રવેશ કરાવેલ ગોપીઓના મનની વિવ્હળતા જોઇને બહુ જ રાજી થયેલા ઉદ્ધવજી ગોપીઓને પ્રણામ કરવાનું ધારી, મનમાં આપ્રમાણે વિચાર કરવા લાગ્યા.[૫૮]

ઉદ્ધવજી મનમાં વિચાર કરે છે- પૃથ્વીમાં કેવળ આ ગોપીઓનો જ જન્મ સફળ છે, કેમકે સંસારથી ભય પામતા મુનિઓ અને અમો શ્રીકૃષ્ણમાં જેવો ભાવ રાખવાને ઈચ્છીએ છીએ તેવો ભાવ આ ગોપીઓને દઢ થઈ ગયો છે. ભગવાનની કથામાં રંગ લાગે તો પછી બ્રાહ્મણના જન્મ અને કર્મોનું શું પ્રયોજન છે ?[૫૯] વનમાં ફરનારી અને વ્યભિચારના દોષવાળી આ સ્ત્રીઓ ક્યાં ? અને પરમાત્મા શ્રીકૃષ્ણમાં આવો દઢ થયેલો ભાવ ક્યાં ? પોતાને ભજનારા અજ્ઞાની લોકોને પણ ઈશ્વર ભજે છે અને પીધેલા અમૃતની પેઠે સાક્ષાત્ કલ્યાણ કરે છે.[૬૦] રાસોત્સવમાં ભગવાન પોતાની ભુજાથી કંઠનું આલિંગન કરી, વ્રજની ગોપીઓ ઉપર જેવી કૃપા કરી, તેવી કૃપા નિરંતર પ્રીતિ રાખનાર લક્ષ્મીજી ઉપર પણ નથી કરી, અને અપ્સરાઓની ઉપર પણ નથી કરી, ત્યારે બીજી સ્ત્રીઓની શી વાત કરવી ?[૬૧]

आसामहो चरणरेणुजुषामहं स्यां वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥

અહો ! ! ! આ ગોપીઓ ત્યાગ કરવાને અશક્ય એવાં પોતાના સંબંધી અને ધર્મ માર્ગનો ત્યાગ કરી, શ્રુતિઓ પણ જેને શોધે છે એવી પરમ પદવીને પામી છે, ગોપીઓના ચરણની રજ જેના ઉપર પડે છે એવા ગુચ્છ, લતા અને ઔષધિની જાતમાં વૃંદાવનની અંદર મારો કોઈ પણ અવતાર થાય તો ઠીક.[૬૨] લક્ષ્મીએ પૂજેલું અને પૂર્ણકામનાવાળા બ્રહ્માદિક તથા યોગેશ્વરો પણ હૃદયમાં જ પૂજેલું ભગવાનનું ચરણારવિંદ પોતાના સ્તન ઉપર મૂકી તેનું આલિંગન કરી, જેઓ પોતાના તાપનો ત્યાગ કર્યો હતો, એવી ગોપીઓના ચરણની રજ મારે માથે પડે એવી હું આશા રાખું છું.[૬૩] વ્રજની સ્ત્રીઓએ કરેલું ભગવાનની કથાનું ઉંચું ગાયન ત્રણ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

લોકને પવિત્ર કરે છે, તેની ચરણ રજને હું વારંવાર વંદન કરૂં છું.[૬૪]

શુકદેવજી કહે છે- પછી ઉદ્ધવજી ગોપીઓની, નંદરાયની અને યશોદાની આજ્ઞા લઇ, ગોવાળોને પૂછી જવા માટે રથમાં બેઠા.[૬૫] નીકળેલા ઉદ્ધવજીની પાસે અનેક પ્રકારની ભેટો લઇ આવેલા અને સ્નેહથી જેઓના નેત્રમાં આંસુ આવી ગયાં હતાં, એવા નંદાદિક ગોવાળો બોલ્યા કે- અમારા મનની વૃત્તિઓ કૃષ્ણના ચરણારવિંદમાં રહેજો, વાણી ભગવાનના યશનું ઉચ્ચારણ કર્યા કરજો, અને શરીર તેમને પ્રણામ કરવા આદિ કર્મમાં તત્પર રહેજો.[૬૬-૬૭] ઈશ્વરની ઈચ્છાથી કોઇ કર્મોથી અમો કોઇ પણ યોનિમાં ભટકીએ ત્યાં પણ હમેશાં ભગવાન કૃષ્ણમાં અમારી આસક્તિ રહેજો.[૬૮] હે રાજા ! આવી રીતે ભગવાનની ભક્તિને લીધે ગોવાળોએ સત્કાર કરેલા ઉદ્ધવજી ભગવાને રક્ષેલી મથુરાપુરીમાં ફરીવાર આવ્યા.[૬૯] શ્રીકૃષ્ણને પ્રણામ કરી વ્રજવાસીઓની ભક્તિના ઉત્કર્ષની વાત કહી સંભળાવી, અને શ્રીકૃષ્ણને, વસુદેવને, બળદેવજીને તથા રાજાને ત્યાંથી મળેલી ભેટની ઉત્તમ વસ્તુઓ આપી.[૭૦]

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेकं व्रजौकसाम् । वसुदेवाय रामाय राज्ञे चोपायनान्यदात् ॥७०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સુડતાળીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૮

## શ્રીકૃષ્ણ ભગવાન કુબ્જાની સાથે વિહાર કર્યો અને અક્રૂરજીને હસ્તિનાપુર મોકલ્યા.

॥ श्रीशुकउवाच ॥

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्वदर्शनः सैरंध्राः कामतप्तायाः प्रियमिच्छन् गृहं ययौ ॥१॥

શુકદેવજી કહે છે- પછી સર્વના આત્મા અને સર્વને જાણનારા ભગવાન કામનાથી તપી ગયેલી કુબ્જાને પોતે આપેલું વચન સંભારી તેને રાજી કરવા સારૂ તેને ઘેર ગયા.[૧] એ કુબ્જાના ઘરમાં મૂલ્યવાન સામાન ભરપુર હતા. કામદેવને પ્રદિપ્ત કરનારાં રતિ સંબંધી ચિત્રો આલેખેલાં હતાં. મોતીની માળાઓ, પતાકા, ચંદરવા, શયનાદિક, સુગંધી ધુપ, દીપ, ફુલની માળાઓ અને ચંદનાદિક સુગંધથી શોભી રહ્યું હતું.[૨] કૃષ્ણ પોતાને ઘેર આવતા જોઇ, કુબ્જા મોટા સંભ્રમથી તરત આસન પરથી ઉઠી, સખીઓની સાથે યથાયોગ્ય રીતે ભગવાનને મળી ઉત્તમ આસનાદિ આપી તેમનું સન્માન કર્યું.[૩] કુબ્જાએ સારી રીતે માન આપેલા ઉદ્ધવજી આસનનો સ્પર્શ કરીને ધરતી ઉપર બેસી ગયા. પછી લોકના આચરણને અનુસરેલા ભગવાન તરત જ મૂલ્યવાન તે કુબ્જાના શયનમાં પધાર્યા.[૪] સ્નાન, લેપન, વસ્ત્ર, ભૂષણ, માળા, સુગંધ, તાંબુલ અને અમૃત સરખાં પીવાના માદક પદાર્થોથી પોતાના શરીરને કરેલો છે અલંકૃત જેમણે, એવી કુબ્જા લાજભરેલી લીલાથી હસતી, વિલાસ કરતી અને જોતી જોતી ભગવાનની પાસે ગઇ.[૫] ભગવાન નવા સમાગમની લાજથી સંકોચને પામતી તે કુબ્જાને બોલાવી. કે જે કુબજાનું ચંદન આપવા ઉપરાંત કાંઇ પુણ્ય ન હતું, આવી કુબ્જાનો કંકણથી શોભતો તેનો હાથ પકડીને શયનમાં સુવાડીને તેની સાથે રમવા લાગ્યા.[૬] ભગવાનના ચરણને જાણે સુંઘતી હોય તેમ તે ચરણને પોતાના સ્તન ઉપર, છાતી ઉપર અને આંખો ઉપર મૂકી મૂકીને કામની પીડાને શાંત કરતી, તે કુબ્જાએ પ્યારા અને આનંદમય ભગવાનને સ્તનના ભીડામાં લઇ બાથથી આલિંગન કરીને પોતાના કામજ્વરને ટાળ્યો.[૭] મોક્ષના નાથ અને બીજાને દુર્લભ પ્રભુને કેવળ ચંદન આપવારૂપ પુણ્યથી જ પામીને જેને ગોપીઓના જેવી એક નિષ્ઠા હતી નહીં આવી કુબ્જાએ માગ્યું કે- હે પ્યારા ! હે કમળ સરખા નેત્રવાળા ! અહીં જ ઘણા દિવસ રહી મારી સાથે રમણ કરો. તમારા સંગને હું છોડી શકતી નથી.[૮-૯] પછી માન આપનારા અને કુબ્જાએ પૂજેલા ભગવાન તે કુબ્જાને આભૂષણાદિક તથા વરદાન આપી ઉદ્ધવજીની સાથે પોતાને ઘેર પધાર્યા.[૧૦] ઈશ્વરના ઈશ્વર અને ઘણા પ્રયત્નથી પ્રસન્ન થાય એવા ભગવાનને પ્રસન્ન કરી વિષયના તુચ્છ સુખને માગે તેની અલ્પ બુદ્ધિ સમજવી.[૧૧] પછી શ્રીકૃષ્ણ અક્રૂરજીને રાજી કરવા સારૂ અને તેમની પાસે કાંઇ કામ કરાવવા સારૂ બલરામ અને ઉદ્ધવજીની સાથે અક્રૂરજીને ઘેર પધાર્યા.[૧૨] અક્રૂરજી પુરૂષોત્તમને દૂરથી જ જોઇ સામા ઉઠ્યા પછી આનંદથી આલિંગન તથા અભિનંદન આપી શ્રીકૃષ્ણ તથા બલભદ્રને પગે લાગ્યા, અને તેઓ પણ અક્રૂરજીને પગે લાગ્યા. હે રાજા ! પછી અક્રૂરજી કૃષ્ણને આસનપર બેસાડી, વિધિ સહિત પૂજા કરી, તેમના ચરણ ધોવાના જળને પોતાને માથે ચઢાવ્યું, દિવ્ય વસ્ત્રો અને સુગંધી માળા તથા આભૂષણોથી પૂજન કરી, મસ્તકથી પ્રણામ કરી, ખોળામાં ચરણારવિંદ લઇને ચાંપતા અને પ્રેમથી નમેલા અક્રૂરજી આપ્રમાણે કહેવા લાગ્યા.[૧૩-૧૬]

અક્રૂરજી કહે છે- તમે પાપી કંસને તેના પરિવાર સહિત માર્યો અને તમારા આ કુળને અપાર કષ્ટમાંથી બચાવ્યું તથા વધાર્યું એ ઘણું સારૂં કર્યું.[૧૭] તમો બન્નેપ્રકૃતિ પુરુષના શરીરી છો, અને તેથી જ જગતના ઉપાદાન અને નિમિત્ત કારણ છો, (અર્થાત્ કાર્ય અને કારણ તમામ વસ્તુ તમોને આધીન છે.) કાંઇ કારણ અથવા કાર્ય તમારા વિના છે જ નહિં.[૧૮] હે પરમેશ્વર ! પ્રકૃતિ, પુરુષ, કાળ એ આદિ પોતાની શક્તિઓથી પોતે જ સર્જેલા આ વિશ્વની અંદર અંતરાત્માપણે (નિયંતાપણે) પ્રવેશ કરીને રહેલા, આપ શ્રુતિ પ્રમાણથી પ્રત્યક્ષ રીતે દેવમનુષ્યાદિકરૂપે બહુ પ્રકારે જણાઓ છો, અર્થાત્ શ્રુતિઓ પ્રત્યક્ષરૂપે જણાતાં દેવ મનુષ્યાદિક પદાર્થોરૂપે આપણું જ પ્રતિપાદન કરે છે. કારણ કે દેવ મનુષ્યાદિક પદાર્થો આપનું શરીર છે. અને આપ શરીરી આત્મા છો. અને જે જે શરીર

www.jayswaminarayan.org
www.bhujmandir.org

વાચક શબ્દો હોય એ અભેદપણાથી શરીરી એવા આત્માના વાચક બને છે. તેથી જ તે તે પદાર્થોરૂપે શ્રુતિઓ આપને જ કહે છે.[૧૯] જેમ કારણરૂપે રહેલાં પૃથ્વી આદિક ભૂતો એક એક તત્ત્વરૂપે રહેલાં છે, છતાં કાર્યરૂપે પરિણામ પામીને અનેક પદાર્થોરૂપે જણાય છે. તેમ સર્વના શરીરી સ્વતંત્ર એવા એક જ આપ સર્વના કારણ હોવાથી, સર્વના શરીરી હોવાથી શરીરભૂત સર્વે પદાર્થોમાં બહુ પ્રકારે જણાઓ છો.[૨૦] પોતાની શક્તિરૂપ રજોગુણ, તમોગુણ અને સત્વગુણથી તમે જગતને સ્રજો છો, પ્રલય કરો છો અને રક્ષણ કરો છો. છતાં તે ગુણોથી અને કર્મોથી બંધાતા નથી. કારણ કે જ્ઞાનસ્વરૂપ આપમાં ક્યારેય પણ બંધન કરનારી અવિદ્યા હોતી જ નથી.[૨૧] હે પ્રભુ ! આપ વાસ્તવિક સ્વરૂપે કરીને તો દેહાદિક ઉપાધિથી રહિત છો, તેથી જ્ઞાનસ્વરૂપ એવા જે તમો તે તમારી અંદર સાક્ષાત્ સંસાર નથી. તમે તો સર્વના શરીરી છો, તેથી શરીરની અંદર રહેલા જે ધર્મો હોય એ શરીરીની અંદર પ્રસક્ત થતા નથી. માટે જ તમો બંધ અને મોક્ષથી રહિત છો, છતાં તમારે વિષે જે બંધ અને મોક્ષ દેખાય છે, એ કેવળ અમારું અજ્ઞાન જ છે.[૨૨] જગતના કલ્યાણને માટે આપે કહેલો પ્રાચિન વેદમાર્ગ જ્યારે દુષ્ટ પાખંડ માર્ગોથી તૂટવા લાગે ત્યારે આપ સત્વગુણથી અવતાર ધરો છો.[૨૩] હે પ્રભુ ! તે આપ દૈત્યોના અંશોરૂપ રાજાઓની સૈકડો અક્ષોહિણીઓને મારી, પૃથ્વીનો ભાર ઉતારવા સારૂ અને લોકમાં કીર્તિ વધારવા સારૂ, હમણાં બળદેવજીની સાથે વસુદેવના ઘરમાં અવતર્યા છો.[૨૪] હે ઈશ્વર ! આજ અમારાં ઘર તપોવન કરતાં પણ વધારે પવિત્ર થયાં છે, કેમકે સર્વે દેવ, પિતૃ, ભૂત અને રાજાઓ જેના સ્વરૂપમાં છે એવા અને જેના ચરણ ધોવાનું જળ (ગંગાજી) ત્રિલોકને પવિત્ર કરે છે, એવા જગદીશ્વર આપ આ ઘરમાં પધાર્યા છો.[૨૫] હે પ્રભુ ! આપ ભક્તોપર પ્રેમ રાખનાર, સત્યવક્તા, સર્વના સ્નેહી અને કૃતજ્ઞ છો, તેથી કયો સમજુ માણસ બીજાને શરણે જાય ? કારણ કે આપ જ ભક્તિ કરનારા લોકોને સર્વે, અભિલાષાઓ અને પોતાના સ્વરૂપને આપો છો.[૨૬] હે વિષ્ણુ ! દેવતા અને યોગેશ્વરો પણ જેના સ્વરૂપને ઘણા પ્રયત્નથી પામે છે, એવા આપે અહીં આજ અમને દર્શન દીધું એ બહુ જ સારૂ કર્યું, પુત્ર, સ્ત્રી, ધન, સગાં, ઘર અને દેહાદિકમાં મોહ થવારૂપ બેડી જે તમારી માયારૂપ છે તેને તરત કાપો.[૨૭]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભક્ત અક્રૂરજી દ્વારા પૂજન અને સ્તુતિ કરાયેલા શ્રીકૃષ્ણ ભગવાન જાણે વાણીથી મોહ પમાડતા હોય, તેમ હસીને અક્રૂરજીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૮]

ભગવાન કહે છે- તમે અમારા ગુરૂ, કાકા અને સર્વદા વખાણવા જેવા બંધુ છો અને અમે તો તમારા દયાપાત્ર પુત્રો છીએ, માટે તમારે અમારી રક્ષા કરવી જોઈએ અને પોષણ કરવું જોઈએ.[૨૯] કલ્યાણની ઈચ્છા રાખનાર મનુષ્યોએ તમારા જેવા ભાગ્યશાળી ઉત્તમ સાધુઓનું સેવન કરવું જોઈએ. દેવતાઓ પોતાનું કાર્ય સાધવામાં તત્પર હોય છે અને સાધુપુરૂષો તો બીજાઓની ઉપર અનુગ્રહ કરવામાં જ તત્પર હોય છે, માટે વાસ્તવિક રીતે સાધુ પુરૂષો જ દેવ હોવાથી તેનું જ સેવન કરવું જોઈએ.[૩૦] તીર્થો માત્ર પાણી જ છે અને દેવતાઓ માટી તથા શિલારૂપ જ છે એવું નથી; કેમકે તેમાં ચમત્કાર રહ્યો છે, પરંતુ તેઓ ઘણા કાળની સેવાથી પવિત્ર કરે છે અને સાધુપુરૂષો તો દર્શન માત્રથી જ પવિત્ર કરે છે.[૩૧] તમે અમારા સંબંધીઓમાં શ્રેષ્ઠ છો, માટે પાંડવોનું વૃત્તાંત જાણવા સારૂ અને તેનું કલ્યાણ કરવાની ઈચ્છાથી હસ્તિનાપુર જાઓ.[૩૨] પાંડુ રાજા મૃત્યુ પામતાં પિતા વગરના બહુ જ દુ:ખીયા પાંડવોને તેની મા કુંતીની સાથે ધૃતરાષ્ટ્ર રાજાએ હસ્તિનાપુરમાં તેડાવ્યા છે અને તેઓ અત્યારે ત્યાં રહે છે એવું અમે સાંભળ્યું છે.[૩૩] પરંતુ પોતાના દુષ્ટ પુત્રોને આધીન રહેનાર અને કંગાલ મનનો આંધળો ધૃતરાષ્ટ્ર રાજા પોતાના ભાઈના પુત્ર પાંડવોની સાથે સમદષ્ટિથી વર્તતો નથી.[૩૪] માટે હસ્તિનાપુર તમે જાઓ અને હમણાં તેની સારી અને નરસી જે વર્તુણક હોય તેનો નિશ્ચય કરો. આપણે બધી વાતનો નિશ્ચય કરી જેવી રીતે સંબંધીઓનું કલ્યાણ થશે તેવી યોજના કરીશું.[૩૫]

શુકદેવજી કહે છે સર્વના ઈશ્વર ભગવાન આવી રીતે અક્રૂરજીને આજ્ઞા કરી પછી રામ અને ઉદ્ધવજીની સાથે ઘેર પધાર્યા.[૩૬]

इत्यक्रुरं समादिश्य भगवान् हरिरीश्वरः । संकर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ ॥३६॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો અડતાલીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪૯

## ધૃતરાષ્ટ્રનો પોતાના પુત્રો તથા પાંડવો પ્રત્યેનો ભેદભાવ જાણીને મથુરામાં આવતા અક્રૂરજી.

॥ श्रीशुकउवाच ॥

स गत्वा हस्तिनापुरं पौरवेंद्रयशोंकितम् । ददर्श तत्रांबिकेयं सभीष्मं विदुरं पृथाम् ॥१॥

શુકદેવજી કહે છે- પુરૂ વંશના મોટા રાજાએ કરાવેલાં દેવાલયાદિકનાં ચિહ્નવાળા હસ્તિનાપુરમાં જઈને અક્રૂરજીએ ત્યાં ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, કુંતિ, સોમદત્ત, બાલ્હિક, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા અને બીજા સંબંધીઓને પણ મળ્યા.[૧-૨] અક્રૂરજી બંધુઓની સાથે યથાયોગ્ય રીતે મળ્યા પછી ધૃતરાષ્ટ્રાદિકોએ સંબંધીઓની વાત પુછી અને પોતે પણ સર્વને કુશળ પૂછ્યું.[3] થોડી ધીરજવાળો અને ખળપુરૂષોની ઈચ્છા પ્રમાણે ચાલનાર ધૃતરાષ્ટ્ર રાજા, કે જેના પુત્રો દુષ્ટ હતા. તેના સ્વભાવ પ્રકૃતિ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

જાણવાની ઈચ્છાથી અક્રૂરજી કેટલાક મહિના સુધી હસ્તિનાપુર રહ્યા.[૪] ત્યાં પાંડવોમાં પ્રભાવ, શાસ્ત્રાદિકમાં નિપુણતા, બળ, શૂરવીરપણું, નમ્રતા આદિ શુભગુણો, પાંડવો પ્રત્યે પ્રજાનો જે સ્નેહ તેને સહન ન કરી શકતા ધૃતરાષ્ટ્રના પુત્રોએ જે કાંઈ પાંડવો વિષે ધાર્યું હતું તથા ઝેર દેવા આદિ જેટલા અન્યાય કર્યા હતા તે વિષેની સર્વે વાત કુંતીએ તથા વિદુરજીએ અક્રૂરજીની પાસે કહી દેખાડી.[૫-૬] પોતાના ભાઈ અક્રૂરજી ત્યાં આવ્યા તેમની પાસે જઈ જન્મભૂમિને સંભારતાં અને આંસુનાં બિંદુઓ જેના નેત્રમાંથી ઝરતાં હતાં, એવાં કુંતીએ ઉપરની વાત કહ્યા પહેલાં અક્રૂરજીને આ પ્રમાણે કહ્યું.[૭]

કુંતિ કહે છે- હે સૌમ્ય ! મારાં માબાપ, ભાઈઓ, બહેનો, ભાઈના દિકરા, કુળની સ્ત્રીઓ અને સખીઓ અમને સંભારે છે ?[૮] મારા ભાઈના પુત્ર શરણાગતનું રક્ષણ કરનાર અને ભક્તવત્સલ શ્રીકૃષ્ણ તથા કમળ સરખા નેત્રવાળા બલરામ એમની ફઈના દિકરાઓને સંભારે છે ?[૯] હું વરૂઓની વચ્ચમાં મૃગલીની જેમ શત્રુઓની વચમાં શોક કર્યા કરૂં છું આવી મને અને બાપ વગરના મારા બાળકોને શ્રીકૃષ્ણ વચનથી ધીરજ આપશે ?[૧૦] હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મોટાયોગી ! હે જગતના આત્મા ! હે જગતને પાળનાર ! હે ગોવિંદ ! શરણાગત એવી હું બાળકોની સાથે પીડા પામું છું તેની રક્ષા કરો.[૧૧] મૃત્યુરૂપ સંસારથી ભય પામતા માણસોને આપ ઈશ્વરના મોક્ષ આપનારા ચરણારવિંદ વિના બીજું કોઈ શરણ હું દેખતી નથી.[૧૨] શુદ્ધ, પરબ્રહ્મ, પરમાત્મા, યોગેશ્વર અને જ્ઞાનસ્વરૂપ આપ શ્રીકૃષ્ણને પ્રણામ કરૂં છું. અને આપને શરણે આવી છું.[૧૩]

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે સ્વજનને અને ઈશ્વર શ્રીકૃષ્ણને સંભારી દુઃખ પામેલાં તમારી પરદાદી (કુંતી) રોવા લાગ્યાં.[૧૪] જેને સુખ દુઃખ સમાન હતાં એવા અને મોટી કીર્તિવાળા અક્રૂરજીએ તથા વિદૂરજીએ, એ કુંતીને તેના પુત્રોના જન્મનાં કારણો કહીને સાંત્વના કરી.[૧૫] પછી અક્રૂરજી હસ્તિનાપુરમાંથી રવાના થયા ત્યારે ધૃતરાષ્ટ્ર રાજા, કે જે વિષમ રીતે વર્તનાર અને પ્રેમથી કુપુત્રોને અનુસરતો હતો તેને શ્રીકૃષ્ણ તથા બળદેવજી આદિ બંધુઓએ જે સ્નેહથી કહેવાનું કહ્યું હતું તે અક્રૂરજીએ સર્વે સંબંધીઓના સાંભળતાં આપ્રમાણે કહ્યું.[૧૬]

અક્રૂરજી કહે છે- હે વિચિત્રવીર્યના પુત્ર ! હે કુરુકુળની કીર્તિને વધારનાર ! તમારા ભાઈ પાંડુ રાજા મરણ પામતાં તેના પુત્રો હોવા છતાં પણ તમે અત્યારે રાજ્યાસન ઉપર બેઠા છો.[૧૭] આમ કર્યા છતાં પણ જો તમે ધર્મમાર્ગથી પૃથ્વીનું પાલન કરશો, પ્રજાઓને સદાચારથી રાજી રાખશો અને સંબંધીઓમાં સમદૃષ્ટિથી વર્તશો તો તમને કલ્યાણ અને કીર્તિ પ્રાપ્ત થશે.[૧૮] પણ એથી ઉલટી રીતે ચાલશો તો જગતમાં નિંદાના પાત્ર બનીને અંતે નરકમાં પડશો. માટે પાંડવોમાં અને પોતાના પુત્રોમાં સમદૃષ્ટિથી વર્તજો.[૧૯] હે રાજા ! આ જગતમાં કદી પણ કોઈની સાથે નિરંતર સહવાસ રહેતો નથી. પોતાના દેહની સાથે પણ સહવાસ રહેતો નથી ત્યારે બીજાં સ્ત્રી અને પુત્રાદિકની સાથે ન રહે તેમાં શું જ કહેવું ?[૨૦] જીવ એકલો જ જન્મે છે અને એકલો જ પાપ અને પુણ્ય ભોગવે છે.[૨૧] જેમ બીજાં જળચર પ્રાણીઓ માછલાનાં જીવનરૂપ જળને લઈ જાય છે, તેમ અલ્પ બુદ્ધિવાળા માણસે અધર્મથી ભેગા કરેલા ધનને તેના પુત્રાદિક લોકો અમો પોષણ કરવા યોગ્ય છીએ, આવા બહાનાથી હરી જાય છે.[૨૨] જેઓને પોતાના સમજી અધર્મથી પોષણ કરે છે તે પ્રાણ, ધન અને પુત્રાદિક લોકો તે પોષણ કરનારા મૂર્ખ માણસને ભોગનું સુખ ન મળ્યું હોય તે પહેલાં જ છોડી દે છે.[૨૩] પ્રાણ, ધન અને પુત્રાદિકે છોડી દીધેલો પોતાના સાચા સ્વાર્થને નહીં સમજનાર, સ્વધર્મથી વિમુખ અને જેનું પ્રયોજન સિદ્ધ થયું નથી એવો તે માણસ પોતે કરેલા પાપને જ સાથે લઈને નરકમાં પડે છે.[૨૪] માટે હે રાજા ! આ દેહને તથા લોકને સ્વપ્નની પેઠે અનિત્ય જાણીને બુદ્ધિથી મનને વશ રાખતાં શાંતિ ધરી સમદૃષ્ટિ રાખો.[૨૫]

ધૃતરાષ્ટ્ર કહે- હે અક્રૂરજી ! મનુષ્ય જેમ અમૃત પીવાથી તૃપ્તિ ન પામે તેમ હું તમે કહેલી આ શુભ વાણીથી તૃપ્ત થતો નથી.[૨૬] હે સૌમ્ય ! તમારી વાણી મને બહુ જ સારી લાગે છે, તોપણ પુત્રો ઉપર સ્નેહથી વિષમ થયેલા મારા ચંચલ હૃદયમાં સુદામા પર્વતની દિશામાં થએલી વીજળીની પેઠે સ્થિર રહેતી નથી.[૨૭] જે ઈશ્વર પૃથ્વીનો ભાર ઉતારવા સારૂ યદુકુળમાં જન્મ્યા છે, તેમણે જે ધાર્યું હશે તેને ફેરવી નાખવાને કયો પુરૂષ સમર્થ છે ?[૨૮] સમજવામાં ન આવે એવી લીલાથી જ બનાવેલા સંસારરૂપ ચક્રને ગતિ આપનાર જે ઈશ્વર, તર્કમાં ન આવે એવા માર્ગવાળી પોતાની માયાથી આ જગતને સ્રજી તેમાં પ્રવેશ કરીને કર્મોના ફળને વિભાગ પૂર્વક આપે છે, તે પરમેશ્વરને પ્રણામ કરૂં છું.[૨૯]

શુકદેવજી કહે છે- હે રાજા ! અક્રૂરજી આ પ્રમાણે ધૃતરાષ્ટ્ર રાજાનો અભિપ્રાય જાણી સંબંધીઓની અનુજ્ઞા લઈને પાછા મથુરામાં આવ્યા અને પાંડવો વિષે ધૃતરાષ્ટ્રની જે વર્તનકથા તે જાણવાને માટે પોતાને મોકલ્યા હતા, તે પાંડવોની સર્વે વાત બળદેવજી અને કૃષ્ણની આગળ કહી દેખાડી.[૩૦-૩૧]

शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम् । पांडवान् प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयम् ॥३१॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમસ્કંધનો ઓગણપચાશમો અધ્યાય સંપૂર્ણ.**

# ઇતિ દશમસ્કંધ પૂર્વાર્ધ સમાપ્તમ્